પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૨-૨-૨૦૨૬, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક: ૨૮૬

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

વ્યકિત સારી લાગે તેના કરતાં વ્યકિત મારી લાગે ને ત્યારે સંબંધ સાચો બાકી બધો સ્વાર્થનો સંબંધ છે.

**સરકારને ઢંઢોળવા ગાંધીનગરમાં સોમવારે કોંગ્રેસની જંગી સભા**

(વાંચો છેલ્લા પાને)

### વિકાસ કરનારાઓને કોઈપણ જાતની મંજૂરીની જરૂરિયાત નથી

# ટીપી કે એન.એ. ન થયું હોય તો પણ જરૂરિયાત હોય તો જમીનનો ઉપયોગ કરી શકાશે

### નવા નિર્ણયથી રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટેની પ્રક્રિયા ઘણી સરળ અને ઝડપી બનશે: રાષ્ટ્રીય રિયલ એસ્ટેટ કંપનીઓ ગુજરાતમાં પ્રવેશ કરશે

**અબતક, રાજકોટ**

સરકાર રાજ્યમાં પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ થાય અને વહીવટી પ્રક્રિયા સરળ બને તે માટે એક ક્રાંતિકારી ફેરફાર કરવા જઈ રહી છે. તાજેતરમાં સરકારે ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ આવતા વિસ્તારોમાં બિન-ખેતી પ્રમાણપત્ર મેળવવાની ફરજિયાત જરૂરિયાતને નાબૂદ કરવા પર સક્રિયપણે વિચારણા બાદ હવેપરમિટેડ ટિલ પ્રોહિબિટેડ પોલિસી અંગે વિચારણા કરી રહી છે. આ એક મોટો અને મહત્વપૂર્ણ ફેરફાર છે જે રિયલ એસ્ટેટ, શહેરી વિકાસ અને જમીન વપરાશના નિયમોમાં આવી શકે છે.એટલે હવે વિકાસ કરનારાઓને કોઈપણ જાતની મંજૂરીની જરૂરિયાત નથી. ટીપી કે એનએ ન થયું હોય તો પણ જરૂરિયાત હોય તો જમીનનો ઉપયોગ તાકીદે કરી શકાશે.

આ નિર્ણયથી રહેણાંક, વ્યાપારી અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટેની પ્રક્રિયા ઘણી સરળ અને ઝડપી બનશે.



ગાંધીનગરમાં મળેલી ઉચ્ચ સ્તરની બેઠકમાં કેન્દ્ર સરકારના અધિકારીઓ અને રાજ્યના તમામ વિભાગોના સચિવો હાજર હતા. ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને ખાતરી આપી છે કે ટાઉન પ્લાનિંગ સ્કીમો (ડ્રાફ્ટ અને ફાઈનલ બંને) હેઠળ આવતા વિસ્તારોમાં એનએ પ્રમાણપત્ર લેવાની ફરજિયાત જોગવાઈને દૂર કરવાની સાથે કેન્દ્ર સરકારની ભલામણોને આધારે ગુજરાત સરકાર ડિમાન્ડ-ડ્રિવન લેન્ડ યુઝ (માંગ આધારિત જમીન વપરાશ) અને 'પરમિટેડ અનટિલ પ્રોહિબિટેડ' સિદ્ધાંત અપનાવવાનું વિચારી રહી છે. આનો અર્થ એ થાય છે કે જમીન પર કોઈપણ પ્રકારનો વિકાસ અથવા બાંધકામ મંજૂર માનવામાં આવશે, સિવાય કે તેને સ્પષ્ટપણે પ્રતિબંધિત કરવામાં

(અનુ. આઠમા પાને)

**શું ફાયદાઓ થશે**

૧. રહેણાંક, વ્યાપારી, ઔદ્યોગિક પ્રવુતિઓને પ્રોત્સાહન મળશે.
૨. માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યો હોય ત્યારે પણ બાંધકામ શરૂ કરી શકાશે.
૩. નોન-એગ્રીકલ્ચર પરમિટની જરૂરિયાત ટાઉન પ્લાનિંગ વિસ્તારોમાં ઘટાડવાની દિશામાં પગલાં લેવામાં આવી રહ્યા છે જેથી રિયલ એસ્ટેટ વેગવંતો બનશે.

# "ભારત બંધ"ની ગુજરાતમાં કોઈ અસર નહીં: બેન્ક હડતાલથી કરોડોના વ્યવહાર ખોરવાયા

### અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં ખેડૂત સંગઠનો અને ટ્રેડ યુનિયન દ્વારા અપાયું છે ભારત બંધનું એલાન: ૪ લેબર કોડ રદ કરવાની માંગ સાથે રાજયની ૩૬૭૮ બેન્કોની શાખાના ૨૫૦૦૦ કર્મચારીઓ હડતાલમાં જોડાયા: સુત્રોચ્ચાર

**અબતક, રાજકોટ**

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલથી દેશના ખેડુતોને ભારે નુકશાની થવાની ભીતિના વિરોધમાં આજે વિવિધ ખેડુત સંગઠનો અને દેશના ૧૦ મુખ્ય ટ્રેડ યુનિયન દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેની ગુજરાત પર કોઈ અસર જોવા મળી નહતી. સરકારી કચેરીઓમાં બંધની અસર થોડા ઘણા અંશેજોવા મળી હતી. પરંતુ બજારો ખૂલ્લી રહી હતી. બીજી તરફ ચાર લેબર કોડ રદ કરવાની માંગ સાથે આજે બેંક કર્મચારીઓની હડતાલથી રાજયમાં કરોડો રૂપીયાના વ્યવહાર ખોરવાય ગયા હતા. બેંક કર્મચારીઓ અને એલઆઈસી કર્મચારીઓએ સુત્રોચ્ચાર પોકાર્યા હતા. વીજ કર્મચારીઓ પણ અર્ધા કલાક માટે હડતાલમાં જોડાયા હતા. જોકે વીજ પુરવઠા પર કોઈજ અસર પડી ન હતી.

કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલથી ખેડુતોને મોટી નુકશાની થવાની દહેશત, નવા શ્રમ કાયદાના વિરોધમાં આજે સંયુકત કિસાન મોરચા ઉપરાંત દેશના ૧૦ મુખ્ય ટ્રેડ યુનિયન જેવા કે આઈએનટીયુસી, એઆઈટીયુસી, સીઆઈટીયુ અને એચએમએસ દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. બંધ દરમિયાન કરોડો કામદારો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ભારત બંધની ગુજરાતમાં કોઈજ અસર દેખાય ન હતી. સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ બંધ જોવા મળી હતી પરંતુ મુખ્ય બજારો ખૂલ્લી જ રહી હતી. બંધનું એલાન ગુજરાતમાં એકંદરે નિષ્ફળ રહ્યું હતુ. બીજી તરફ નવા શ્રમ કાયદાના વિરોધમાં આજે બેંક કર્મચારીઓ પણ હડતાલ પર ઉતર્યા છે. ચાર લેબર કોડને રદ કરવાની માંગ કરી રહ્યા છે. રાજયમાં અલગ અલગ બેંકોની ૩૬૭૮ શાખાના ૨૫ હજારથી વધુ કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા. ૧૫ હજાર કરોડથી વધુના વ્યવહારો ખોરવાય ગયા હતા.




બેંક યુનિયનો દ્વારા આપવામાં આવેલા દેશ વ્યાપી બેંક હડતાલ સંદર્ભે આજે સવારે રાજકોટમાં બેંક ઓફ બરોડાની મુખ્ય બ્રાન્ચ ખાતે બેંક કર્મચારીઓ એકત્રીત થયા હતા. અને ઉગ્ર દેખાવો કર્યા હતા. જયારે ભારત બંધના એલાન સંદર્ભે સેન્ટ્રલ ટ્રેડ યુનીયન અને એલઆઈસીના કર્મચારીઓએ સાથે મળી સીવીલ હોસ્પિટલ ચોક ખાતે ધરણા કાર્યક્રમ યોજાયો હતો. બીજી તરફ ખાનગીકરણના વિરોધમાં આજે વિજ કર્મચારીઓ પણ હડતાલ પર છે. ગુજરાતના ૪૫ હજારથી વધુ વીજ કર્મચારીઓએ બપોરે અર્ધા કલાક પ્રતિકાત્મક વિરોધ કર્યો હતો જોકે વિજ પુરવઠો ચાલુ રાખવામાં આવ્યો હતો.

# સીધા કરવેરાએ સરકારની તિજોરી આશરે રૂ.૧૯.૪૪ લાખ કરોડથી છલકાવી દીધી



### ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૯.૪%નો ઉછાળો: કોર્પોરેટ ટેક્સની આવકે પર્સનલ ઈન્કમ ટેક્સને પાછળ રાખ્યો, અર્થતંત્રમાં તેજીના સ્પષ્ટ સંકેત: બજેટ અંદાજનો ૮૭% લક્ષ્યાંક અત્યારથી જ પૂર્ણ

**અબતક, નવી દિલ્હી**

ભારતીય અર્થતંત્રની મજબૂતી અને વેપાર-ઉદ્યોગમાં જોવા મળી રહેલી તેજીના પરિણામે ચાલુ નાણાકીય વર્ષમાં સરકારની આવકમાં જબરદસ્ત વધારો નોંધાયો છે. આવકવેરા વિભાગ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા મુજબ, ૧૦ ફેબ્રુઆરી સુધીમાં દેશનું નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન (પ્રત્યક્ષ કરવેરાની આવક) ૯.૪% વધીને રૂ. ૧૯.૪૪ લાખ કરોડના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે. આ આંકડા સરકાર માટે અત્યંત રાહતરૂપ છે કારણ કે કોર્પોરેટ જગતની કમાણીમાં થયેલો વધારો સીધો ટેક્સ કલેક્શનમાં પ્રતિબિંબિત થઈ રહ્યો છે.

- **કુલ નેટ કલેક્શન : રૂ. ૧૯.૪૪ લાખ કરોડ**
- **વૃદ્ધિ દર : ૯.૪%**
- **ગ્રોસ કલેક્શન : રૂ. ૨૨.૩૬ લાખ કરોડ**
- **રિફંડ ઈશ્યુ કરાયા : રૂ. ૨.૯૨ લાખ કરોડ**
- **બજેટ લક્ષ્યાંક સિદ્ધ : ૮૬.૯%**

આ વખતના આંકડામાં સૌથી રસપ્રદ બાબત એ છે કે કોર્પોરેટ ટેક્સ કલેકશનની વૃદ્ધિ પર્સનલ ઈન્કમ ટેક્સ કરતા વધુ રહી છે. સામાન્ય રીતે વ્યકિતગત કરવેરાનો ફાળો વધુ જોવા મળતો હોય છે, પરંતુ આ વર્ષે કંપનીઓના નફામાં થયેલા વધારાને કારણે કોર્પોરેટ ટેક્સમાં મજબૂત ઉછાળો આવ્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના ડેટા સૂચવે છે કે ગ્રોસ કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૧૦% થી વધુ વધ્યું છે, જે ભારતીય કંપનીઓની આર્થિક સદ્દરતા દર્શાવે છે.

**બજેટના લક્ષ્યાંકની નજીક પહોંચતી સરકાર**

નાણામંત્રી નિર્મલા સીતારમણે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ડાયરેક્ટ ટેક્સનો કુલ લક્ષ્યાંક રૂ. ૨૨.૦૭ લાખ કરોડ રાખ્યો હતો. હાલમાં રૂ. ૧૯.૪૪ લાખ કરોડની આવક સાથે સરકારે આ લક્ષ્યાંકના આશરે ૮૬.૯% જેટલો

(અનુ. આઠમા પાને)

**શું સૂચવે છે આ તેજી?**

- **મજબૂત કોર્પોરેટ કમાણી:** કોર્પોરેટ ટેક્સમાં ઉછાળો એ સાબિત કરે છે કે ભારતીય કંપનીઓના નફામાં મોટો વધારો થયો છે.
- **રિફંડમાં ઝડપ:** કરદાતાઓને સમયસર રિફંડ મળવાથી સિસ્ટમ પરનો ભરોસો વધ્યો છે, જેના કારણે ટેક્સ ભરવાનું પ્રમાણ વધ્યું છે.
- **ફિસ્કલ ડેફિસિટમાં રાહત:** સરકારની તિજોરી ભરાતા રાજકોષીય ખાધ નિયંત્રણમાં રાખવામાં મદદ મળશે, જે દેશના વિકાસ કાર્યો માટે જરૂરી ભંડોળ પૂરું પાડશે.

# લાલ કિલ્લા ઉપરનો હુમલો પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ આતંકવાદીએ જ કર્યો હતો

### પાકિસ્તાન માત્ર જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનોને જ સક્રિય જ નથી કરતા પણ તેમાં મહિલાઓને જોડી રહ્યા છે

**અબતક, દિલ્હી**

સંયુકત રાષ્ટ્રના એક લેટેસ્ટ રિપોર્ટમાં પાકિસ્તાનની પોલ ખુલી પડી ગઈ છે. પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ' હજુ પણ જીવંત છે અને તે ભારતમાં આતંકી હુમલાઓમાં સામેલ છે. રિપોર્ટ મુજબ દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા હુમલામાં જૈશ-એ-મોહમ્મદનો હાથ હતો. આતંકી મૌલાના મસૂદ અઝહરે 'જમાત-ઉલ-મોમિનાત' નામની ખાસ મહિલા આતંકી પાંખ બનાવવાની જાહેરાત કરી છે, જેનો હેતુ હુમલાઓમાં મદદ કરવાનો છે.



પાકિસ્તાને આ રિપોર્ટનો જોરદાર વિરોધ કર્યો અને જૂઠું બોલ્યું કે આ સંગઠન હવે ખતમ થઈ ગયું છે. પરંતુ દુનિયાના અન્ય દેશોએ ભારતની વાત માની છે.

પાકિસ્તાન ઈચ્છતું હતું કે બલોચ લિબરેશન આર્મી ને આતંકી જાહેર કરવામાં આવે, પણ યુએન એ પુરાવા વગર એ માનવાની ના પાડી દીધી. એકતરફ પાકિસ્તાન દુનિયાને કહે છે કે તેની ધરતી પર કોઈ આતંકીઓ નથી, જ્યારે બીજી તરફ સંયુક્ત રાષ્ટ્રના પુરાવા કહે છે કે જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનો માત્ર સક્રિય જ નથી, પણ હવે મહિલાઓને પણ

(અનુ. આઠમા પાને)

# છેલ્લા પાંચ વર્ષમાં સાયબર ગુનાની ફરિયાદોની સંખ્યા ૬૬ લાખ: લોકોએ રૂ.૫૫૦૦૦ કરોડથી વધુ ગુમાવ્યાં

### સાયબર પોલીસ સતર્કતાથી ૮,૦૦૦ કરોડથી વધુની રકમ બ્લોક કરી લોકોના નાણાં સુરક્ષિત કર્યા

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનની સાથે સાયબર છેતરપિંડીના બનાવોમાં પણ ભયજનક વધારો થયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં દેશભરમાં સાયબર ફ્રોડની કુલ ૬૫.૯ લાખ ફરિયાદો નોંધાઈ છે. આ છેતરપિંડીઓમાં ભારતીય નાગરિકોએ કુલ ₹૫૫,૬૫૯ કરોડ જેટલી માતબર રકમ ગુમાવી છે.

ગૃહ રાજ્ય મંત્રી બંડી સંજય કુમારે લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, સાયબર ગુનાઓનું પ્રમાણ દર વર્ષે વધી રહ્યું છે.વર્ષ ૨૦૨૧માં માત્ર ૨.૬ લાખ ફરિયાદો હતી, જે વર્ષ ૨૦૨૫માં વધીને ૨૪ લાખને પાર



કરી ગઈ છે.વર્ષ ૨૦૨૧માં નાણાકીય નુકસાન ₹૫૫૧ કરોડ હતું, જે ૨૦૨૫માં વધીને ₹૨૨,૪૯૫ કરોડ સુધી પહોંચ્યું છે.

જોકે, સાયબર પોલીસ અને 'ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર' (I4C) ની સક્રિયતાને કારણે મોટી સફળતા પણ મળી છે નેશનલ સાયબર

(અનુ. આઠમા પાને)

### ફ્લેમિંગોએ ઘર બદલ્યા

# નળસરોવરમાં યાયાવર પક્ષીઓની સંખ્યા ૭ લાખથી વધુ: ફ્લેમિંગોએ કચ્છને પોતાનું ઘર બનાવ્યું


### થોળમાં ૭૪,૪૦૦ પક્ષીઓ જોવા મળ્યા છે, જે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ અને ફ્લેમિંગો આ વખતે નળસરોવર અને થોળમાં માત્ર ૧,૬૨૨ જ જોવા મળ્યા

**અબતક, અમદાવાદ**

કુદરત હંમેશા શાંતિ અને સુરક્ષાની શોધમાં હોય છે. ગુજરાતના સુપ્રસિદ્ધ રામસર સાઈટ્સ એવા નળસરોવર અને થોળમાં આ વર્ષે પક્ષીઓની સંખ્યાએ ઐતિહાસિક સપાટી વટાવી છે. માનવીય ખલેલ ઓછી થતા પક્ષીઓએ આ જળાશયોને પોતાનું ઘર તો બનાવ્યું, પરંતુ કુદરતની કરામત જુઓ કે જે ફ્લેમિંગો આ તળાવોની શાન ગણાતા, તેમણે આ વખતે રણની મધરાતે ખીલતા ગુલાબી આકાશ જેવું કચ્છનું રણ પસંદ કર્યું છે.

**શા માટે ફ્લેમિંગો માટે 'કચ્છ' ફેવરિટ બન્યું?**

**કૃત્રિમ માળાઓની કમાલ:** વન વિભાગે ૨૦૨૦-૨૧માં કચ્છમાં ૧૦ મોટા પ્લેટફોર્મ બનાવ્યા. આ પ્લેટફોર્મને કારણે ભારે વરસાદમાં પણ પક્ષીઓના ઈંડા ધોવાઈ જતા નથી અને સુરક્ષિત રહે છે. જો વરસાદ ઓછો હોય અને પાણી સુકાવા લાગે, તો વન વિભાગ ટેન્કર દ્વારા પાણી ભરીને પક્ષીઓ માટે જળાશય જીવંત રાખે છે. આ મહેનતને કારણે કચ્છમાં લાખોની સંખ્યામાં ફ્લેમિંગોના બચ્ચાઓનો ઉછેર થયો છે. સુરક્ષિત ઘર અને પૂરતો ખોરાક મળતા ફ્લેમિંગો હવે નળસરોવરને બદલે કચ્છને વધુ પસંદ કરી રહ્યા છે.



પક્ષીઓના આ બદલાયેલા મૂડ પાછળના કારણો રોમાંચક પણ છે અને વિચારતા કરી દે તેવા પણ છે. નળસરોવરના ઈતિહાસમાં ક્યારેય ન જોયા હોય તેટલા ૬.૪૨ લાખ પક્ષીઓના કલરવથી આખું વાતાવરણ જીવંત બન્યું છે. જોકે, આ આંકડાકીય ખુશીની વચ્ચે પક્ષીપ્રેમીઓ માટે એક માઠા સમાચાર એ છે કે, જેમના માટે પ્રવાસીઓ નળસરોવરની વાટ પકડતા હતા, એવા 'સુરખાબ' (ફ્લેમિંગો) એ આ વખતે અમદાવાદને બદલે કચ્છના રણને પોતાની કર્મભૂમિ બનાવી છે.

અમદાવાદ નજીક આવેલા વિશ્વવિખ્યાત નળસરોવર અને થોળ પક્ષી અભયારણ્યમાં કુલ મળીને ૭.૨ લાખ જેટલા પક્ષીઓ નોંધાયા છે, જે એક મોટો રેકોર્ડ છે. જોકે, આ આનંદની વચ્ચે એક ''હાર્ટબ્રેક'' સમાચાર એ છે કે આ બંને જગ્યાએથી આ વખતે 'ફ્લેમિંગો' (સુરખાબ) ગાયબ જોવા મળ્યા છે. અહીં ૬.૪૨ લાખ પક્ષીઓ નોંધાયા છે, જે અત્યાર

(અનુ. આઠમા પાને)

**નળસરોવર-થોળમાં પક્ષીઓ કેમ વધ્યા?**

વડોદરાની હરણી હોડી દુર્ઘટના બાદ નળસરોવરમાં બોટિંગ બંધ કરવામાં આવ્યું છે. પ્રવાસીઓ અને હોડીઓનો ઘોંઘાટ ઘટતા પક્ષીઓને ત્યાં વધુ સુરક્ષિત અને શાંતિનો અનુભવ થયો. જ્યારે માણસોની અવરજવર ઓછી હોય, ત્યારે પક્ષીઓ લાંબો સમય રોકાય છે અને મોટી સંખ્યામાં એકઠા થાય છે. નળસરોવરનો રેકોર્ડબ્રેક આંકડો સાબિત કરે છે કે કુદરતને જો ખલેલ ન પહોંચાડવામાં આવે, તો પક્ષીઓની સંખ્યા આપોઆપ વધે છે.

## નિયમિત આલિંગન રોગપ્રતિકારક શક્તિ વધારે

# માત્ર શબ્દો પૂરતા નથી હોતા, ક્યારેક હૃદયની વાત કહેવા માટે એક ''હગ'' જ કાફી: હેપ્પી હગ ડે

### આલિંગન કરતી વખતે શરીરમાં ઓક્સીટોસિન નામનું હોર્મોન છૂટે છે, જેને ''લવ હોર્મોન'' પણ કહેવામાં આવે છેઃ આ હોર્મોન બ્લડ પ્રેશર ઘટાડે છે અને હૃદયના ધબકારા સામાન્ય રાખે છે

દુનિયાભરમાં ફેબ્રુઆરી મહિનો પ્રેમનો મહિનો ગણાય છે. યુવા વર્ગ વેલેન્ટાઈન સપ્તાહ ઉજવણીમાં ઉમંગ સાથે ભાગ લેતા હોય છે. વિવિધ દિવસે ઉજવણીમાં પોતાના ગમતા પાત્રની સાથે ઉજવણી કરે છે. આજે હગ ડે છે, ત્યારે માતા બાળકનું હગ દુનિયાની શ્રેષ્ઠ પળ હોય છે.

આલિંગન દિવસ એ માત્ર એક દિવસ નહીં, પરંતુ લાગણીઓની ઉષ્માને વ્યક્ત કરવાનો એક સુંદર અવસર છે. એક સાદું આલિંગન દિલની ઘણી વાતો કહી જાય છે. શબ્દો વગર પણ પ્રેમ, વિશ્વાસ અને નજીકપણું અનુભવી શકાય છે. જ્યારે કોઈ ખાસ વ્યક્તિ તમને પ્રેમથી ભેટી પડે છે, ત્યારે જીવનની તમામ ચિંતાઓ થોડા પળ માટે ગાયબ થઈ જાય છે અને હૃદયમાં માત્ર સુખદ શાંતિ છવાઈ જાય છે.

હગ ના શારીરિક ફાયદા પણ છે, આલિંગન કરતી વખતે શરીરમાં ઓક્સીટોસિન નામનું હોર્મોન છૂટે છે, જેને ''લવ હોર્મોન'' પણ કહેવામાં આવે છે. આ હોર્મોન બ્લડ પ્રેશર ઘટાડે છે અને હૃદયના ધબકારા સામાન્ય રાખે છે. નિયમિત આલિંગન રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને શરીરને ચેપ સામે લડવાની તાકાત આપે છે.




તણાવના સમયે કોર્ટિસોલ નામનું હોર્મોન ઘટે છે, જેનાથી શરીર વધુ રાહત અનુભવે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે આલિંગન આપણને એક બીજા સાથે જોડાયેલા, પ્રેમભર્યા અને ટેકો આપનાર બનાવે છે. આલિંગન આપણા આત્માને ઉત્તેજીત કરી શકે છે અને આરામ આપી શકે છે, જે આ દિવસને દરેક માટે હૃદયસ્પર્શી ઉજવણી બનાવે છે. ૧૯૮૬માં રાષ્ટ્રીય આલિંગન દિવસનો વિચાર રજૂ કરવાનો શ્રેય રેવ કેવિન ઝાબોર્નીને જાય છે. જેઝના ઈવેન્ટ્સના કેલેન્ડરમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન , મીડિયામાં આલિંગનના વિકલ્પો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આલિંગનના શારીરિક અને માનસિક સ્વાથ્ય માટેના ફાયદા પણ છે. આલિંગન મગજમાં સેરોટોનિન અને ડોપામિન જેવા સુખદ રસાયણો ઉત્પન્ન કરે છે, જે મૂડ સુધારે છે અને ડિપ્રેશન ઘટાડે છે. એકલતા અને અસુરક્ષાની લાગણી ઓછી થાય છે. પોતાપણું અને આત્મવિશ્વાસ વધે છે. આલિંગન બાળકોના વિકાસ માટે ખૂબ જરૂરી છે - તેમને ભાવનાત્મક સુરક્ષા અને સ્થિરતા મળે છે.

આલિંગન એ સંબંધોની મીઠાશ વધારતું એક નિર્ભર પ્રતિક છે. તેમાં કોઈ દેખાવ નથી, માત્ર સચ્ચાઈ અને લાગણી હોય છે. એક પ્રેમાળ ભેટી લેવાથી દિલ વધુ નજીક આવે છે અને સંબંધોમાં નવી તાજગી ફૂંકાય છે. રાષ્ટ્રીય આલિંગન દિવસ આપણને યાદ અપાવે છે કે પ્રેમ વ્યક્ત કરવા માટે ક્યારેક શબ્દો નહીં, પરંતુ એક હળવું અને હૃદયસ્પર્શી આલિંગન પૂરતું હોય છે. નિયમિત આલિંગન પરિવાર અને મિત્રો સાથેના સંબંધો મજબૂત બનાવે છે. વિશ્વાસ અને સાનિધ્ય વધે છે. શબ્દો વગર પ્રેમ અને કાળજીનો સંદેશ પહોંચાડી શકાય છે. નિષ્ણાતો સૂચવે છે કે દિવસમાં ઓછામાં ઓછા ૪-૫ આલિંગન તંદુરસ્તી માટે ફાયદાકારક છે. આ એક સરળ અને કુદરતી રીત છે સ્વાસ્થ્ય સુધારવાનો રસ્તો છે.



આલિંગન એ પ્રેમ, સ્નેહ અને આરામની પ્રાચીન અભિવ્યક્તિ છે, જે માનવ સંસ્કૃતિના શરૂઆતથી જ અસ્તિત્વમાં છે. આ શબ્દનો ઉદ્ભવ'આલિંગન' શબ્દ અંગ્રેજી 'હગ' પરથી આવ્યો છે, જે જૂના નોર્સ ભાષાના 'હગ્ગા' શબ્દ ઉપરથી ઉદ્ભવ્યો છે, જેનો અર્થ થાય છે આરામ આપવો. ૧૭મી સદીમાં કુસ્તીની પકડ દર્શાવવા માટે વપરાતો હતો, પરંતુ ૧૬૫૦ના દાયકામાં તેનો વર્તમાન સ્નેહનો અર્થ સ્થાપિત થયો. પ્રેમી જયારે પણ એકબીજાની નજીક આવે છે, ત્યારે તેમની વચ્ચે હવાને પણ સ્થાન નથી મળતું. સાંસ્કૃતિક મહત્ત્વ માનવ ઈતિહાસમાં આલિંગન પ્રેમ અને લાગણીનું પ્રતીક રહ્યું છે, જેમ કે માતા-બાળકનું આલિંગન પૃથ્વીનું સૌથી સુંદર દ્રશ્ય ગણાય છે. વૈશ્વિક સ્તરે 'ઈન્ટરનેશનલ હગિંગ ડે' જુલાઈના ત્રીજા સોમવારે ૨૦૦૮થી ઉજવાય છે, જે મિશેલ નિકોલ્સન દ્વારા તેમના પુત્રના અવસાન પછી શરૂ થયો હતો. આજનો દિવસ એટલે આલિંગન દ્વારા સાથીને પ્રેમની અનુભૂતિ કરવવાની હોય છે, અને આ દિવસ એટલે ગાઢ આલિંગન આપવાનો દિવસ. હેપી હગ ડે એ માત્ર શબ્દો કે વસ્તુઓ દ્વારા જ ઉજવવામાં નથી આવતો પરંતુ, આ દિવસને પોતાના સાથીને એક ગાઢ આલિંગન આપીને પ્રેમની વિશ્વાસનિયતાનો ખ્યાલ કરવવાનો આવે છે. ભારતીય સંસ્કૃતિમાં આલિંગન પરંપરાગત રીતે મર્યાદિત છે, જયાં નમસ્કાર જેવા અસ્પર્શીય અભિવાદનને વધુ પ્રાધાન્ય મળે છે, પરંતુ તે કુટુંબીય સ્નેહ અને તહેવારોમાં મહત્વ ધરાવે છે. પરંપરાગત મર્યાદા ભારતીય સંસ્કૃતિમાં આલિંગનને વ્યક્તિગત જગ્યા અને સંયમના કારણે ઓછું સ્વીકારવામાં આવે છે, ખાસ કરીને વિપરીત લિંગ વચ્ચે કે જાહેર સ્થળોએ. ગ્રામીણ વિસ્તારો અને વડીલો પેઢીમાં નમસ્કાર અથવા હાથ મિલાવવાની પ્રથા વધુ પ્રચલિત છે, જે માન-સન્માન અને શિષ્ટાચારને દર્શાવે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

કુટુંબ અને તહેવારોમાં તેની ભૂમિકામાં કુટુંબમાં, ખાસ કરીને માતા-બાળક કે નજીકના સંબંધીઓ વચ્ચે આલિંગન પ્રેમ, આરામ અને સુરક્ષાનું પ્રતીક છે. તહેવારો જેમ કે ઈદ, દિવાળી કે હોળીમાં તે આનંદ, માફી અને એકતાને વ્યક્ત કરે છે, જેમ કે ઈદમાં મુસ્લિમ સમુદાયમાં ભાઈચારો દર્શાવવા માટે. આધુનિક પરિવર્તનના યુગમાં શહેરી વિસ્તારોમાં પશ્ચિમી અસર, બોલિવુડ અને સોશિયલ મીડિયાને કારણે યુવા પેઢીમાં આલિંગન વધુ સ્વીકાર્ય બન્યું છે, ખાસ કરીને મિત્રો અને કોલેજીઓમાં ક્રેઝ વધતો જોવા મળે છે. જો કે, વ્યક્તિગત સંમતિ અને સંદર્ભને હંમેશા ધ્યાનમાં લેવું જરૂરી બને છે. એક હગ ભલે નાનું હોય, પણ તેમાં આખી દુનિયાનો પ્રેમ સમાયેલો હોય છે. ગમતા પાત્રને ગળે મળવાથી જે સુકૂન મળે છે, તે દુનિયાની કોઈ બીજી વસ્તુમાં નથી. આલિંગન એક એવું વર્તન છે જેનાથી નાના બાળકોને તેની માતા આત્મવિશ્વાસ આપે છે, એક પિતા તેની પુત્રીને દુનિયાની સૌથી મોટી ખુશીનો આહેસાસ કરાવે છે, જ્યારે આ જ આલિંગન પ્રેમમાં ખૂબ મહત્વનુ સ્થાન ધરાવે છે, જેમાં સાથીને કોઈ વસ્તુ કે શબ્દો દ્વારા નહીં પરંતુ પોતાના પ્રેમભર્યા સ્પર્શ એને ગાઢ આલિંગન દ્વારા પ્રેમની અનુભૂતિ કરાવે છે. આ રીતે જે પ્રેમીઓ પ્રેમના પારખા નથી કરતાં તે એકબીજામાં પૂરો વિશ્વાસ રાખે છે, તેઓ માત્ર આ રીતે એક બીજાને એક ચુસ્ત આલિંગન આપી લાગણી વ્યક્ત કરતાં હોય છે.

### વેલેન્ટાઈન વીકની ઉજવણી ઉપરાંત ૨૧મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય હગ દિવસ અને જુલાઈના ફર્સ્ટ વિકમાં વૈશ્વિક દિવસ ઉજવાય છે

# ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત મહામંત્રી માંડવીના ધારાસભ્ય અનિરુધ્ધ દવેનું પરિચય બેઠકમાં ઉષ્માભેર સ્વાગત

### જનસંઘના સ્થાપના કાળથી દેશ વિશ્વગુરૂ બને, ફરીથી સોનાની ચીડિયા બને, ભારતમાતા પરમ વૈભવના શિખરે પહોચે, દેશમાં દૂધની નદીઓ વહે તેવુંસ્વપન છેઃ અનિરૂધ્ધ દવે



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપાના નવનિયુક્ત મહામંત્રી તથા કચ્છ માંડવીના લોકપ્રિય ધારાસભ્ય અનિરુધ્ધભાઈ દવેના રાજકોટ જીલ્લાના પ્રવાસ સંદર્ભે નવામાર્કેટિંગ યાર્ડ, ગોંડલ ખાતે રાજકોટ જીલ્લા ભાજપની પ્રથમપરિચય બેઠકમાં રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ.

આપરિચયબેઠકમાંપ્રદેશ ઉપાધ્યક્ષ રમેશભાઈ ધડુક, પ્રફુલભાઈ ટોળીયા, રીનાબેન ભોજાણી, મુકેશભાઈ મેર, મોનાબા પરમાર જીલ્લાના હોદેદાર, જીલ્લા મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા સેલના કન્વીનર, સહ-કન્વીનર, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ,જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના ચુટાયેલા સભ્યઓ સહીત જીલ્લાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુકત મહામંત્રી અનિરુધ્ધભાઈ દવેએ ઉપસ્થિત કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી માટે સત્તા મધ્યસ્થાને નથી, ભાજપનું લક્ષ્ય સેવા-સંગઠન જ મહત્વનું છે. જનસંઘના સ્થાપના કાળથી દેશ વિશ્વગુરુ બને, ફરીથી સોનાની ચીડિયા બને, ભારતમાતા પરમ વૈભવના શિખરે પહોચે, દેશમાં દૂધની નદીઓ વહે તેવું જનસંઘ અને ભાજપાનું સ્વપન છે.

આ બેઠકમાં રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, પાર્ટીનો પ્રત્યેક કાર્યકર્તા સંગઠનાત્મક રીતે કુશળ છે. ભાજપામાં હોદો એ વ્યવસ્થા છે. સમગ્ર બેઠકનું સંચાલન જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યું હતું.

# વંદે માતરમને રાષ્ટ્રગાન જેટલું જ સન્માન આપવાના નિર્ણયને વધાવતું રાજકોટ જીલ્લા ભાજપ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનીકેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ગીત વન્દેમાતરમ રાષ્ટ્રગાન જન ગણ મન જેટલું જ સન્માન આપવા અને સત્તાવાર કાર્યક્રમોમાં તેને પૂર્ણ સન્માન સાથે ગાવાના પ્રોટોકોલને અમલી બનાવવાના ઐતિહાસિક નિર્ણયને વધાવતારાજકોટ જિલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા તથા તમામ કાર્યકર્તાઓ દ્વારા હર્ષભેર આવકારવામાં આવ્યો છે. આ ગીત ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનું જીવંત પ્રતીક રહ્યું છે અને આઝાદીની લડાઈમાં લાખો દેશભક્તો માટે પ્રેરણાનું ઝરણું બન્યું છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ બંધારણ સભામાં જાહેર કર્યું હતું કે ''જન ગણ મન'' ની જેમ જ ''વંદે માતરમ્'' ગીતને પણ સમાન દરજ્જો અને સન્માન આપવામાં આવશે.વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે કેન્દ્ર સરકાર દ્વારા જે નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, તેનાથી હવે તમામ સત્તાવાર કાર્યક્રમોમાં વંદેમાતરમ્ ગાતી વખતે પણ રાષ્ટ્રગાન જેટલો જ શિષ્ટાચાર અને સન્માન જાળવવામાં આવશે. આ નિર્ણયથી રાષ્ટ્રભક્તિની ભાવના વધુ પ્રબળ બનશે.

ઐતિહાસિક મહત્વબંકિમચંદ્ર ચેટર્જી દ્વારા૧૮૭૫માં રચાયેલું આ ગીત ભારતની આઝાદીની લડતમાં એક શક્તિશાળી સૂત્ર અને રાષ્ટ્રીય ઓળખનું પ્રતિક બની રહ્યું છે.

# વિસનગર સાકળચંદ પટેલ યુનિ.ના બીસીએ વિદ્યાર્થીઓને વ્યકિતત્વ વિકાસના ભણાવાયા પાઠ

**અબતક, રાજકોટ**

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની સી. જે. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ (બીસીએ) દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઈન્ટિગ્રેટેડ પર્સનાલિટી ડેવલપમેન્ટ કોર્સ અંતર્ગત એક દિવસીય એક્સપર્ટ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તારીખ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ નારોજ ઈન્ટિગ્રેટેડ પર્સનાલીટી ડેવલપમેન્ટ કોસ અને આત્મ શકિત વિષય પર યોજાયો હતો. આ એક્સપર્ટ સેશનમાં શ્રી વિનોદ બી. પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, મેકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ તથા કો-ઓર્ડિનેટર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિનોદભાઈ પટેલે તેમના વ્યાખ્યાનમાં વ્યક્તિગત વિકાસ, આત્મવિશ્વાસ, સકારાત્મક અભિગમ, લક્ષ્ય નિર્ધારણ, આત્મપ્રેરણા તથા વ્યક્તિત્વ ઘડતર જેવા મહત્વપૂર્ણ વિષયો પર પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તેમના અનુભવો અને ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને પોતાની આંતરિક શક્તિઓ ઓળખી આત્મવિકાસ તરફ આગળ વધવાની દિશા મળી.

આ એક્સપર્ટ સેશનમાં બીસીએ સેમેસ્ટર-૪ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેશન તેમના શૈક્ષણિક તેમજ વ્યક્તિગત વિકાસ માટે ખૂબ જ લાભદાયી સાબિત થયું હતું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ ડો. અભિજીતસિંહ જાડેજા એ આવા વ્યકિતત્વ વિકાસના કાર્યક્રમો વિદ્યાર્થીઓના ભવિષ્ય નિર્માણ માટે ઉપયોગી હોવાનું જણાવી વિદ્યાર્થીઓને શીખતા રહેવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી, ડો. પરિમલ ત્રિવેદી, બીસીએ કોલેજના પ્રિન્સીપાલ ડો. અભિજીતસિંહ જાડેજાએ શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમના સફળ આયોજન બદલ સંયોજક ડો. દિપિકા ઠાકર તથા બીસીએ કોલેજના સ્ટાફ અને ફેકલ્ટી સભ્યોને અભિનંદન.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૩.૨.૨૦૨૬, શુક્રવાર, સંવંત ૨૦૮૨, મહા વદ અગિયારસ, મૂળ નક્ષત્ર, વજ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્ય ની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ) :** શત્રુઓ થી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.

**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્ય માં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૨-૦૨-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુક્કુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૩-૦૨-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




**તા. ૧૩-૨ -૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ અગીયારસ વિજય એકાદશી
**નક્ષત્ર** મુળ
**યોગ** વ્રજ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૭.૨૦ **સુર્યાસ્તઃ** ૬.૪૨
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ.
**દિશાશૂળ** પશ્ચિમ દશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૩ | ૯ | | ૭ | ૮ | ૨ | |
| | ૯ | | ૫ | | ૩ | | ૭ | |
| | | | ૪ | | ૮ | | | |
| ૧ | ૩ | | | | | ૬ | | ૨ |
| | ૮ | ૨ | | ૩ | | ૫ | | ૭ |
| ૯ | | | ૨ | | | | ૩ | |
| | | ૬ | | ૭ | | ૨ | | |
| | ૨ | | | | ૯ | | ૫ | ૮ |
| | | | | | | ૩ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૩ | ૮ | ૯ |
| ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૭ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૧ | ૭ | ૪ | ૩ | ૮ |
| ૨ | ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૬ | ૪ | ૨ | ૫ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ |

# ૧૭ ફેબ્રુઆરીએ કંકણાકૃતિ સૂર્યગ્રહણ આવી રહ્યું છે

અગાઉ અત્રે લખ્યા મુજબ ૧૭ ફેબ્રુઆરીએ કંકણાકૃતિ સૂર્યગ્રહણ આવી રહ્યું છે અને પાંચ ગ્રહોની યુતિ થઈ રહી છે વળી શનિ અને નેપ્ચ્યુન સમાન ડિગ્રી પરથી પસાર થઈ રહ્યા છે ત્યારે અનેક ઘટના દરિયો અને ધરતી ધ્રૂજવાથી લઈને થાઈલેન્ડમાં ડે કેર સેન્ટરમાં ગોળીબારીમાં ૨૨ બાળકો સહીત ૩૪ લોકોના મૃત્યુ થયા છે જે ગોચર ગ્રહોની ગતિવિધિ સમજાવે છે તો આંતરિક ગેંગવોરથી લઈને ફરી એક વખત ગુન્હાખોરી માથું ઉંચકી રહી છે કેમકે ગ્રહણ દરમિયાન પાંચ ગ્રહોની યુતિ રાહુ અને કેતુની અસરમાં આવી રહી છે ધનિષ્ઠા નક્ષત્રમાં આ યોગ બની રહ્યો છે ત્યારે સુર તાલ નૃત્ય અને વાદન સાથે સંકળાયેલ દિગ્ગજ વ્યક્તિ પોતાની ઈનિંગ પુરી કરતા જોવા મળે વળી કુંભ રાશિમાં આ અસર હોવાથી ઘણા જુના સંબંધો પર અચાનક પૂર્ણવિરામ આવતું પણ જોવા મળશે. ખેલજગતમાં પણ ખેલાડીઓ વિષે અત્રે લખ્યા મુજબ વિવાદ સામે આવે અને વૈશ્વિક ખેલ બાબતે પણ અંટસ જોવા મળે. ૧૭ ફેબ્રુઆરીના કંકણાકૃતિ સૂર્યગ્રહણ અને ત્યારબાદ ૩ માર્ચ ૨૦૨૬ ના ખગ્રાસ ચંદ્રગ્રહણ આવી રહ્યું છે જે બે ગ્રહણની અસર અને ગોચારગ્રહો દુનિયાભરની અર્થવ્યવસ્થામાં મોટા ફેરફાર લાવી રહી છે અને આતંકી ગતિવિધિથી લઈને યુદ્ધ મોરચે નવાજુની કરી રહી છે.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

# સર્વ સ્પર્શી - સર્વગ્રાહી બજેટ "વિકસીત ભારત-૨૦૪૭" ની બ્લુ પ્રીન્ટઃ ગોપાલ કૃષ્ણ અગ્રવાત

## કેન્દ્રીય બજેટમાં દેશના તમામ વિસ્તારો અને તમામ વર્ગને એક સમાન પ્રાધાન્યઃ ભાજપના રાષ્ટ્રીય પ્રવકતાએ પત્રકાર પરિષદ સંબોધી




**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની રીફોર્મ એકસપ્રેસને રજૂ કરતું તેમજ 'વિકસિત ભારત ૨૦૪૭' ની બ્લુ પ્રિન્ટ અને આગામી ૨૫ વર્ષના રોડમેપને પ્રતિબિંબિત કરતું રૂ. ૫૩.૫ લાખ કરોડનું સર્વસ્પર્શી, સર્વ સમાવેશી અને યુવાશક્તિ ડ્રિવન બજેટ છે. આ બજેટ ભારતના 'સ્ટ્રોંગ સ્ટેપ ફોર રાઈટ ડિરેક્શન'ના અભિગમને દર્શાવે છે.

આ બજેટ ત્રણ કર્તવ્યો દેશના આર્થિક વિકાસને ઉત્તેજન, નાગરિકોની આશા આકાંક્ષાઓની પૂર્ણતા અને સૌના સાથ, સૌના વિકાસના ભાવ સાથે વિકાસના લાભો સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચાડવાના સ્તંભ પર આધારિત છે. દેશની યુવાશક્તિ, નારીશક્તિ, કિસાન શક્તિ, શ્રમિક શક્તિ તેમજ ઉદ્યમી શક્તિ ને કેન્દ્રમાં રાખતું બજેટ છે.

આ બજેટમાંમહિલા સશકિતકરણ, યુવા શકિતને પ્રોત્સાહન, આરોગ્ય અને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર, જનરલ ઈન્ફ્રાસ્ટ્રકચર,લોજીસ્ટિક અને કનેક્ટિવિટી, સંસ્કૃતિ, પર્યટન અને વારસાની જાળવણી, ઉદ્યોગ અને ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા તરફ અગ્રેસરતા, કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્ર,પશુપાલન, ડેરી, મત્સ્ય ઉદ્યોગ, સંરક્ષણ, સ્પોટ્ર્સ, એએસએમઈ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, એઆઈ નો સકારાત્મક ઉપયોગ સહિત દેશની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈ જરૂરી તમામ વિષયો પર બળ આપી ભારતના ઉજ્જવળ ભવિષ્યના પાયાને સશક્ત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત એક પ્રકારે એએસએમઈ ઉદ્યોગોનું હબ છે. બજેટમાં એએસએમઈ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે થયેલી જાહેરાતો અને ટેકસટાઈલ ક્ષેત્રે છ યોજનાઓના લાભથી ગુજરાતના ઉદ્યોગો બુસ્ટ અપ થશે જેનાથી રોજગારની નવી તકો સર્જાશે.

મહિલાઓના સ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા 'શી માટ્ર્સ' શરૂ કરાશે, જેના માધ્યમથી મહિલાઓને પોતાના ઉત્પાદનો માટે યોગ્ય બજાર મળશે. સાથે જ મહિલા સ્વસહાય જૂથોને વધુ નાણાકીય સહાય અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવશે, જેનાથી દેશભરમાં સ્વસહાય જૂથો સાથે જોડાયેલી ૧૦ કરોડથી વધુ મહિલાઓ આર્થિક રીતે વધુ સશક્ત બનશે. શિક્ષણ અને રોજગાર માટે અન્ય સ્થળે રહેતી મહિલાઓની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવા દરેક જિલ્લામાં મહિલા હોસ્ટેલ બનાવવાનો નિર્ણય લેવાયો છે, જે નારી સશક્તિકરણ તરફનું એક મહત્વપૂર્ણ અને દુરંદેશી પગલું છે.

લોજીસ્ટિક અને પરિવહન ક્ષેત્રે થયેલા મોટા પરિવર્તનને આગળ વધારતા આ બજેટમાં ૭ હાઈ-સ્પીડ રેલ કોરિડોર, રેર અર્થ મિનરલ કોરિડોર, ૨૦ નવા રાષ્ટ્રીય જળમાર્ગ અને માઉન્ટેન ટ્રેન જેવા પ્રકલ્પો હાથ ધરાશે, સાથે જ ઈન્ડિયન સેમિકન્ડકટર મિશન ૨.૦, બાયોફાર્મા શકિત મિશન, ઈલેકટ્રોનિક કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ, ૫ ટેક્સટાઈલ પાર્ક, 'મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ', સમર્થ ૨.૦, રાષ્ટ્રીય ફાયબર યોજના, ૩ કેમિકલ પાર્ક અને એએસએમઈને પ્રોત્સાહન દ્વારા મેન્યુફેકચરિંગ, નિકાસ અને રોજગારી વધારી ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાના લક્ષ્ય સાથે આત્મનિર્ભર ભારતને બળ આપશે.

બાયોફાર્મા શક્તિ મિશન માટે રૂ.૧૦,૦૦૦ કરોડની જોગવાઈ કરી પ્રધાનમંત્રીએ ભારતને વૈશ્વિક આરોગ્ય ક્ષેત્રમાં ભારતને આગળ લાવવા પર ભાર મૂક્યો છે..આજે વિશ્વમાં કુલ રસી ઉત્પાદનનો અંદાજે ૬૦ ટકા હિસ્સો ભારત અને ભારતીય કંપનીઓ દ્વારા પૂરો પાડવામાં આવે છે તે ગુજરાતમાં અનેક MSME ઉદ્યોગો છે. MSME ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ બજેટમાં વિવિધ જોગવાઈ કરવામાં આવી છે, જેનો સુરતના ઉદ્યોગકારોને પણ લાભ મળશે.

# હમારી માંગે પૂરી કરો... સૂત્ર સાથે કર્મચારીઓએ હોસ્પિટલ ચોકમાં કર્યા સૂત્રોચાર

## દેશભરમાં ૧૦ ટ્રેડ યુનિયનોની હડતાલના રાજકોટમાં પડઘાઃ નવા લેબર લો અને સરકારી એકમોના ખાનગીકરણના નિર્ણયને અટકાવવાની માંગ સાથે કર્મચારીઓએ સરકારી નીતિનો કર્યો વિરોધ

**અબતક રાજકોટ**

ભારતના મુખ્ય ૧૦ ટ્રેડ યુનિયન અને સંગઠનો એ ગુરુવારે દેશ વ્યાપી હડતાલનું આહવાન કર્યું હતું કેન્દ્રીય ટ્રેડ યુનિયનો એ લેબર કોડ એટલે કે શ્રમ સંહિતાઓ ના સુધારા નો વિરોધ નોંધાવ્યો હતો અને સરકારી સાહસોના ખાનગીકરણ નો અમલ રોકવાની માંગ સાથે દેશ વ્યાપી બંધના એલાનમાં આજે રાજકોટના બેન્કિંગ કર્મચારીઓ અને વિવિધ યુનિયનના કર્મચારીઓએ બંધ પાડી જાહેર સાહસોના ખાનગીકરણ અને લેબર લોજનો વિરોધ કર્યો હતો. શહેરના હોસ્પિટલ ચોક ખાતે મોટી સંખ્યામાં કર્મચારીઓએ ઉપસ્થિત સરકારની નીતિ સામે સૂત્રોચાર કર્યા હતા. કર્મચારીઓએ પોતાની માંગણીમાં લઘુતમ વેતન ૨૬,૦૦૦ અને

(અનુ. આઠમા પાને)






તસવીરઃ શૈલેષ વાડોલિયા

# યુવાધનને 'દરેક જન્મદિવસે એક વૃક્ષ વાવવા' રાજ્યપાલનો અનુરોધ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 'ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વિસ્તરણ અને પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ'નો શુભારંભઃ રાજ્યપાલે સિંદૂરનો છોડ રોપ્યો

## જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.ઉત્પલ જોશી, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા

**અબતક, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે બાયોસાયન્સ ભવન દ્વારા નવનિર્મિત બોટનિકલ ગાર્ડનમાં 'ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વિસ્તરણ અને પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ'નો શુભારંભ કરાવ્યો હતો. આ અવસરે રાજ્યપાલે સિંદૂરના છોડનું રોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલે ગાર્ડનમાં નિર્માણ પામેલા પોન્ડ (તળાવ) અને ગ્લાસ હાઉસની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ દ્વારા ઉગાડવામાં આવેલા વિવિધ પાકોનું નિરીક્ષણ કર્યું હતું. પર્યાવરણ જતન, જૈવવિવિધતા સંરક્ષણ અને ગૌ-આધારિત કૃષિને પ્રોત્સાહન આપવા બદલ તેમણે વિભાગના વડા, પ્રોફેસર અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યપાલે ઉપસ્થિતોને સંબોધતાં જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ પોતાના જન્મદિવસે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેની સંભાળ લેવી જોઈએ અને આગામી જન્મદિવસ સુધી તેનો ઉછેર કરવો જોઈએ. આથી પર્યાવરણ રક્ષણમાં આપણાં સૌની જનભાગીદારી મજબૂત બનશે.





વિદ્યાર્થીઓ દ્વારા ગ્લાસ હાઉસમાં બાયો એન્ઝાઈમ ફર્ટિલાઈઝર, હર્બલ સિરમ-શેમ્પૂ, ઓર્ગેનિક માઈક્રો ગ્રીન્સ અને ઓર્ગેનિક ઓઈસ્ટર મશરૂમ જેવા પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા, જેને રાજ્યપાલે રસપૂર્વક નિહાળ્યા અને માહિતી મેળવી હતી.

આ પ્રસંગે બહેડા, ફાલસા, જંગલી બદામ, જાસુદ, પીલુડી, મીઠો લીમડો, શેતૂર, સિંદૂરી, અર્જુન, સાદડ, બીલી, રાયણ, ગરમાળો, ખાખરો, કરમદા, પારસ પીપળો, ગુગળ, ફણસ, કરંજ, નીલગિરી સહિત વિવિધ પ્રજાતિના વૃક્ષોનું મહાનુભાવો અને વિદ્યાર્થીઓ દ્વારા વાવેતર કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.ઉત્પલ જોશી, બાયોસાયન્સ વિભાગના અધ્યક્ષ ડો. રમેશ કોઠારી, એસોસિયેટ પ્રોફેસર ડો. સંદીપ ચોવટિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સુરેશ ચોવટિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. જિજ્ઞા ટાંક, ડો. મિત્તલ કનેરીયા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વામી દયાનંદ સરસ્વતીનું સ્વભાષા, સ્વદેશી અને નારી ઉત્થાન માટે અનન્ય યોગદાનઃ રાજ્યપાલ




### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે 'મહર્ષિ દયાનંદ સરસ્વતી' વિશેના અખિલ ભારતીય સંસ્કૃત સમારોહનો શુભારંભ કરાવ્યો

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે 'રાષ્ટ્રનિર્માણના પુરોધાઃ મહર્ષિ દયાનંદ સરસ્વતી' વિષય પરના બે દિવસીય અખિલ ભારતીય સંસ્કૃત સમારોહ-૨૦૨૬નો શુભારંભ કરાવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના સંયુક્ત ઉપક્રમે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા રાજ્યપાલશ્રીએ દયાનંદ સરસ્વતીજીની જન્મજયંતીની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ગુજરાતની પાવનધરાએ સમય-સમયે અનેક

(અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સંશોધન કેન્દ્ર સ્થાપવાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિની જાહેરાત

કુલપતિ પ્રો. ડો. ઉત્પલ જોશીએ શાબ્દિક સ્વાગતમાં દયાનંદ સરસ્વતીજીના વિચારોને જીવંત રાખવાના હેતુસર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી. કાર્યકારી કુલસચિવ ડો. મહેશભાઈ ધામેચાએ આભારવિધિ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અનુસ્નાતક સંસ્કૃત વિભાગ દ્વારા આયોજિત બે દિવસીય સમારોહ દરમિયાન ઉદ્દઘાટન સત્ર સિવાય કુલ ૧૨ શૈક્ષણિક સત્રો યોજાશે, જેમાં વિદ્વત્સપર્યા, ગુરુકુલ વિમર્શ, નારી વિમર્શ, વેદાર્થ વિમર્શ, વૈદિક દેવતા વિમર્શ, શૈક્ષણિક ચિંતન, સામાજિક સમરસતા વિમર્શ, રાષ્ટ્રભૂત ચિંતન, યુવા વિમર્શ, ત્રિસ્તરીય શોધપત્ર સ્પર્ધા તેમજ સમારોહ સત્રનો સમાવેશ થાય છે.જેમાં વિવિધ વક્તાશઓ દ્વારા પ્રવચન આપવામાં આવશે.

### ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ક્રિકેટ

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ઐતિહાસિક સિદ્ધિઃ પ્રથમવાર સેમિફાઈનલમાં પ્રવેશ

## બરોડાની ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૧૭૧ રન બનાવ્યા જવાબમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ઉત્તમ રમત દાખવી માત્ર ૪ વિકેટ ગુમાવી ૧૮મી ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કર્યો

**અબતક, રાજકોટ**

ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ક્રિકેટ ટીમે ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. ટીમે ધમાકેદાર પ્રદર્શન સાથે પ્રથમવાર ઓલ ઈન્ડિયા સ્તરે સેમિફાઈનલમાં પ્રવેશ મેળવી નવો ઈતિહાસ રચ્યો છે.



આજે રમાયેલ મહત્વપૂર્ણ મેચમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ એમ.એસ. યુનિવર્સિટી બરોડા સામે ભવ્ય જીત મેળવી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. બરોડાની ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૧૭૧ રન બનાવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ૧૭૨ રનનો ટાર્ગેટ આપ્યો હતો. તેના જવાબમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઉત્તમ રમત દર્શાવી માત્ર ૪ વિકેટ ગુમાવી ૧૮મી ઓવરમાં ૧૭૨ રન બનાવી મેચ જીતી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો.



### રામદેવ આચાર્યની શાનદાર અણનમ ૮૩ રનની ઈનિંગે ટીમને જીત અપાવવામાં મહત્વનો ફાળો આપ્યો

જીતમાં રામદેવ આચાર્યે શાનદાર નોટઆઉટ ૮૩ રનની ઈનિંગ રમી ટીમને જીત અપાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. તેમની આ ઉત્તમ રમત બદલ તેમને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.ભવ્ય સફળતા બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજિસ્ટ્રાર મનીષ ધામેચા, ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ ડો. હરીશ રાબા તેમજ સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિવાર દ્વારા ટીમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. ઉપરાંત ડો. મનમોહન રાવત, એમ.બી. મકવાણા, ડો. ભાવેશ રાબા, ડો. એચ.આર. ભાલીયા, ટીમના કોચ આશિકભાઈ અને મેનેજર સંજયભાઈએ પણ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી ટીમના ઉત્તમ પ્રદર્શનની પ્રશંસા કરી છે.

### કાલે સૌ.યુનિ. રાજકુમાર કોલેજ ગ્રાઉન્ડમાં સેમિફાઈનલ રમશે

ઉલ્લેખનીય છે કે આવતીકાલે રાજકુમાર કોલેજના મેદાનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીમ પ્રથમવાર ઓલ ઈન્ડિયા સેમિફાઈનલ મેચ રમશે, જેને લઈને સમગ્ર યુનિવર્સિટી પરિવાર અને રમતપ્રેમીઓમાં ઉત્સાહનો માહોલ છે.

# ગિરનારની પવિત્ર ભૂમિમાં ખુલ્લા પગે ચાલીને મને અલૌકિક અનુભૂતિ થઈ: ના.મુખ્યમંત્રી

## મહાશિવરાત્રીના મેળામાં પ્રથમવાર ડમરૂ યાત્રા ઐતિહાસિક બની: પ્રથમ દિવસે મિનિ કુંભ મેળામાં લાખો લોકોએ ભકિતભાવથી ભોળાનાથને રીઝવ્યા

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

ગઈકાલના મેળાના પ્રથમ દિવસે લગભગ અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રથમ દિવસે લાખોની સંખ્યામાં ગિરનાર દરવાજા અને ભરડાવાઓથી ૩ કિમી. પગપાળા ચાલીને ભાવિક ભક્તજનો ભવનાથના શિવરાત્રી મેળામાં પહોંચતા પ્રથમ દિવસથી જ મેળાએ રંગત જમાવી લીધી છે. રાત્રિના સમયે મેળામાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા અને ભવનાથ ક્ષેત્રમાં આવેલા સાધુ સંતોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

બીજી બાજુ વર્ષોથી અન્નક્ષેત્ર અને ઉતારા મંડળ ચલાવતા સંચાલકો દ્વારા મેળાના પ્રથમ દિવસે દર વર્ષે આવતી સંખ્યા મુજબ ભોજન પ્રસાદ બનાવેલ હતું, પરંતુ પ્રથમ દિવસે જ લાખોની સંખ્યામાં ભાવિકો ભવનાથ ખાતે પહોંચતા અને અન્નક્ષેત્ર, ઉતારા મંડળના ભોજન પ્રસાદનો લાભ લેવા પહોંચતા અનેક ઉતારા મંડળમાં તૈયાર ભોજન પ્રસાદ ખૂટ્યા હતા. જો કે, કોઈ ભાવિકો ભૂખ્યા ના રહે તે માટે ઉતારા મંડળો દ્વારા તાત્કાલિક અને અવિરત ભોજન પ્રસાદ બનાવવાની કામગીરી ચાલુ રખાઈ હતી. આમ, જૂનાગઢનો ભવનાથનો જગવિખ્યાત મેળો જામ્યો છે અને પ્રથમ દિવસે જ લાખો લોકો ભવનાથના મેળામાં પહોંચતા આ વખતે પાંચ દિવસના ભવનાથના મેળામાં લગભગ ૧૫ લાખથી વધુ લોકો મેળો માણવા પહોંચે તેવો પ્રથમ દિવસે અનુમાન થઈ રહ્યું છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જૂનાગઢના ભવનાથના મહાશિવરાત્રીના મેળાના પ્રથમ દિવસે લાખો શિવ ભકતોને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, ભવનાથના મહાશિવરાત્રીના મેળામાં દર વર્ષે સુવિધામાં વધારો થશે. ગયા વર્ષ કરતા આ વર્ષે પ્રથમ દિવસે જ ખૂબ મોટી સંખ્યામાં શિવ ભકતો શિવરાત્રીના મેળામાં પધાર્યા છે. અમે મહાશિવરાત્રીના મેળામાં વીઆઈપી કલ્ચર દૂર કર્યું છે અને આ મેળો શિવ ભક્તો માટે સંપૂર્ણ સુવિધામય બને એવી વ્યવસ્થા કરી છે. નાયબ મુખ્યમંત્રી એ તેમની ગાડી ગીરનાર દરવાજા પાસે મૂકી દઈ શિવભક્તોની સાથે તેઓ ચાલીને ભવનાથ આવ્યા હતા. નાયબ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે, જૂનાગઢના મહાશિવરાત્રીના મેળામાં શિવભક્તોને સુવિધા મળી રહે અને વ્યવસ્થાઓ જળવાય તે માટે જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા અને સહ પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાના સંકલનમાં તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના માર્ગદર્શનમાં સ્થાનિક પ્રશાસનના અધિકારીઓ કર્મયોગીઓ છેલ્લા બે મહિનાથી પૂર્વ તૈયારી કરી રહ્યા હતા અને આજે મોટી સંખ્યામાં શિવ ભક્તો મેળામાં પ્રથમ દિવસે જ સહભાગી થયા છે તે અંગે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.નાયબ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે ગિરનારની આ પવિત્ર ભૂમિ છે. અહીં ખુલ્લા પગે ચાલીને આવીને મને એક અલૌકિક અનુભૂતિ થાય છે .આ દિવ્યભૂમિ છે. મારા જીવનની યાદગાર પળોમાંની આજની આ પણ મારા માટે યાદગાર છે. ભવનાથમાં સનાતન સંસ્કૃતિનો ગિરનારી ગુંજ અને હર હર મહાદેવનો નાદ શિવ ભક્તો માટે પણ યાદગાર છે. કારણ કે મહાશિવરાત્રીના મેળાના અત્યાર સુધીના ઈતિહાસમાં આ સૌથી ભવ્ય મેળો યોજાઈ રહ્યો છે. અને સાડા ત્રણ કિલોમીટર વિસ્તારમાં સંપૂર્ણ ભક્તિમય વાતાવરણ છે.

નાયબ મુખ્યમંત્રી એ જૂનાગઢના મહાશિવરાત્રી મેળાના અનક્ષેત્રના સંચાલકો અને સ્વયંસેવકોને અભિનંદન આપ્યા હતા અને ગુજરાત સરકાર વતી શુભકામના પાઠવી હતી. લાખો ભાવિકો માટે સેવા કરવી અને રાત દિવસ એમના માટે પ્રસાદ બનાવવો આ એક બહુ મોટું સેવા કાર્ય છે. અને તે જુનાગઢના શિવરાત્રીના મહાશિવરાત્રીના મેળામાં વર્ષોથી થઈ રહ્યું છે તે અંગે ગુજરાત સરકાર વતી ભવનાથના તમામ અન્ન ક્ષેત્રો, ભંડારાના સંચાલકો, સ્વયંસેવકોને મહાશિવરાત્રીના આ મેળાના પર્વમાં શુભકામના પાઠવી હતી.

નાયબ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું કે, લાખો ભાવિકો ગિરનારની આ પવિત્ર ભૂમિમાં સ્વચ્છતા જાળવે જ્યાં ત્યાં કચરો ન ફેંકે અને આ પવિત્ર ભૂમિનો આદર કરે અને સ્વચ્છતા નો સંદેશ સમગ્ર ભવનાથ વિસ્તારમાં સાર્થક થાય તે માટે અનુરોધ કર્યો હતો.











### ડમરૂના નાદથી ભક્તિમય માહોલ સર્જાયો

મહાશિવરાત્રીના મેળામાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને જુદા જુદા અખાડાના સાધુ સંતોના નેતૃત્વમાં પ્રથમ વાર યોજાયેલી ડમરૂ યાત્રા ઐતિહાસિક અને અવિસ્મરણીય બની હતી. મહાશિવરાત્રીના મેળામાં અલૌકિક વાતાવરણમાં પ્રથમવાર ગુજરાત સહિત દેશભરના જુદા જુદા અખાડાઓના સાધુઓનો મહાશિવરાત્રીના મેળાની પ્રથમ દિવસની ઢળતી સાંજે નગર પ્રવેશ થયો હતો. ભવનાથ પ્રવેશ દ્વારથી શરૂ થયેલી આશરે ત્રણ કિલોમીટર લાંબી ઐતિહાસિક ડમરૂ યાત્રામાં હર હર મહાદેવના જય કારથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક અને ભક્તિ સભર બન્યું હતું, ડમરૂ યાત્રામાં સાધુ સંતો અને ભાવિકો ધર્મધ્વજા ફરકાવી અને વિશાળ ત્રિશૂળની પ્રતિકૃતિઓ લઈ હર્ષો ઉલ્લાસ સાથે ભગવાન ભવનાથ મહાદેવ પ્રત્યેની અપાર શ્રદ્ધા વ્યક્ત કરી હતી. આ ડમરું યાત્રામાં હજારો દીકરીઓની રાસની રમઝટ, સાધુ સંતોના લાઠી દાવ, અંગ કસરતો, ભાવિકોના ગગનભેદી જય ઘોષ તથા પોલીસ બેન્ડની સુરાવલીઓ અને રાજસ્થાની બેન્ડ પાર્ટીએ ભવનાથ ક્ષેત્રનુ વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું, નાયબ મુખ્યમંત્રી અને સાધુ સંતોના જૂનાગઢ જિલ્લાના સર્વ સમાજની હજારો દીકરીઓએ પરંપરાગત પોશાકમાં કળશ લઈ વધામણા કર્યા હતા, સાથે જ ડમરૂ યાત્રાના સમગ્ર રૂટ પર પુષ્પ વર્ષા કરીને સૌને આવકાર્યા હતા. આ તકે નાયબ મુખ્યમંત્રી એ મહાઆરતીમાં સહભાગી થયા બાદ જણાવ્યું હતું કે, ભવનાથ ખાતેથી હર હર મહાદેવનો નાદ દેશના ખૂણા ખૂણે ખૂણા સુધી પહોંચ્યો છે,

### હર્ષ સંઘવી ૩.૫ કિલોમીટર ચાલી ખુલ્લા પગે ભવનાથ મંદિરે દર્શન કર્યા



નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ગઈકાલે ખુલ્લા પગે ચાલીને ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર પહોંચ્યા હતા. સનાતન સંસ્કૃતિ અને આધ્યાત્મિક ચેતના ના પ્રતીક સમાન મહાશિવરાત્રી મેળાનો ગઈકાલે શુભારંભ થયો છે. મહાશિવરાત્રી મેળાના પ્રથમ દિવસે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહભાગી બન્યા હતા. નાયબ મુખ્યમંત્રી સ્વયમ ચાલીને સામાન્ય નાગરિકની જેમ ૩.૫ કિલોમીટરના મહાશિવરાત્રી મેળાના રૂટ ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર પહોંચ્યા હતા. આ પદયાત્રામાં હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાય ના જય ઘોષથી ગિરનાર તળેટીનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધી યોજાયેલી આ પદયાત્રામાં નાયબ મુખ્યમંત્રી તેમજ અન્ય મહાનુભાવોનું વિવિધ સંસ્થાઓ, અગ્રણીઓ, નાગરિકો એ પુષ્પવર્ષાથી ઠેર ઠેર સ્વાગત અભિવાદન કર્યું હતું. આ પદયાત્રામાં નાયબ મુખ્યમંત્રીની સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી અને જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને રાજ્ય ઉર્જા મંત્રી અને સહ પ્રભારી મંત્રી કૌશિક વેકરીયા, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા પણ ખુલ્લા પગે સહભાગી બન્યા હતા.



### ભાવિકો ભવનાથ મહાદેવના લાઈવ દર્શન કરી શકશે

નાયબ મુખ્યમંત્રી વેબસાઈટ લોન્ચ કરી હતી, આ સાથે ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે ગિરનાર સીસીટીવી કેમેરાના પ્રોજેક્ટનું લોકાર્પણ કરી નિરીક્ષણ કર્યું હતું. ગઈકાલે ભવનાથના શિવરાત્રી મેળાના પ્રથમ દિવસે મહેમાન બનેલા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જગવિખ્યાત ભવનાથ મંદિરની વેબસાઈટ લોન્ચ કરી હતી, જેથી હવે ભાવિકો ભવનાથ મહાદેવના લાઈવ દર્શન કરી શકશે. આ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ગિરનાર પર યાત્રિકોની સુરક્ષા માટે જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા મૂકવામાં આવેલા સીસીટીવી કેમેરા પ્રોજેક્ટનું લોન્ચિંગ કર્યું હતું. સાઉન્ડ સિસ્ટમ સાથે અદ્યતન આ કેમેરા યાત્રિકોની સુરક્ષા માટે સહાયરૂપ બનશે. આ તકે જિલ્લા પોલીસવડા સુબોધ ઓડેદરાએ ભવનાથ અને ગિરનાર સીસીટીવી નેત્રમ સર્વેન્સ અંગેની જરૂરી માહિતી નાયબ મુખ્યમંત્રી ને આપી હતી. બાદમાં ભવનાથ પ્રવેશ દ્વાર નજીક આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી થયા હતા. જ્યાં તેમણે લોક સાહિત્યકાર રાજભા ગઢવી સુંદર પ્રસ્તુતિ માટે આભાર પ્રગટ કરવાની સાથે સુપ્રસિદ્ધ ગાયકા બહેન મૈથીલી ઠાકુરનું ગુજરાતની ભૂમિ પર સ્વાગત કર્યું હતું.

# વ્યતિપાત યોગમાં મહાશિવરાત્રીની ઉપાસના માટે અતિ ઉત્તમ સંયોગ

**અબતક, રાજકોટ**

આ વર્ષે મહા વદ તેરસ, તા. ૧૫ ફેબ્રુઆરી (રવિવાર)ના દિવસે મહાશિવરાત્રી પર્વ વિશેષ ધાર્મિક મહત્ત્વ સાથે ઉજવાશે. આ દિવસે ''વ્યતિપાત યોગ'' રહેલો છે, જે દાન, જપ, તપ, પૂજા અને તર્પણ માટે અત્યંત ફળદાયી માનવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ વ્યતિપાત યોગ સામાન્ય શુભ કાર્યો માટે અનુકૂળ માનવામાં આવતો નથી, પરંતુ પૂજા-પાઠ, રુદ્રી, લઘુરુદ્ર, જપ-તપ અને ઉપવાસ માટે ઉત્તમ ફળદાયી બને છે. આ વર્ષે મહાશિવરાત્રિ દિવસે આખો દિવસ તથા રાત્રે ૨૪૫ સુધી વ્યતિપાત યોગ રહેવાથી શિવભક્તો માટે વિશેષ પુણ્યપ્રદ સંયોગ સર્જાયો છે. આ દિવસે ''ૐ નમઃ શિવાય'' પંચાક્ષરી મંત્રની ૨૧ અથવા ૧૦૮ માળા, મહામૃત્યુંજય મંત્ર જપ, રુદ્રી પાઠ અને ઉપવાસ કરવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે અને દુ:ખ-કષ્ટો દૂર થાય છે.

### રાશિ પ્રમાણે શિવપૂજા વિધિ

મેષ (અ,લ,ઈ): શેરડીના રસથી અભિષેક, સુખડી નૈવેદ્ય
વૃષભ (બ,વ,ઉ): - દૂધ-સાકર પાણી અભિષેક, પેંડા
મિથુન (ક,છ,ઘ): કાળા તલ-દૂધ અભિષેક, શીરો
કર્ક (ડ,હ):- દૂધ-સાકર પાણી, રાજગરાનો શીરો
સિંહ (મ,ટ):- ઘી-ચણાદાળ અભિષેક, ચણાની વાનગી
કન્યા (પ,ઠ,ણ):- મધ-દૂધ અભિષેક, દુધપાક
તુલા (ર,ત):- શેરડી રસ અભિષેક, દૂધ મીઠાઈ
વૃશ્ચિક (ન,ય):- બિલીપત્ર-દૂધ, તલ વસ્તુ
ધન (ભ,ધ,ફ,ઢ):- શેરડી રસ-સાકર પાણી, અળદીયા
મકર (ખ,જ):- કાળા તલ, માલપુવા
કુંભ (ગ,સ,શ):- તલ-મધ-સાકર જળ, અડદીયા
મીન (દ,ચ,ઝ,થ):- ઘી-દૂધ-દુર્વા, પીળી મીઠાઈ

શાસ્ત્રોક્ત મુજબ વર્ષમાં ચાર મુખ્ય રાત્રિઓ ગણાય છે -કાલરાત્રી (કાળી ચૌદસ), મહારાત્રી (શિવરાત્રી), મોહરાત્રી (જન્માષ્ટમી) અને દારુણ રાત્રી (હોળી). તેમાં મહાશિવરાત્રીનું વિશેષ સ્થાન છે.

આ દિવસે ઉપવાસ, એકટાણું અને રાત્રિભરમાં શિવપૂજા કરવાથી સર્વ મનોકામનાઓ પૂર્ણ થાય છે.

સંકલન: શાસ્ત્રી રાજદીપ જોશી

### રાત્રિના ચાર પ્રહરની પૂજા

- પ્રથમ પ્રહર (૬૪૪ થી ૯૫૩)
  જળધારા, ચંદન–ચોખા, કમળ અને કરેણના પુષ્પથી પૂજા. નૈવેદ્યમાં સુખડી.
- બીજો પ્રહર (૯૫૩ થી ૧૦૨)
  જળ અભિષેક, બિલીપત્ર અને શ્રીફળ અર્પણ.
- ત્રીજો પ્રહર (૧૦૨ થી ૪૧૧)
  દૂધ–જળ અભિષેક, ઘઉં, આકડા પુષ્પ, બિલીપત્ર. નૈવેદ્યમાં માલપુવા–ચૂરમા લાડુ.
- ચોથો પ્રહર (૪૧૧ થી ૭૧૯)
  જળ અભિષેક, અડદ–મગ–સાત ધાન્ય અર્પણ, બિલીપત્ર. દૂધના મિષ્ઠાનનું નૈવેદ્ય.
- નિશીથ કાળ રાત્રે ૧૨૩૭ થી ૧૨૫ – આ સમય રુદ્રી અભિષેક માટે અત્યંત શુભ.

### અલગ અલગ દ્રવ્યથી મળતું ફળ

- સંતાનપ્રાપ્તિ –ચોખા
- શત્રુ નિવારણ – સરસવ તેલ
- ધનપ્રાપ્તિ – બિલીપત્ર
- આયુષ્ય વૃદ્ધિ – દુર્વા
- રાજયોગ – ઘી
- નવગ્રહ શાંતિ – કાળા તલ
- સુખી દાંપત્ય – સાકરવાળું પાણી
- આરોગ્ય – દૂધ અભિષેક
- મોક્ષ – ધ્રોક/ધતૂરા
- પાપનાશ દર્ભ

ચંદ્ર-રાહુ ગ્રહણ યોગ, શનિ-ચંદ્ર વિષયોગ, કેમદ્રુમ યોગ અથવા ચંદ્ર નબળો હોય તો શિવજીને જળ અર્પણ કરવાથી માનસિક શાંતિ મળે છે.



**રવિવારે મહાશિવરાત્રી –આખો દિવસ અને રાત્રે ૨:૪૫ સુધી વ્યતિપાત યોગ દાન, જપ, તપ, પૂજા અને તર્પણ માટે અત્યંત ફળદાયી**

# ‘છૂટાછેડા જોતા હોય તો રૂ ૪૦ લાખ આપી દે’ : પત્ની-સાસુના ત્રાસથી કંટાળી યુવકે આપઘાત કર્યો’તો

## નાના મવા રોડ પર રહેતા યુવકે કોર્ટ મેરેજ કર્યા બાદ સાસરિયા પૈસાની માંગણી કરી મારકૂટ કરવા લાગ્યા’તા : પત્નીએ બે ફરિયાદો પણ નોંધાવી’તી

### ઘરે અને કામના સ્થળે જઈ ઝગડા કરતી પત્ની-સાસુના ત્રાસથી માનસિક રીતે પડી ભાંગેલા યુવાને સુસાઈડ નોટ લખી જીવન ટૂંકાવી દીધું’તું : મરવા મજબુર કર્યાનો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

નાના મવા રોડ પર રહેતા યુવાને પત્ની અને સાસુના ત્રાસથી કંટાળી આપઘાત કરી લીધો હતો. સતત માનસિક ત્રાસ આપી પત્ની અને સાસુ પૈસાની ઉઘરાણી કરતા હોય અને છૂટાછેડા જોતા હોય તો તું મને રૂ. ૪૦ લાખ આપી દે તેમ કહી સતત પત્નીએ પોલિસ ફરિયાદ નોંધાવતા માનસિક કંટાળી યુવાને સુસાઈડ નોટ લખી જીવન ટૂંકાવી દીધું હતું. જેથી માલવિયાનગર પોલિસે સુસાઈડ નોટ કબ્જે કરી મૃતકની પત્ની અને સાસુ વિરુદ્ધ મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધી હતી. મામલામાં નાના મવા રોડ પર રાજનગર શેરી નં.-૩ માં રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધ રાજેંદ્રસિંહ ભાવસિંહ રેવરએ આરોપી તરીકે ૮૦ ફૂટ રોડ પર સત્યમપાર્ક સોસાયટીમાં રહેતા પુત્રવધુ આરતીબેન દિનેશભાઈ વાઘેલા અને વેવાણ જ્યોતિબેન દિનેશભાઈ વાઘેલાનું નામ આપતાં માલવિયાનગર પોલિસે બીએનએસની કલમ ૧૦૮,૩(૫) હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી હતી.

વૃદ્ધએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું પુનીત નગર પાસે આવેલ એકસીસ બેંકમા સીક્યોરીટી તરીકે નોકરી કરૂ છું. મારા પરીવારમાં પત્નિ હીરાબા અને સંતાનમાં બે દિકરા તથા એક દિકરી છે. જેમા સૌથી મોટો દિકરો વિશ્વજીતસિંહ (ઉ.વ.-૩૮), બાદ દિકરી પૂનમબા જે હાલ ભુજ ખાતે સાસરે છે અને સૌથી નાનો દિકરો હરપાલસિંહ (ઉ.વ.૩૫) નો છે જે તેની પત્નિ રિધ્ધીબા સાથે મારી સાથે જ રહે છે. મારા મોટા દિકરા વિશ્વજીતસિંહે આશરે દોઢેક વર્ષ પહેલા આરતીબેન દિનેશભાઈ વાઘેલા સાથે તા-૨૯/૦૪/૨૦૨૪ ના રોજ સમઢીયાળા ખાતે કોર્ટ મેરેજ કરેલા હતા. બાદ પુત્ર વિશ્વજીતસિંહ આરતીબેનના ઘરે જ ઘર જમાઈ તરીકે રહેતો હતો.

કોર્ટ મેરેજ કર્યા પછી ચારેક મહીના બાદ આરતીબેન તથા તેના માતા જ્યોતીબેન મારા પુત્ર પાસેથી પૈસાની માગણી કરવા લાગેલ હતા. મારા પુત્રને વિશ્વજીતસિંહને કહેલ કે, તુ તારા પિતા પાસેથી મિલકતમા ભાગ લઈ લે પણ મારા પુત્રએ મિલકતમાં ભાગ લેવાની ના પાડતા આરતીબેન તથા જ્યોતીબેને મારા દિકરા સાથે મારામારી કરેલ હતી. જેથી મારો દિકરો વિશ્વજીતસિંહ તેનો સામાન ત્યા જ મુકીને પરત મારા ઘરે આવી ગયેલ હતો. ઘરે આવીને તેણે તમામ હકીકત મને જણાવેલ હતી. મારો દિકરો ઘરે પાછો આવેલ તે જ દિવસે આરતીબેન તથા તેના માતા જયોતીબેન અમારા ઘરે આવેલ હતા અને અમારી સાથે માથાકુટ કરીને માણસો ભેગા કરેલ હતા. બાદ આરતીબેન મારા દિકરાને ફોન કરીને ધમકી આપતા હતા અને છુટાછેડા કરવા હોય તો તુ મને રૂ. ૪૦ લાખ આપી દે નહીતર હુ તારા પર પોલીસ ફરીયાદ કરીને તને જેલમાં પુરાવી દઈશ તેમ ધમકી આપતાં હતા. થોડા દિવસો બાદ આરતીબેને મારા બંને દિકરા તથા મારા પત્નિ અને મારા વિરુધ્ધ મહીલા પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે ફરીયાદ દાખલ કરાવેલ હતી. વધુમાં તેણી અવારનવાર મારા દિકરાના કામના સ્થળે જઈને પણ પૈસા બાબતે માથાકુટ કરતા હતા. મારા દિકરા તથા મારી ઉપર આરતીબેને એટ્રોસીટી એકટ મુજબ પણ ફરીયાદ દાખલ કરાવેલ હતી. જેથી મારો દિકરો માનસિક રીતે કંટાળી ગયેલ હતો.

બાદ ગઈ તા-૦૯/૦૨/૨૦૨૬ ના સવારના આશરે પાંચેક વાગ્યાના અરસામાં હુ જાગીને બહાર નીકળી જોયુ તો પુત્ર વિશ્વજીતસિંહનો રૂમ ખુલો હતો. જેથી મે રૂમમાં જઈને જોતા પુત્રનો મૃતદેહ પંખામા દોરડાથી લટકતી હાલતમાં મળી આવ્યો હતો. જેથી મે તરત જ પરીવારના સભ્યોને બોલાવી ૧૦૮ મા ફોન કરીને એમ્બ્યુલન્સ બોલાવી હતી. એમ્બયુલન્સની ટીમે મારા પુત્રને તપાસી સ્થળ પર જ મૃત જાહેર કરી દીધો હતો.

ત્યારબાદ મને મારા પુત્રના રૂમમાંથી એક સુસાઈડ નોટ પણ મળી આવેલ હતી. જેમા મારા દિકરા વિશ્વજીતસિંહે આત્મહત્યા કરવા પાછળ આરતીબેન તથા તેના માતા જયોતીબેન જવાબદાર હોવાનુ જણાવેલ હતું. જેથી પિતાએ પુત્રવધુ અને વેવાણ વિરુદ્ધ પુત્રને મરવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલિસે સુસાઈડ નોટ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# માધાપર નજીક માતાજીના મઢમાંથી રૂ.૧.૧૬ લાખના આભૂષણોની ચોરી : તસ્કર સકંજામાં

## રાત્રીના સમયે તસ્કર સોનાનો ચાર ગ્રામનો મુગટ અને ચાંદીના ૨૦૦ ગ્રામના ફરા ઉઠાવી ગયો’તો : એલસીબીએ દબોચી મુદ્દામાલ રીકવર કરવા તજવીજ આદરી

**અબતક, રાજકોટ**

શહેરના માધાપર વિસ્તાર નજીક મનહરપુરમાં આવેલ ચામુંડા માતાજીના મઢમાંથી સોનાના મુગટ અને ચાંદીના ફરા સહીત રૂ. ૧.૧૬ લાખના આભૂષણોની ચોરી થઈ જવા પામી હતી. બનાવને પગલે એલસીબી ઝોન-૨ ટીમે તાત્કાલિક જ તસ્કરને દબોચી લઈ મુદ્દામાલ રિકવર કરવાં તજવીજ હાથ ધરી હતી.


બનાગ અંગે માધાપર નજીક મનહરપુર-૧ માં રહેતા ૩૨ વર્ષીય યુવાન વિજયભાઈ દિનેશભાઈ ભાણોધરાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમારી શેરીમાં ચામુંડા માતાજીનો મઢ (મંદીર) આવેલ હોય જેની પુજા હું તથા મારા પરીવારના સભ્યો કરીએ છીએ. જે મઢની ત્રણ ચાવી પૈકી એક મારી પાસે જયારે અન્ય બે ચાવીઓ ચંદુભાઈ અને અસ્વીનભાઈ પાસે હોય છે.



ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ સવારના સાતેક વાગ્યા આસપાસ મે મઢમાં પુજા કરી હતી. ત્યારે માતાજીનો આશરે ચાર ગ્રામનો સોનાનો મુંગટ તથા ૨૦૦ ગ્રામના ચાંદીના ચાર ફરા મઢમાં હતા. તે દિવસે સાંજના સાડા સાતેક વાગ્યા આસપાસ મારા દિકરા આશિષએ પુજા કરી મંદીરને તાળુ મારી દિધેલ હતું. બાદ બીજા દિવસે તા.૦૯/૦૨/૨૦૨૬ના રોજ સવારના સવા છ વાગ્યા આસપાસ હું પૂજા કરવા જતાં ત્યાં અશ્વિનભાઈના પત્ની હીનાબેન હાજર હતા. ત્યારે મંદિર ખોલતા માતાજીનો સોનાનો મુગટ અને ચાંદીના ફરા મળી આવ્યા ન હતા.

બાદ આસપાસમાં તેમજ અશ્વિનભાઈ અને ચંદુભાઈને પૂછતાં તેમને પણ આ અંગે કંઈ ખબર ન હોય અંતે યુવાને ચામુંડા માતાજીના મઢમાંથી રૂ ૬૦ હજારની કિંમતનો સોનાનો મુગટ અને રૂ. ૫૬ હજારની કિંમતના ચાંદીના ચાર ફરા મળી કુલ રૂ. ૧.૧૬ લાખના આભૂષણોની ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

બનાવને પગલે યુનિવર્સીટી પોલિસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલાની ટીમે તસ્કરને સકંજામાં લઈ મુદ્દામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરી છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ

**શ્રધ્ધાંજલિ**

**સ્વ.ભરતભાઈ મનસુખભાઈ બારાઈ**

સ્વ.12-2-25

વર્ષો આવશે અને વીતી જશે, સ્મરણો અમારા હૃદયમાં ભુતકાળ બનીને નહીં, પરંતુ સ્મરણીય બનીને સદાય અમર રહેશે. હયાતીનો અહેસાસ હજુયે લાગે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

બારાઈ પરીવારનાં જય દ્વારકાધીશ, જય જલારામ

અવધેશ એજન્સીઝ - અવધેશ લુબ્રીકેન્ટસ

જી.એન.બારાઈ & કું. ઓખા | જી.એન.બારાઈ & કું. IOC પંપ, દ્વારકા | બારાઈ એન્ટરપ્રાઈઝ મીઠાપુર

SARJAN


# ૧૫ વર્ષીય સગીરા સાથે શારીરિક અડપલાં: સિકંદર સકંજામાં

## ઘરેથી કોઈને કહ્યા વિના નીકળી ગયેલી સગીરાની રાજકોટ બસ સ્ટેન્ડ ખાતે રીક્ષાચાલકે પીઠના ભાગે હાથ ફેરવી જાતીય સતામણી કરી

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણી પંથકની એક ૧૫ વર્ષીય સગીરા સાથે બસ સ્ટેન્ડ ખાતે રીક્ષાચાલકે શારીરિક અડપલાં કર્યા હતા. ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલી ધો.-૧૦ ની વિદ્યાર્થીનીના પીઠના ભાગે હાથ ફેરવી જાતીય સતામણી કરનાર શખ્સ વિરુદ્ધ એ ડિવિઝન પોલિસે ગુનો નોંધી તાત્કાલિક સકંજામાં લીધો હતો.

સગીર પુત્રી સાથે બનેલી ઘટના અંગે કોટડાસાંગાણી પંથકમાં રહેતા ૪૩ વર્ષીય પિતાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સિકંદર નામના શખ્સનું નામ આપતાં એ ડીવીઝન પોલિસે બીએનએસની કલમ ૭૫ અને પોક્સો એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદીએ ફરિયાદમાં આપેલી વિગતોની પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત

### એ ડીવીઝન પોલિસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી જંગલેશ્વરના શખ્સને દબોચી લીધો

વિગત અનુસાર તેઓ અને તેમની પત્ની બંને કારખાનામાં મજૂરી કરે છે. તેમને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. જેમાં સૌથી મોટી દીકરી ૧૫ વર્ષ સાત માસની છે જે ધોરણ ૧૦ માં અભ્યાસ કરે છે. તેનાથી નાની દીકરી ૧૪ વર્ષની ની છે. જે ધોરણ ૮ માં અભ્યાસ કરે છે અને તેનાથી નાનો દીકરો ૧૨ વર્ષનો છે જે ધોરણ-૫ માં અભ્યાસ કરે છે. તેમની સૌથી મોટી પુત્રી ગોંડલ પંથકની એક સંસ્થામાં રહી અભ્યાસ કરે છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૮/૧/૨૦૨૬ ના રોજ મારા ભાઈની દીકરીના લગ્ન હોય જેથી મારી મોટી દીકરી અમારા ઘરે આવેલ હતી. બાદ ગત તા. ૧૦/૨/૨૦૨૬ ના રોજ મારી દીકરી ઘરે હાજર ન મળી આવતા અમોએ શોધખોળ કરેલ હતી. બાદમાં મે ગોંડલની સંસ્થા ખાતે ફોન કરી પુત્રી અંગે પૂછતાં તે ત્યાં પણ નહિ હોવાનું જાણવા મળ્યું હતું. બાદ ગઈ તા. ૧૦/૨/૨૦૨૬ ના રાત્રિના મારી દીકરીનો મને ફોન આવેલ કે, હું રાજકોટ છું અને તમે મને રાવકી ગામથી તેડી જાવ તેમ વાત કરેલ હતી. જેથી હું તથા ગોંડલની શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ રાવકીગામ ખાતે જઈ દીકરીને મળ્યા હતા. જયા તેણે વાત કરેલ કે, મે મારા જામકંડોરણાના મિત્રને રાજકોટની માધાપર ચોકડી ખાતે આવી ફોનથી વાત કરેલ કે, આપણે બંને ભાગી જઈ પરંતુ તેણે મને ના પાડેલ હતી. જે બાદ મારે ઘરે ન આવવુ હોય અને મારે નાનીના ઘરે નાસિક જવું હોય જેથી હું રીક્ષામાં બેસી રાત્રિના પોણા નવેક વાગ્યા વખતે રાજકોટ એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે ગયેલ હતી. બાદ મારે મોબાઈલનું ચાર્જર લેવાનું હોય જેથી હું બહારના ભાગે ગયેલ તો ત્યાં એક દાઢી વાળો માણસ આવેલ અને મને કહેલ કે, બેન તમારે કયાં જવું છે ? જેથી મે તેને કહેલ કે મારે નાસીક જવું છે. જેથી આ શખ્સે મને કહેલ કે, તું અહીંથી સુરત જતી રહે ત્યાંથી નાસીકની બસ મળી જશે. જે બાદ હું આ શખ્સ સાથે બસ સ્ટેન્ડમાં જઈ સુરતની બસ ચડેલ હતી પણ બસ ખાલી ન હોય જેથી હું નીચે ઉતરી ગયેલ હતી. બાદ બીજી બસમાં પણ જગ્યા મળી ન હતી.

ત્યારે ફરીવાર અજાણ્યો શખ્સ આવી મારી પીઠ પાછળ હાથ ફેરવેલ અને કહેલ કે, તું હજી અહીં કેમ ઉભી છો? તો મે કહેલ કે બસ ફુલ છે. તો તેણે મને કહેલ કે, હું તને લીંબડા ચોક ખાતે લઈ જાવ ત્યાંથી તને બસ મળી જશે. બાદ તે મને તેની રીક્ષામાં બેસાડી લીંબડા ચોક ખાતે લાવેલ હતો. બાદ ખાનગી ટ્રાવેલ્સમાં સીટ મળતા તેણે મારી ટિકિટના પૈસા આપી દીધેલ હતા. બાદ તેણે મારા મોબાઈલ નંબર પરથી તેના ફોનમાં ફોન કરી લીધેલ હતો. જે બાદ મેં તે શખ્સનું નામ પૂછતાં તેણે પોતાનું નામ સીંકદર જણાવેલ હતું. તેણે રાત્રિના પોણા બારની બસ છે કહી મને રીક્ષામાં બેસાડેલ હતી. બાદ મારા મોબાઈલમાં બેટરી લો હોય મેં સિકંદરને જણાવતા તે મારો મોબાઈલ લઈ ટ્રાવેલ્સની ઓફિસમાં જઈ મોબાઈલ ચાર્જમાં મુકેલ હતો. પરત આવીને તેણે મને નોકરી અપાવી દેવાનું કહી મને સુરત પહેલા એક ગામનું નામ આપી ત્યાં જ ઉતરી જવાનું કહેલ હતું જે ગામનું નામ મને હાલ યાદ નથી. બાદ તનેત્યાંથી બસ ન મળે તો તું દિલ્હી જતી રહેજે અને ત્યાં તને બસ ન મળે તો મને ફોન કરજે ત્યાંથી નાસીકની બસ કરાવી આપીશ તેમ જણાવ્યું હતું. બાદ સિકંદરે મને હોટેલમાં જમવા જવાનું કહ્યું હતું પણ મેં ના પાડી દીધેલ હતી. બાદ મેં મારા મામાને ફોન કરી હું નાસિક આવું છું તેમ જણાવી દીધું હતું. દરમિયાન મારા મોટા બાપુના દીકરા ત્યાંથી પસાર થતાં મેં સિકંદરને રીક્ષા હંકારી મુકવા જણાવ્યું હતું. જેથી તેણે રીક્ષા હંકારી મૂકી નવાગામ ખાતે લઈ ગયેલ હતો. દરમિયાન ગોંડલની સંસ્થાના મહિલા કર્મચારીનો ફોન આવતા તેણે મને પોતાનું લોકેશન મોકલવાનું જણાવતા મેં સિકંદર સાથે વાત કરાવતા મહિલા કર્મચારીએ સિકંદરને મને મવડી ચોકડી ઉતારી જવા જણાવ્યું હતું.

બાદ સિકંદરે મને પોતાની ઘરે લઈ જવા પૂછ્યું હતું પણ મેં ના પાડી દીધેલ હતી અને મહિલા કર્મચારીએ મને જયા ઉતારવાનું કહ્યું છે ત્યાં લઈ જવાનું કહ્યું હતું. બાદમાં રસ્તામાં તેણે બસની ટિકિટમાંથી પોતાનો નંબર ડીલીટ કરાવી નાખ્યો હતો. દરમિયાન તેણે કહેલ કે, તારે તારા ઘરેથી ભાગવું હોય તો મારો સંપર્ક કરજે અને આપણે બંને વચ્ચે બસ સ્ટેન્ડથી અહીં સુધી વાતચીત થયેલ છે તે તારા ઘરના સભ્યોને કહેતી નહી. બાદ તેણે મને રાવકી ગામે ઉતારી દીધેલ હતી. જે બનાવની જાણ થતાં સગીર પુત્રીના પીઠના ભાગે હાથ ફેરવી જાતીય સતામણી કરનાર શખ્સ વિરુદ્ધ એ ડિવિઝન પોલિસ મથકે દોડી જઈ ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ ડી વાય મહંતની ટીમે ગણતરીની કલાકોમાં જ જંગલેશ્વરમાં રહેતો રીક્ષા ચાલક સિકંદરને સકંજામાં લઈ કાર્યવાહી શરૂ કરી હતી.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર વેકરિયા સરોજબેન જયંતિભાઈ આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ વેકરિયા સરોજ જેન્તિલાલ હતું અને મેં મારું નવું નામ વેકરિયા સરોજબેન જયંતિભાઈ કરેલ છે. હવેથી મને વેકરિયા સરોજબેન જયંતિભાઈ તરીકે ઓળખવામાં આવશે.

સરનામું: પ્રાઇમરી સ્કૂલ પાસે, કેરાળા, સરપદડ, રાજકોટ, ગુજરાત - 360110



**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.** (મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : ‘અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય’, ૧૫૦’ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૭૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **દેવમુરારી હર્ષદભાઈ બાવનદાસ ને તા.૨૦/૦૫/૨૦૨૫** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા તેમજ **તા.૦૯/૦૬/૨૦૨૫** નાં રોજ અંગ્રેજી દૈનિક **"ધ ઈન્ડિયન એકસપ્રેસ"** તથા ગુજરાતી દૈનિક **"સાંજ સમાચાર"** માં પ્રસિધ્ધ કરાયેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૧૨,૯૮,૧૫૨=૭૬ (અંકે રૂપીયા બાર લાખ અઠાણું હજાર એકસો બાવન અને છોતેર પૈસા પુરા) + તા.૩૦/૦૪/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૦૫/૦૧/૨૦૨૬** નાં રોજ કરેલ હૂકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૦૮/૦૨/૨૦૨૬**નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૨૮/૦૧/૨૦૨૬** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૧૩,૮૩,૨૫૮=૭૬ (અંકે રૂપીયા તેર લાખ ત્યાંસી હજાર બસો અઠાવન અને છોતેર પૈસા પૂરા) + તા.૨૯/૦૧/૨૦૨૬** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે. દેવાદારને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના એકશન ૧૩(૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલ્કત પાછી મેળવી શકે છે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના હાલ રાજકોટ મ્યુની. કોર્પો. સમાવેશ થયેલ ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૧ પૈકી ૧ ની રહેણાંક હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૬ તથા પ્લોટ નં. ૭ ની જમીનના સબ પ્લોટસ પૈકી સબ-પ્લોટસ નં. ૬+૭/૧+૨+૩/૨ ની કુલ જમીન ચો.મી.આ. ૨૩૪-૮૩ ઉપર આવેલ રહેણાંક હેતુ માટેની લો- રાઈઝ બીલ્ડીંગ કે જે "પ્રમુખરાજ પેલેસ-૨" ના નામથી ઓળખાતા બીલ્ડીંગ માંહેના ફીફથ ફલોરમાં આવેલ ફલેટ નં. ૫૦૨ જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૩૬-૯૮ બરાબર ચો.ફુટ આ. ૩૯૮-૦૦ છે જે રજી.વે.દ.નં.૧૩૪૦, તા.૦૪/૦૩/૨૦૨૨ નાં રોજ થી દેવમુરારી હર્ષદભાઈ બાવનદાસ ના નામે છે તે મિલ્કત.

**ચતુર્દીશા : ઉત્તરે :-** તે તરફ અન્ય માલીકીની મીલકત આવેલ છે.
**દક્ષિણે :-** તે તરફ ફલેટ નં. ૫૦૧ ની મીલકત આવેલ છે.
**પુર્વે :-** તે તરફ અન્ય માલીકીની મીલકત આવેલ છે.
**પશ્ચિમે :-** તે તરફ કોમન પેસેઝ, સીડી તથા લીફટ આવેલ છે. જેમાં આ ફલેટનો દરવાજો આવેલ છે.

**મિલ્કતનું સરનામુ :-** ફલેટ નં. ૫૦૨, પાંચમો માળ, પ્રમુખરાજ પેલેસ-૨, પ્રમુખરાજ સોસાયટી, શેરી નં. ૩, કોઠારીયા ગામ પાસે, કોઠારીયા રોડ, રાજકોટ-૩૬૦૦૨૨.

**તા. ૧૧/૦૨/૨૦૨૬**
**રાજકોટ.**

**અધિકૃત અધિકારી,**
**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ**



**પશ્ચિમ રેલવે રાજકોટ ⇌ લાલકુઆન વચ્ચે સાપ્તાહિક ખાસ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૦૪૬ | રાજકોટ - લાલકુઆન | ૦૨/૦૩/૨૦૨૬ થી ૩૦/૦૩/૨૦૨૬ | ૨૨:૩૦ કલાકે (સોમવાર) | ૦૫:૧૫ કલાકે (બુધવાર) |
| ૦૫૦૪૫ | લાલકુઆન - રાજકોટ | ૦૧/૦૩/૨૦૨૬ થી ૨૯/૦૩/૨૦૨૬ | ૧૨:૩૫ કલાકે (રવિવાર) | ૧૮:૧૦ કલાકે (આગામી દિવસ) |

**હોલ્ટ્સ:** વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવારા, મારવાડ ભીનમાલ, મોદરન, જાલોર, મોકલસર, સમધારી, લુની, જોધપુર, ગોતાન, મેર્તા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાઉન, બરેલી, બરેલી સિટી, ઇજ્જતનગર, ભોજી પુરા, બહેરી અને કિછા સ્ટેશન બંને દિશામાં.

**રચના:** એસી - ૨ ટાયર, એસી - ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતિ માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ માટે બુકિંગ ૧૩/૦૨/૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in

અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.



**જાહેર સમન્સ**

ઓર્ડર ૫, રૂલ ૨૦

રાજકોટના મહે.ચીફ/એડી.સ્મોલ જજ સાહેબ,સ્મોલ કોર્ટ સમક્ષ,રાજકોટ

આથી નીચે મુજબના પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. ના સીટી સર્કલના સબ ડીવીઝનના નીચે લખ્યા પ્રતિવાદીઓ(બાકીદારો) ને આ જાહેર સમન્સથી જાણ કરવામા આવે છે કે વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. ના નીચે લખ્યા સબ ડીવીઝનના નીચે દર્શાવેલ પ્રતિવાદીઓ સામે તેમના વીજ વપરાશના બીલની લેણી રકમ વસુલ મેળવવા માટે દાવો દાખલ કરેલ છે જેથી તમામ પ્રતિવાદીઓને **તા.૧૬/૩/૨૦૨૬**ના રોજ **સવારે ૧૦:૪૫** કલાકે નીચે જણાવેલ સ્થળે જાતે અગર વકીલશ્રી,મુખત્યાર મારફત હાજર રહેવુ. જો તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરીમા દાવો સાંભળીને તેનો નિકાલ કરવામા આવશે.

ચીફ સ્મોલ કોઝ કોર્ટ :- શ્રી આર.કે.ત્રીવેદી સાહેબની કોર્ટ , નવી ડીસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગ, ત્રીજો માળ, રૂમ નં.૩૦૭, એફ.સી.આઈ. ગોડાઉનની બાજુમા,રાજકોટ

એડવોકેટશ્રી:- પ્રફુલભાઈ એન.પંડયા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૭૭૮/૨૫ | ૧. ઘુસાભાઈ કાબાભાઈ (માલીક) | પ્રહલાદ પ્લોટ | ૧૪,૮૩૩-૪૯ |

એડવોકેટશ્રી:- જાગૃતિબેન એસ. વિઠલાણી

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૮૯૮/૨૫ | ૧.હરીસિંહ અમરસિંહ પરમાર(માલીક) ૨.બારડ શૈલેષભાઈ તખુભા (વપરાશકર્તા) | ખોખડદળ | ૩૧,૬૪૬-૦૪ |
| ૨ | ૧૦૫૦/૨૫ | અકબર અબ્દુલ ખિયાણી | બેડીનાકા | ૨,૨૭,૪૩૦-૧૧ |

એડવોકેટશ્રી:- અશ્વિનભાઈ એસ ભટ

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૫૬/૨૫ | રાંક પ્રકાશભાઈ છગનભાઈ | વાવડી અર્બન | ૩૧,૧૨૩-૦૫ |
| ૨ | ૧૦૫૮/૨૫ | વઘાસીયા પ્રશાંતભાઈ પરસોતમભાઈ | વાવડી અર્બન | ૩૬,૦૫૬-૬૨ |
| ૩ | ૧૦૬૦/૨૫ | ધનાભાઈ રઘુભાઈ જોગરાણા | વાવડી અર્બન | ૧૯,૮૦૫-૨૧ |

એડવોકેટશ્રી:- કેતન જી.વોરા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨૨૪/૨૫ | અમી કિશોરભાઈ શાહ(ભાડુઆત) સંજય કાનજી ચાવડા(મકાન માલીક) | બેડીનાકા | ૧૪,૧૨૭-૫૮ |
| ૨ | ૬૩૬/૨૫ | મેનાબેન રણજીતભાઈ સોવાસીયા | રૈયા રોડ | ૧,૪૩,૨૫૮-૮૬ |

એડી. સ્મોલ કોઝ કોર્ટ :- શ્રી પી.જી.ગોસ્વામી સાહેબની કોર્ટ , નવી ડીસ્ટ્રીકટ કોર્ટ બીલ્ડીંગ, ત્રીજો માળ, રૂમ નં.૩૧૨, એફ.સી.આઈ. ગોડાઉનની બાજુમા,રાજકોટ

એડવોકેટશ્રી:- પ્રફુલભાઈ એન.પંડયા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૭૭૫/૨૫ | ચેતનકુમાર મગનલાલ ગણાત્રા | પ્રહલાદ પ્લોટ | ૬,૦૫૪-૫૪ |
| ૨ | ૭૧/૨૬ | વિજયાબેન અરવિંદભાઈ ચારોલીયા | રૈયા રોડ | ૯,૩૫૨-૧૪ |

એડવોકેટશ્રી:- જાગૃતિબેન એસ. વિઠલાણી

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧. | ૯૦૧/૨૫ | ૧.પ્રાગજીભાઈ માવજીભાઈ ગોહિલ (માલીક) ૨.વિજયભાઈ ડાયભાઈ ડાભી (વપરાશકર્તા) | ખોખડદળ | ૮,૭૮૧-૬૫ |
| ૨. | ૯૦૫/૨૫ | પ્રેમજીભાઈ માણંદભાઈ ચૌહાણ | ખોખડદળ | ૯,૮૭૬-૦૨ |
| ૩ | ૯૦૭/૨૫ | દિપકભાઈ રમેશભાઈ વાઘેલા | ખોખડદળ | ૮,૪૭૯-૯૭ |
| ૪ | ૬૩/૨૬ | પ્રકાશભાઈ મગનભાઈ પટેલ | ખોખડદળ | ૨૫,૧૦૪-૩૦ |

એડવોકેટશ્રી:- અશ્વિનભાઈ એસ ભટ

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૫૧/૨૫ | જોમાબેન રઘુભાઈ કાનાભાઈ ભરવાડ | વાવડી અર્બન | ૧૫,૨૯૪-૯૯ |
| ૨ | ૧૦૫૩/૨૫ | સોરા ઉમરભાઈ અલીભાઈ | વાવડી અર્બન | ૫૨,૫૮૪-૪૫ |
| ૩. | ૧૦૫૯/૨૫ | રાંક પ્રવિણભાઈ વીરજીભાઈ | વાવડી અર્બન | ૩૦,૩૧૧-૦૦ |
| ૪. | ૫૫૮/૨૫ | રમેશભાઈ બીજલભાઈ રાઠોડ | આજી-૧ | ૧,૧૧,૦૨૧-૭૬ |
| ૫. | ૫૬૦/૨૫ | વિશાલભાઈ વિજયભાઈ રાઠોડ | આજી-૧ | ૧,૩૫,૮૩૧-૬૭ |
| ૬. | ૫૬૪/૨૫ | રમેશભાઈ વલ્લભભાઈ સોલંકી | આજી-૧ | ૧,૪૩,૨૬૬-૮૯ |
| ૭ | ૭૯/૨૬ | પુનમબેન અશોકભાઈ ગોંડલીયા | વાવડી અર્બન | ૬૦૪૪-૫૪ |
| ૮ | ૮૧/૨૬ | વહીદાબેન બશીરભાઈ શાહમદાર | વાવડી અર્બન | ૩૫,૦૯૯-૯૯ |

એડવોકેટશ્રી:- ભવેન એ. બક્ષી

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૮૧૭/૨૫ | દુર્ગાબેન મનજીભાઈ ચૌહાણ | રણછોડ નગર | ૧૧,૧૬૭-૮૯ |
| ૨ | ૮૧૫/૨૫ | કાન્તાબેન છગનભાઈ વાઘેલા | રણછોડ નગર | ૧૦,૫૯૧-૯૯ |
| ૩ | ૭૦૯/૨૫ | રમેશભાઈ દુદાભાઈ ધાયા | મોરબી રોડ | ૮૫,૫૯૯-૮૬ |

એડવોકેટશ્રી:- કેતન જી. વોરા

| ક્રમ | દાવા નંબર/વર્ષ | પ્રતિવાદીનુ નામ | સબ ડીવીઝન | દાવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૧/૨૩ | સુનીલભાઈ બી ભરડવા | રૈયા રોડ | ૧૦,૯૦૨-૧૯ |

આજ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીકકો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

| | | | | |
|---|---|---|---|---|
| તૈયાર કરનાર | તૈયાર કરનાર | મુકાબલ કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
| (એન.એચ.તન્ના) | ( એસ.જી.સિંધવ) | (કે.જી.વાઘેલા ) | (જે.એ.ઘેટીયા) | (વિ.વિ. ભુત ) |
| આસીસ્ટન્ટ | આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ | સુપ્રિટેન્ડન્ટ | રજીસ્ટ્રાર ✓ |
| ચીફ સ્મોલ કોઝ કોર્ટ | એડી.સ્મોલ કોઝ કોર્ટ | ચીફ સ્મોલ કોઝ કોર્ટ | એડી.સ્મોલ કોઝ કોર્ટ | સ્મોલ કોઝ કોર્ટ |

તંત્રી લેખ

# સહકાર માળખું સ્માર્ટ બનશે

ગુજરાતના સહકાર માળખાંને સ્માર્ટ બનાવતી નવિન ક્રાંતિનો શુભારંભ થયો છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ થયું છે.સરકાર-સહકાર અને ટેક્નોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી છે.ડેરી ઈકો સિસ્ટમને સંગીન કરવા ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે કેન્દ્રીય બજેટમાં વિશેષ ફંડની જોગવાઈ પણ કરવામાં આવી છે

વૈશ્વિક ટ્રેડ ડિલથી દેશના ડેરી સેક્ટરને લાભ - ભારત વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપભેર આગળ વધશે. દેશની આર્થિક વિકાસયાત્રા તેજ ગતિએ આગળ વધી છે તેમાં ટેકનોલોજીનો મહત્વનો ફાળો છે. અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઈ.ટી. સિસ્ટમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઈન્ટીગ્રેટ કરીને હવે અમૂલ એ.આઈ.થી એડવાન્ટેજ ઈન્ડિયા માટે સજ્જ થયું છે.

અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડિલ ડેરી ક્ષેત્ર માટે લાભદાયી થશે ડેરી પ્રોડક્ટ્સની ઈમ્પોર્ટને બાકાત રાખવાના તેમના આગવા નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર ૧૦ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવન નિર્વાહ સુરક્ષિત રહેશે.

ભારત ડેરી સેક્ટર દૂધ ઉત્પાદન વધારીને વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપથી આગળ વધશે.

નવી ટેકનોલોજી અને ઈનોવેશન આવનારા સમયમાં ઈકોનોમીના ડ્રાઈવિંગ ફોર્સ બનશે તેમાં ગ્રામ્ય, કૃષિ, પશુપાલન અને દૂધ ઉત્પાદન સાથે સહકાર ક્ષેત્ર લીડ લેશે.



# રતિલાલજી મ.સા.ની ૨૮મી વાર્ષિક પૂણ્ય સ્મૃતિદિનની ઉજવણી

## જપ સાધના, મૌન ધ્યાન સાધના, ત્રિરંગી સામાયીક નવકારશી તથા ગૌતમ પ્રસાદ આયોજન



અબતક, રાજકોટ

ગોંડલગચ્છના જપ-માણેક-પ્રાણ ગુરુદેવના પટ્ટધર શિષ્યરત્ન અનન્ય અવધુત આજીવન મૌનવ્રતધારી તપસમ્રાટ પૂ. ગુરુદેવ રતિલાલજી મ.સા. ની ૨૮ મી વાર્ષિક પુણ્યતિથિ રાજકોટ ના ભાગોળે આવેલ તપસમ્રાટ તીર્થધામના પાવન પ્રાંગણે ગિરીશમુની મ. સા. ના સુશિષ્ય ગુજરાતરત્ન સુશાંતમુનિ મ. સા., તથા નિડરવકતા પૂ. ગુરુદેવ જગદીશમુનિ મ.સા.ના સુશિષ્ય સદ્ગુરુદેવ પારસમુનિ મ. સા એવં વિશાળ પરિવાર ધારક મુક્ત-લીલમ-ગુરુણીના સુશિષ્યાઓ સદાનંદી પૂ.સુમતિબાઈ મ.સ., કલ્પનાબાઈ મ.સ., નંદા-સુનંદાબાઈ મ.સ. ઠાણા-૩ , ડો.અમિતાબાઈ મ.સ., પૂ.સુનિતાબાઈ મ.સ., રશ્મિતાબાઈ મ.સ., ડો.સુજિતાબાઈ મ.સ., નલિનિબાઈ મ.સ., અંજીતાબાઈ મ.સ., સંજીતાબાઈ મ.સ., શ્વેતાંસીબાઈ મ. સ., પૂ.હેમાંક્ષીબાઈ મ.સ., નમ્રતાબાઈ મ.સ., વિનીતાબાઈ મ.સ., રાષ્ટ્રસંત પરમ ગુરુદેવન સુશિષ્યાઓ પરમ મહાસતીજીઓના સુમંગલ સાંનિધ્યમાં તપસમ્રાટ ગુરુદેવ રતિલાલજી મ.સા.ની ૨૮ મી વાર્ષિક પુણ્યસ્મૃતિદિનની ઉજવણી સંપન્ન થયેલ છે.

જેમાં સવારે સોનેરી સૂર્યોદયે ૬:૧૫ કલાકે સદર ઉપાશ્રય જૈન સંઘ થી ૭ કી.મી. ની દર્શન ભાવ પદયાત્રા નીકળેલ હતી જેમાંઈ ૩૦૦ જેવા પદયાત્રી જોડાયા હતા. તેમજ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન મેહુલભાઈ રવાણી એ કરેલ હતું.

તેવા પુણ્યવંતા અને ભાગ્યશાળી શ્રાવક ભાઈઓ બહેનો તથા બાળકો માટે (૧) ૯ સુવર્ણની ગિની ધર્મવત્સલયા સ્વ.અનસુયાબેન નટવરલાલ શેઠ પરિવાર (૨) ૯ રજતની લગડી જૈન શ્રેષ્ઠી રૂષભ ચંદ્રકાંતભાઈ શેઠ (૩) ૯ રૂદ્રાક્ષની માળા આ કાર્યક્રમના પ્રેરક રાષ્ટ્રસંત પૂ. નમ્રમુની મ. સા. પ્રેરિત પારસ-પાવન-પરમધામ તરફથી લક્કી ડ્રો સમારોહ મધ્યે થશે, પદયાત્રીઓ માટેના બહુમાનના કવર તથા પાવનોત્સવ સમગ્ર આયોજન માટે માતુશ્રી વિજયાબેન માણેકચંદ ડાયાભાઈ શેઠ હ: સ્વ. દિલસુખભાઈ અને શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ, પૂ.રતિલાલજી મ. ચેરીટેબલ ટ્રસ્ટ હ:ટ્રસ્ટી ટી.આર.દોશી, શ્રીમતી મીનાબેન નરેન્દ્રભાઈ દોશી, માતુશ્રી કાશ્મીરાબેન કાંતિલાલ લાધાભાઈ શેઠ, શ્રીમતી કોકિલાબેન પ્રતાપભાઈ કામદાર (મુંબઈ), શ્રીમતી ભાવનાબેન વસંતભાઈ તુરખિયા, કાંતિલાલ પ્રમચંદભાઈ વોરા, માતુશ્રી લીલાવંતીબેન વસંતભાઈ મોટાણી, મનહર પ્લોટ સ્થા. જૈન સંઘ, માતુશ્રી ઉષાબેન હસમુખભાઈ મોદી હ: શ્રી અલ્પેશભાઈ મોદી લાભ લઈ રહ્યા છે તેમજ સવારની નવકારશી માટે અનન્ય ગુરૂભક્ત સ્વ.નટવરલાલ હરજીવનદાસ શેઠ વિસાવદરવાળા, ગુરૂપ્રસાદ તથા સમીયાણા માઈક રાષ્ટ્રસંત પૂ. નમ્રગુરૂના પરમ ગુરૂ ભક્ત અને શ્રધ્ધાવંત ભાવિકો માટે જતા અને વળતા બસની છેલ્લા ૨૭ વર્ષથી લાગલગાટ વ્યવસ્થાનો લાભ લેતા એચ. જે. સ્ટીલ હસ્તે વિનોદભાઈ હરિલાલ જેચંદભાઈ દોશી તરફથી છે. બસની વ્યવસ્થાનું સંચાર સંકલન જૈન શ્રેષ્ઠી મયુરભાઈ શાહ - વિમાલભાઈ શેઠ કરી રહ્યા છે.

તપસમ્રાટ ગુરુ ગુણાંજલીના અવસરે સંઘોના હોદ્દેદારઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રતિગુરૂ ફાઉન્ડેશન મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ચંદ્રકાંતભાઈ શેઠની આગેવાની હેઠળ બીપીનભાઈ પારેખ, ભાવેશભાઈ શેઠ, કિશોરભાઈ દોશી, કમલભાઈ બદાણી, કમલેશભાઈ મોદી, જિમીભાઈ શાહ, સભ્યોએ સંપૂર્ણ કાર્યક્રમમાં ખૂબ જ જહેમત ઉઠાવી હતી તેમજ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબણી પ્રેરણાથી અર્હમ્ ગ્રુપ ના કાર્યકર્તાઓ અને લુક-એન્ડ-લર્ન દીદીઓ વિશાળ સંખ્યામાં હાજરી આપે સાથે પૂ. ગુરુભક્તો અને ગુરૂણીભક્તો ની ૮૦૦ ઉપરાંત થી વધુ સંખ્યામાં ઉપસ્થિત હતા.

# શિવરાત્રી નિમિત્તે સૌપ્રથમવાર ઓશો ગીતા નિવેદિતા જ્ઞાનમંદિરમાં યોજાશે શિવ તાંડવ ધ્યાન શિબિર

અબતક, રાજકોટ

રાજકોટ ના કિસાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા જ્ઞાનમંદિર માં શિવરાત્રીએ સૌપ્રથમવાર શિવ તાંડવ ધ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવરાત્રી નિમિત્તે તારીખ ૧૫ રવિવારે બપોરના ચાર થી રાતના ૮ દરમિયાન ઓછું ધ્યાન શિબિરમાં પ્રથમ વાર શિવજીની થીમ પર શિવરાત્રીએ આનંદ યોગીની ચેતનાબેન ના સંચાલનમાં ધ્યાન શિવ તાંડવ ધ્યાન નું આયોજન કરવામાં આવ્યું છે ઓશો ગીતા નિવેદિતા ધ્યાન શિબિર કિસાનપરા ચોક એ.જી ઓફિસ પાછળ રાજુભાઈ ફૂલવાળા ની બાજુમાં યોજાનારી આ શિબિર માં જોડાવા માંગતાભાવિકોએ સ્વામી સત્યપ્રકાશ૯૪૨૭૨૫૪૨૭૬ સંજીવ રાઠોડ ૯૮૨૪૮૮૬૦૭૦ વિજયભાઈ ભુવા સ્વામી પ્રેમ મુસાફિર૯૩૨૮૫૨૦૫૯૩ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# જીલ્લા ભાજપ પરિવારે પંડિત દિનદયાળ ઉપાધ્યાયને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

## સમર્પણ દિન નિમિતે ગુરુજીને અપાય ભાવ વંદના



અબતક, રાજકોટ

રાજકોટના પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ સમર્પણ દિને જીલ્લા ભાજપ પરિવારે ગુરુજીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ સમર્પણ દિનઅંતર્ગત રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાના માર્ગદર્શન હેઠળ તથા મુખ્ય વક્તા શાસન પક્ષના નેતા મનીષભાઈ રાડીયા, રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, કાર્યક્રમના જીલ્લા સહ-ઈન્ચાર્જ રાજુભાઈ બાલધા, મુકેશભાઈ મેર,જીલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે 'શ્રી કમલમ' જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ભાજપ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સંબોધતા મનીષભાઈ રાડીયાએ જણાવ્યું હતું કે, પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીએ સમાજની છેવાડાની વ્યક્તિના ઉત્થાન માટે 'અંત્યોદય'નો વિચાર આપ્યો હતો. તેમના જીવનના મૂલ્યો આજે પણ કરોડો કાર્યકર્તાઓ માટે પ્રેરણારૂપ છે. પંડિતજીનું સમગ્ર જીવન રાષ્ટ્ર અને સંગઠન માટે સમર્પિત હતું, જેમાંથી પ્રેરણા લઈ આજે ભાજપ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે

આ કાર્યક્રમમાં જીલ્લા ઉપપ્રમુખ કાજલબેન ગોંડલીયા, સતીશભાઈ ભીમજીયાણી, પ્રવીણભાઈ હેરમા, ડો.દિપકભાઈ પીપળીયા, દેવભાઈ કોરડીયા,ડસહીતના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલનજીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ તથા આભારવિધિ જીલ્લા ઉપપ્રમુખ રાજુભાઈ બાલધાએ કરી હતી,તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયાની યાદીમાં જણાવે છે.

# શહેર ભાજપ સંગઠન માળખામાં મંત્રી પદે નિશાબેન રાણપરાની નિમણૂંક

## નિશાબેન રાણપરાનું સોની સમાજ દ્વારા કરાયું ભવ્ય સન્માન



અબતક, રાજકોટ

રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખામાં સોની સમાજના અગ્રણી અને સક્રિય કાર્યકર નિશાબેન રાણપરાની વરણી કરવામાં આવી છે. નિશાબેનની રાજકોટ શહેર ભાજપના મંત્રી પદે નિમણૂંક થતા સમગ્ર સોની સમાજમાં આનંદની લહેર છવાઈ ગઈ છે. આ નિમણૂંકને વધાવવા અને નિશાબેનને પ્રોત્સાહિત કરવા માટે સોની સમાજ દ્વારા વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સોની સમાજ દ્વારા નિશાબેન રાણપરાનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

નિશાબેન રાણપરા છેલ્લા દસ વર્ષથી વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાઈને નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરી રહ્યા છે. તેઓ લાયન્સ કલબ રાજકોટ ગોલ્ડમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે મહત્વની જવાબદારી સંભાળી રહ્યા છે. સોની સમાજના મહિલા અગ્રણી તરીકે તેઓ સ્ત્રી સશક્તિકરણ અને સામાજિક ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ રહે છે. સંગઠનમાં સોની સમાજની બહેનને મહત્વનું સ્થાન મળતા સમાજનું ગૌરવ વધારવા માટે આ સત્કાર સમારોહ યોજાયો હતો. તેઓને સોની સમાજ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# બજરંગ ગ્રુપ યોજાશે યુવા પસંદગી મેળો તા.૧૫ સુધીમાં ફોમ ભરવા અપીલ

અબતક, રાજકોટ

બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સીટીની યાદી મુજબ લોહાણા સમાજના અપરિણીત સંતાનો માટે બજરંગ ગ્રુપની આગામી પહેલ તરીકે આગામી તા. ૮મી માર્ચ ૨૦૨૬ન બપોરના ૨ થી ૭ દરમ્યાન લોહાણા સમાજના અપરણિત યુવકો અને યુવતિઓ માટે નિશુલ્ક પરિચય મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં યુવકો માટે ગ્રેજયુએશનથી માંડી હાઈકવોલીફાઈડ તેમજ યુવતિઓ માટે સ્કુલ અભ્યાસથી ગ્રેજયુએશન, ઉચ્ચ શિક્ષણ લાયકાત ધરાવતા ઉમેદવારોને લીમીટેડ માત્રામાં એન્ટ્રી આપવામાં આવશે. પરિચય પસંદગી સમારોહમાં જોડાવવા માટે યુવક અને યુવતિઓએ પતાના કલરફુલ ફોટાવાળી ૪ બાયોડેટા તેમજ ૫ ફોટા સાથે વહેલા તે પહેલા ધોરણે કિશોરભાઈ ધનજીભાઈ કારીયા મો. નં. ૯૪૨૮૨ ૫૪૦૦૮ ઉપર તેમજ હસમુખભાઈ ગણાત્રા મો. નં. ૯૮૨૪૧ ૫૪૪૧૧ ઉપર તેમજ જતીનભાઈ ભીંડોરા મો. નં. ૯૮૨૫૦ ૭૫૧૫૪ ઉપર સંપર્ક કરવા વિનંતી, ફોર્મ ભરવા માટે રવિવારે સાંજે ૪ થી ૬ લોહાણા સમાજ વેવિશાળ કેન્દ્ર, રાધેશ્યામ કોમ્પ્લેકસ ગ્રાઉન્ડ ફ્લોર, પંચમુખી હનુમાનજી દેરી પાસે ગરેડીયા કુવા રોડ ખાતે વહેલા તે પહેલાના ધોરણેસમયસર સંપર્ક કરવા વિનંતી કરેલ છે.

# રાજકોટથી લાલકુઆં વચ્ચે વીકલી સ્પેશિયલ ટ્રેન દોડશે

## ૧૩ ફેબ્રુઆરીથી ટિકિટ બુકિંગ શરૂ થશે

અબતક, રાજકોટ

મુસાફરોની વધતી માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ અને લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર વીકલી સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કુલ ૧૦ ટ્રિપ્સ માટે આ ટ્રેન સેવા ઉપલબ્ધ રહેશે.


ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ દર સોમવારે રાજકોટથી રાત્રે ૨૨:૩૦ કલાકે ઉપડશે અને બુધવારે સવારે ૦૫:૧૫ કલાકે લાલકુઆં પહોંચશે. આ સેવા ૨ માર્ચ, ૨૦૨૬ થી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે.

તે જ રીતે ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ દર રવિવારે લાલકુઆંથી બપોરે ૧૨:૩૫ કલાકે પ્રસ્થાન કરીને બીજા દિવસે સાંજે ૧૮:૧૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન ૧ માર્ચ, ૨૦૨૬ થી ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી દોડશે. આ સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોડરન, જાલોર, મોકલસર, સમદડી, લુણી, જોધપુર, ગોટન, મેડતા રોડ, દેગાણા, મકરાણા, કુચમન સિટી, નાવા સિટી, ફુલેરા, જયપુર, દૌસા, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ સિટી, કાસગંજ, સોરોન શુકર, બદાયું, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર, ભોજીપુરા, બહેરી અને કિચ્છા સ્ટેશનો પર રોકાશે.

ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ માટેનું બુકિંગ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬થી તમામ PRS કાઉન્ટર તેમજ IRCTCની સત્તાવાર વેબસાઈટ પર શરૂ થશે.

# એસજીવીપી ગુરૂકુલ દ્વારા દ્રોણેશ્વર ગુરૂકુલમાં સંતો સાથે કથાવાર્તા કાર્ય શિબિર યોજાઈ



અબતક, રાજકોટ

શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી બાલકષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી એસજીવીપી ગુરુકુલ દ્વારા દ્રોણેશ્વર ગુરુકુલમાં સંતો અનેભકતો માટેકથાવાર્તા કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું,કથાકાર કેવીરીતે તૈયારી કરેતો પ્રાચીન અને અર્વાચીન શાસ્ત્રોનેસારી રીતે સ્વયં સમજીને શ્રોતા આગળ પીરસી શકે.યુવાન સંતોઅને પાર્ષદોએ મોટી સંખ્યામાં ભાગ લીધોહતો

કથાવાર્તા કાર્ય શિબિરનું આયોજન શામજીભગત દ્વારા કરવામાં આવેલ જેમાંકથાકારકેવી રીતે તૈયારી કરીશકે,કથા પ્રવચન,વ્યાખ્યાન, સભા સંચાલન,અને કથા આયોજન આ દરેક બાબતોને પ્રાયોગિકરીતે સમજાવીને વર્કશોપ શરુ કરવામાઆવેલ.

આ શિબિરની વ્યવસ્થા દ્રોણેશ્વર ગુરુકુલના કોઠારી હરિકૃષ્ણદાસજી સ્વામી તથાનરનારાયણદાસજી સ્વામીએ સંભાળેલ. આ શિબિરની વ્યવસ્થામાં કાળુ ભગત,ચદુભાઈ ધાનાણી તેમજ ફાટસર,ઈંટવાયા વગેરે ગામોના હરિભકતો જોડાયા હતા.

આપ્રસંગે પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ શિબિરનો મહીમા સમજાવ્યો હતો,

વહલી સવારે સ્નાન વિધિબાદ રામશ્યામ અને ઘનશ્યામ મહારાજની સાનિધ્યમાં એસજીવીપી હોસ્ટેલમાં રહેતા ૪૦૦ વિદ્યાર્થીઓ અને એસજીવીપી દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ૧૭૫ઋષિકુમારા દૈનિક પુજામાં જોડાયા.

# કાલે વિજયા એકાદશીનું મહત્વ

અબતક,રાજકોટ

વિજયા એકાદશીનું વ્રત રહેવાથી જીવનની મુસીબત દૂર થાય છે મહા વદ એકાદશીના દિવસે પ્રાતઃ કાળે સ્નાનવિધિ થી પરવારી એક બાજોઠ ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખા રાખી તેના ઉપર પાણી ભરેલા કળશની સ્થાપના કરવી બાજુમાં દીવો કરવો કળશ મા અબીલ ગુલાલ કંકુ સોપારી રૂપિયો પધરાવા પાંચ આસોપાલવ ના પાન પધરાવી ઉપર શ્રીફળ રાખવુ તથા ફળફળાદિ વગેરે દ્વારા પૂજા કરવી, તેના પર જવના દાણાનો છંટકાવ કરવો. ગંધ, ધૂપ, દીપ, નૈવેદ્ય મા પેંડા ધરવા આરતી કરવી પુરૂષોત્તમ નારાયણનુ ભજન-કીર્તન કરવું અને બ્રાહ્મણને ત્રાંબાનો કળશ અથવા માટીનો ઘડો દાનમાં આપવો. આ વ્રત વિધી અનુસાર વ્રત કરવાથી જરૂર તમારો વિજય થશે. શ્રીરામે પણ મુનિવર્યના આદેશ અનુસાર વિજયા એકાદશીનું અનુપમ વ્રત કર્યું હતું અને આ વ્રતના પ્રભાવને લીધે તેમનો વિજય થયો. આ વ્રત કરનાર આ લોક અને પરલોકમાં સુખી થાય છે. જીવનમાં તે વિજયને પામે છે, મૃત્યુ પછી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તેના સર્વ પાપો નષ્ટ થાય છે અને વ્રતકથા વાંચનાર તથા સાંભળનારને અશ્વમેધ યજ્ઞનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રી રાજદીપ જોશી ( વેદાંત રત્ન )

# શહીદ દિન નિમિત્તે સેવન સ્ટાર મ્યુઝિકલ ગ્રુપ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન

અબતક, રાજકોટ

સેવન સ્ટાર મ્યુઝિકલ ગ્રુપ, રાજકોટ દ્વારા શહીદ દિન નિમિત્તે આવતી કાલે તા. ૧૪-૦૨-૨૦૨૬, શનિવારે સાંજે ૫:૩૦ થી ૯:૦૦ વાગ્યા સુધી ઈવનિંગ પોસ્ટ ખાતે દેશભક્તિ ગીતો તેમજ નવા-જૂના હિન્દી ફિલ્મોના લોકપ્રિય ગીતોની સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનું આયોજન મોરબી જિલ્લા અદાલતના નિવૃત ક્લાસ-વન સ્ટેનોગ્રાફર અને સેવન સ્ટાર મ્યુઝિકલ ગ્રુપના આયોજક શૈલેષ કારીયા દ્વારા કરવામાં આવ્યું છે. સંગીતપ્રેમી જનતાને દેશભક્તિના સૂરોથી ઓતપ્રોત આ સાંજે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવાની અપીલ આયોજકો દ્વારા કરવામાં આવી છે કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈલેષ કારીયા સાથે અલ્કા કેસરીયા, નિવૃત સેશન્સ જજ દીપક ત્રિવેદી, શૈલેષ ઠક્કર, હિરેન સોનેજી, વૈશાલી ઠક્કર, રીના પરમાર, હિરેન ઠક્કર, પ્રકાશ નથવાણી, વિજય કિશોર, અનિલ ત્રિવેદી, જયેશ પોપટ, માનસી કારીયા, હિના કારીયા અને જગદીશ કારીયા સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# માનવ કલ્યાણ મંડળ ટ્રસ્ટ સંચાલિત"બાનુ- ઘર" દ્વારા કાલે મફત આરોગ્ય તપાસ કેમ્પનો ધમધમશે સેવા યજ્ઞ

અબતક રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં માનવસેવા માટે જાણીતી સંસ્થાઓમાં શિરમોર માનવ કલ્યાણ મંડળ ટ્રસ્ટ સંચાલિત "બાનુ ઘ"ર દ્વારા તારીખ૧૩ફેબ્રુઆરી સવારે ૯થી ૧૧વાગ્યા સુધી એચએમડીસી કાલાવડ રોડ પાસે મફત આરોગ્ય તપાસ કેમ નું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય તપાસ કેમ્પમાં તજજ્ઞ અનુભવી ડોકટર દ્વારા આરોગ્યની તપાસ કરવામાં આવશે લેબોરેટરી સુવિધા સાથે જરૂરી ટેસ્ટ દવાઓ અને આરોગ્ય સલાહ આપવામાં આવશે આ કેમ્પમાં એમડી ન્યુરો ફિઝિયો ગોલ્ડ મેડાલિસ્ટ ડો અંકિત પટેલ, એમ બી બી એસ ડો,શુક્લ સેવા આપશે આ કેમ્પને સફળ બનાવવા સસ્થા ના ટ્રસ્ટીઓ પિયુષભાઈ કંસાગરા, કિરીટભાઈ દેડકિયા, ભુપતભાઈ ભાણવડિયા મનીષભાઈ વડાલીયા હસુભાઈ વડગાસીયા બી સી પટેલ અને કાર્ય કરો જાહેર મત ઉઠાવી રહ્યા છે

# જી.ટી. શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલનો ૪૪માં વર્ષમાં મંગલ પ્રવેશ

## ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન જરૂરિયાતમંદ દર્દીઓને ઈન્ડોર બિલમાં ૩૦ ટકા રાહત

અબતક, રાજકોટ

સુવિધા, સારવાર અને સેવાનો પવિત્ર સંગમ ગણાતી જી.ટી. શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલ પોતાના ૪૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં છેલ્લા ૪૩ વર્ષથી હાડકાના દર્દીઓને રાહતદરે અને આધુનિક સારવાર પૂરી પાડતી આ હોસ્પિટલ માનવસેવામાં અગત્યનું સ્થાન ધરાવે છે.

સ્થાપના દિવસ નિમિત્તે તા. ૨૨/૦૨/૨૦૨૬ થી તા. ૨૮/૦૨/૨૦૨૬ દરમિયાન સેમી જનરલ વોર્ડમાં દાખલ થનાર ગરીબ દર્દીઓને ઈન્ડોર બિલમાં વિશેષ ૩૦ ટકા રાહત આપવામાં આવશે. જોકે ઈમ્પ્લાન્ટની કિંમત અને તપાસ ચાર્જ તેમાં સામેલ નહીં હોય. જરૂરિયાતમંદ દર્દીઓને આ સુવિધાનો લાભ લેવા હોસ્પિટલ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ માનવસેવા કાર્યના પાયા સ્વ. કાંતીભાઈ શેઠ, સ્વ. હીરાબેન શેઠ, સ્વ. સુશીલાબેન શેઠ, સ્વ. હરકિશનભાઈ ઉદાણી, સ્વ. આર.એલ. શાહ, સ્વ. પોપટભાઈ પટેલ અને સ્વ. ડો. એ.એસ. સીલ્હર જેવા આગેવાનોના અમૂલ્ય યોગદાનથી મજબૂત બન્યા છે. હાલ ચેરમેન પ્રેમલભાઈ ઉદાણી, માનદ સચિવ વિશાલભાઈ શેઠ તેમજ ટ્રસ્ટી અતુલભાઈ મોદી અને વી.પી. કાછેલા સંસ્થાને સશક્ત નેતૃત્વ આપી રહ્યા છે.

હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડ ધરાવતા ગરીબ દર્દીઓ માટે તાજેતરમાં અલગ નવો વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં પાત્ર દર્દીઓને સંપૂર્ણ નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. સૌરાષ્ટ્રભરના અનેક દર્દીઓ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

મેડીકલેઈમ ધરાવતા દર્દીઓ માટે કેશલેસ સારવારની સુવિધા પણ ઉપલબ્ધ છે અને આઠથી વધુ અગ્રણી વીમા કંપનીઓ સાથે જોડાણ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં વધુ કંપનીઓને જોડવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

વિશાળ હવા નિયંત્રિત બાહ્ય દર્દી વિભાગ માત્ર રૂ. ૧૦૦ ફીમાં ઉપલબ્ધ છે. ઉપરાંત ૨૪ કલાક તાત્કાલિક સારવાર, ઈએમજી કેન્દ્ર, માઈક્રોસર્જરી એકમ, ઉત્તમ કક્ષાનો ફિઝિયોથેરાપી વિભાગ સહિતની આધુનિક સુવિધાઓથી હોસ્પિટલ દર્દીઓને ગુણવત્તાયુક્ત સેવા પૂરી પાડી રહી છે.

# માનવ કલ્યાણ મંડળ ટ્રસ્ટ સંચાલિત "બાનું- ઘર" દ્વારા કાલે મફત આરોગ્ય તપાસ કેમ્પનો ધમધમશે સેવા યજ્ઞ

## વિનામૂલ્ય આરોગ્ય તપાસ કેમ્પનો લાભ લેવા જરૂરિયાતમંદોને અનુરોધ

અબતક, રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં માનવસેવા માટે જાણીતી સંસ્થાઓમાં શિરમોર માનવ કલ્યાણ મંડળ ટ્રસ્ટ સંચાલિત "બાનુ ઘ"ર દ્વારા તારીખ૧૩ફેબ્રુઆરી સવારે ૯થી ૧૧વાગ્યા સુધી એચએમડીસી કાલાવડ રોડ પાસે મફત આરોગ્ય તપાસ કેમ નું આયોજન કરવામાં આવ્યું છે.

આરોગ્ય તપાસ કેમ્પમાં તજજ્ઞ અનુભવી ડોકટર દ્વારા આરોગ્યની તપાસ કરવામાં આવશે લેબોરેટરી સુવિધા સાથે જરૂરી ટેસ્ટ દવાઓ અને આરોગ્ય સલાહ આપવામાં આવશે આ કેમ્પમાં એમડી ન્યુરો ફિઝિયો ગોલ્ડ મેડાલિસ્ટ ડો અંકિત પટેલ, એમ બી બી એસ ડો,શુક્લ સેવા આપશે આ કેમ્પને સફળ બનાવવા સસ્થા ના ટ્રસ્ટીઓ પિયુષભાઈ કંસાગરા, કિરીટભાઈ દેડકિયા, ભુપતભાઈ ભાણવડિયા મનીષભાઈ વડાલીયા હસુભાઈ વડગાસીયા બી સી પટેલ અને કાર્ય કરો જાહેર મત ઉઠાવી રહ્યા છે.

### ચંપકનગરની ચાંદી ચોરી પ્રકરણ

# શક્તિ સિલ્વરની રેકી કરી કાવતરૂ ઘડનાર શૈલેન્દ્રસિંઘને પકડવા ક્રાઈમ બ્રાન્ચના રાજસ્થાનમાં ધામા

## ચોરીમાં ૧૩૦ કિલો ચાંદી નહિ પણ દોઢ સો કિલો આસપાસનો દલો તસ્કરો ઉઠાવી ગયાનું સામે આવ્યું





**અબતક, રાજકોટ**

ચંપકનગરની ચાંદી ચોરી પ્રકરણમાં દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ચોરી પ્રકરણના મુખ્ય સૂત્રધાર રતનસીંગ રાઠોડ અને કારની વ્યવસ્થા કરનાર રાજુ ભોજકને ઉઠાવી ૩૧ કિલો ચાંદી, ચોરીમાં વપરાયેલ ક્રેટા કાર, બોટાદ ખાતેથી ભાગી જવામાં વપરાયેલી ફોર્ચ્યુનર કાર કબ્જે કરી હતી. હવે ચાંદી ચોરીમાં શૈલેન્દ્રસિંગ નામના શખ્સે એક મહિનો રાજકોટ ખાતે રહી રેકી કરી હોય અને તેણે જ રતનસિંગને ચોરી કરવા માણસો અને ગાડીની વ્યવસ્થા કરવા કહ્યાનો ખુલાસો થતાં ક્રાઈમ બ્રાન્ચે શૈલેન્દ્રસિંગ સહીત પાંચ ફરાર આરોપીઓને પકડવા રાજસ્થાનમાં ધામા નાખ્યા છે. બીજી બાજુ તસ્કરો ૧૩૦ કિલો નહિ પણ દોઢ સો કિલો આસપાસની ચાંદી ઉઠાવી ગયાનું પણ સામે આવી રહ્યું છે.

ચંપકનગર-૧ માં આવેલ શક્તિ સિલ્વર નામની પેઢીમાંથી તસ્કરો ગત તા.૩ ફેબ્રુઆરીના રોજ રૂ. ૧.૬૨ કરોડની ચાંદી ચોરી ક્રેટા કારમાં નાસી ગયા હતા. જે મામલે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને બી ડિવિઝન પોલિસે તપાસ હાથ ધરી હતી. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તસ્કરોનું પગેરું મેળવવામાં સફળ થઈ હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બોટાદના જારીયા ગામેથી રાજુ ઉર્ફે રાજા કનુ ભોજક નામના બુટલેગરને ચોરીમાં સામેલ ક્રેટા કાર સાથે દબોચી લઈ આકરી સરભરા કરી હતી. આરોપી રાજુ ભોજકની પૂછતાછમાં ચોરીનો બનાવ ક્લિયર થઈ ગયો હતો.

રાજુ ભોજકે આપેલ કબૂલાતમાં કુખ્યાત બુટલેગર રતનસીંગ ધુખજી રાઠોડ (રહે.ધનીયાવાડા ગામ,દાંતીવાડા) મુખ્ય સૂત્રધાર હોવાની કબૂલાત આપતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઈન્દોરથી રતનસિંગ ધુખજી રાઠોડને દબોચી લઈ આકરી સરભરા કરતાં પોપટની જેમ કબૂલાત આપી હતી.

આજથી એક માસ પહેલાં કુખ્યાત શૈલેન્દ્રસીંગ ઉર્ફે સેલસીંગ રાજપૂત (રહે.ગુલાબગંજ,શિહોરી રાજસ્થાન) એ તેમને રાજકોટમાં આવેલ ચંપકનગરમાં મોટો ચાંદીનો જથ્થો હોવાની ટીપ આપી હતી. જે ચોરવામાં કારની જરૂર હોવાનું જણાવતાં રતનસિંગ અવારનવાર સૌરાષ્ટ્રમાં દારૂ ઠલવતો હોય જેથી તેને જારીયાના બુટલેગર રાજુ ભોજકનો સંપર્ક કરતાં રાજુએ કારની વ્યવસ્થા માટે ચોટીલા જેલમાં બંધ ધરમસિંહની કાર વેંચાણથી લઈ પ્લાન બનાવવા જારીયા ગામ એકઠાં થયાં હતા.

જેમાં ચોરી કરવાં માટે પાંચ શખ્સોને જવાનું નક્કી કર્યા બાદ જસદણ સુધી રાજુ ભોજક તમામ સૂત્રધારને મુકવા માટે આવ્યો હતો. ત્યાંથી ક્રેટા કારમાં રતનસિંગ, શૈલેન્દ્રસિંગ, રાજુનો પિતરાઈ જગદીશ ભૂપત ભોજક(રહે. ઝરીયા, બોટાદ), મુકેશ રામારામ પ્રજાપતિ (રહે.અમદાવાદ) અને છોટુ ભૈયા (રહે.ઉતરપ્રદેશ) બેઠાં હતા. કારને ચોરીના સ્થળ સુધી લઈ જવા શૈલેન્દ્રસિંગ ગાઈડ કરતો હતો. જે બાદ ચોરીને અંજામ આપી તમામ જારીયા ગામ પહોંચી ચાંદીના દગીનાનો સરખો ભાગ પાડી રાજુએ તેનું ૩૦ કિલો ચાંદી ઘરે રાખી અન્ય આરોપીને ફોર્ચ્યુનર કારમાં અમદાવાદ મુકી આવ્યો હતો. જ્યાંથી તમામ આરોપી અલગ પડી ગયાં હતાં.

જ્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પકડેલા માંગુસિંગ પાસેથી ૪૦ કિલો ચાંદી કબ્જે કર્યા બાદ પૂછતાછમાં અમદાવાદના એડવોકેટ વિક્રમ દેવીસિંહ રાજપૂત પોલીસ આવ્યા પહેલાં જ ૪૦ કિલો ચાંદી ઓગાળી દાગીના તૈયાર કરી મુકેશ પ્રજાપતિ સાથે નાસી છૂટ્યાની કબૂલાત આપતાં હાલ પોલીસે શૈલેન્દ્રસીંગ ઉર્ફે સેલસીંગ, જગદીશ ભોજક, મુકેશ પ્રજાપતિ, છોટુ ભૈયા, શ્રવણસિંગ અને અમદાવાદના એડવોકેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

મામલામાં હાલ ફરાર આરોપીઓ પૈકી રેકી કરનાર શૈલેન્દ્રસિંગ અને રતનસિંગને અમદાવાદ ખાતે સ્વીફ્ટ કાર લઈને તેડવાં આવેલ શ્રવણસિંગ(રાજસ્થાન)ને ઝડપી લેવા ક્રાઈમ બ્રાન્ચની ટીમેં રાજસ્થાનમાં ધામા નાખ્યા છે.

બીજી બાજુ એક એવો પણ ખુલાસો થઈ રહ્યો છે કે, તસ્કરો ૧૩૦ કિલો નહિ પણ ૧૫૦ કિલો આસપાસની ચાંદી ઉઠાવી ગયા હતા.

### ચોરી પ્રકરણના ત્રણ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મંગાયા

ચોરી પ્રકરણમાં રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે પકડેલા બે આરોપીઓ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દબોચેલ માંગુસિંગનો બી ડિવિઝન પોલિસે કબ્જો સંભાળી પાંચ દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કર્યો છે.

### અમદાવાદ ખાતે તેડવાં આવેલ શ્રવણને રતને ૧૦ કિલો ચાંદી આપી'તી : જેની રોકડી કરી ચાર લાખ મળ્યા'તા

ચોરીના બનાવમાં મુખ્ય સૂત્રધાર પૈકી એક રતનસિંગને રાજુ ભોજક ફોર્ચ્યુનર કારમાં અમદાવાદ મૂકી ગયો હતો. જ્યા સ્વીફ્ટ કાર લઈને શ્રવણ તેને તેડવાં આવ્યો હતો. બાદમાં બંને કારમાં સાંચોર પહોંચ્યા અને ત્યાં શ્રવનસિંગે ચાંદી વેંચી દઈ રૂ.૪ લાખ રોકડા કર્યા હતાં. જેમાંથી બે લાખ રતનસિંગે વાપરી નાંખ્યા હતાં. જ્યારે તે પકડાયો બાદ બે લાખ રિકવર પોલીસે કર્યા હતાં.

### રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ૩૦૦ થી વધુ સીસીટીવી તપાસી આરોપીઓને પકડ્યા

સામાકાંઠે થયેલ રૂ.૧.૬૨ કરોડના ચાંદીના દાગીનાની ચોરીના બનાવ રાજકોટ જ નહીં ગુજરાતભરમાં ચર્ચાસ્પદ બન્યો હતો. ત્યારે ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા અને ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ એસીપી ક્રાઈમ ભરત બસિયાની રાહબરીમાં પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને ચિરાગ જાદવે તપાસ આદરી હતી. જેમાં અલગ અલગ ટીમો બનાવી ૪૦ જવાનોએ ૩૦૦ સીસીટીવી કેમેરા તપાસી ગુનાનો પર્દાફાશ કર્યો હતો.

# વૃધ્ધ વેપારીની નજર ચૂકવી રૂ.૧૨,૫૦૦ની રોકડની તફડંચી : ગઠિયો ઝડપાયો

## રણછોડનગરની કરિયાણાની દુકાને રીક્ષામાં આવેલા શખસે ૫૦ વેફર્સ જોઈએ છે કહેતા વેપારી વેફર્સ લેવા જતા ટેબલ પર રાખેલી રોકડ સેરવી લીધી'તી

**અબતક, રાજકોટ**

રણછોડનગરમાં કરીયાણાની દુકાન ધરાવનાર વૃધ્ધ વેપારીની નજર ચૂકવી ગ્રાહકના સ્વાંગમાં આવેલો શખસ રૂ.૧૨,૫૦૦ રોકડ તફડાવી ગયો હતો. વેપારી પાસેથી ૫૦ વેફર્સના પેકેટ ખીરદવાનું કહી તેમની નજર ચૂકવી ટેબલ પર પડેલી રોકડ તફડાવી લીધી હતી. જે અંગે બી ડિવિઝન પોલીસે રીક્ષામાં આવેલા બે શખસો સામે ગુનો નોંધી ગઠીયાને હાથવેંતમાં લીધો હતો. શહેરના કુવાડવા રોડ પર રણછોડનગર શેરી નંબર ૪ ઘનશ્યામ ભુવન મકાનમાં રહેતા ભુદરભાઈ દેવશીભાઈ રાખોલીયા (ઉ.વ. ૭૦) નામના વૃદ્ધે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ રીક્ષામાં આવેલા શખ્સોના નામ આપ્યા છે.

વૃદ્ધ વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મકાનમાં જ શિવમ સેલ્સ એજન્સી નામની કરીયાણાની દુકાન ચલાવે છે. ગઈ તા.૧૦/૨ ના સવારે અગીયાર વાગ્યા આસપાસ તેઓ દુકાને હાજર હતા ત્યારે પુત્ર પ્રતિકને મજુરોને રૂપીયા આપવાના હોય જેથી બેંકમાંથી રૂ.૩૦ હજાર ઉપાડી દુકાનના ટેબલ પર રાખી ગણતા હતા. દરમિયાન દુકાન સામે એક લીલી કલરની ઓટો રીક્ષા આવી હતી. રીક્ષાચાલક સીટ પર બેઠો હતો જયારે તેમાં બેઠેલો અન્ય એક દાઢીવાળો શખસ વેપારીની દુકાને આવ્યો હતો.આ શખસે વેપારીને કહ્યું હતું કે, મારે ૪૦ થી ૫૦ વેફર્સ પેકેટ જોઈએ છે. વેપારી પાસે એક જ પ્રકારના વેફર્સના આટલા પેકેટ ન હોય પણ અલગ અલગ પ્રકારના પેકેટ હોવાનું કહેતા આ શખસે હા પાડી હતી. જેથી વેપારી રોકડ રકમ ટેબલ પર જ મૂકી વેફર્સના પેકેટ લેવા ગયા હતાં. વેફર્સ લઈને આવતા આ શખસ ભાગીને રીક્ષામાં બેસી ગયો હતો. બાદમાં બંને નાસી ગયા હતાં. ત્યાર બાદ વેપારીએ ટેબલ પર રાખેલ રોકડ જોતા રૂ.૩૦ હજારના બદલે માત્ર ૧૭,૫૦૦ જ હતા જેથી ગ્રાહકના સ્વાંગમાં આવેલો શખસ વેફર્સના પેકેટ ખરીદવાનું કહી વૃધ્ધ વેપારીની નજર ચુકવી રૂ.૧૨,૫૦૦ રોકડ તફડાવી ગયો હતો. જે અંગે વેપારીએ બી. ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ગઠીયાને હાથવેંતમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પૈસા માંગ્યા તો રેંકડી ઉંધી વાળી દઈશ કહી ઘૂઘરાના ધંધાર્થીને માર માર્યો

## રૈયાગામનો બનાવ : યુવકનો મોબાઈલ પણ તોડી નાખ્યો બાદ પોલિસ ફરીયાદ કરીશ તો જાનથી મારી નાખીશ કહી ખૂનની ધમકી, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રૈયાગામમાં રહેતા યુવાને ઘૂઘરાના પૈસા માંગતા લુખ્ખા તત્વે માર મારી મોબાઈલ તોડી નાખી મારી પાસે પૈસા માંગ્યા તો રેંકડી ઉંધી વાળી દઈશ અને ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ કહી ધમકી આપી હતી. જે મામલે યુનિવર્સીટી પોલિસે ગુનો નોંધી લુખ્ખા તત્વની શોધખોળ શરૂ કરી હતી.

બનાવ અંગે મૂળ એમપીના વતની અને હાલ રૈયાગામમાં ખોડિયાર મંદિરની સામે મફતિયાપરા શેરી નં.-૪ માં રહેતા ૨૭ વર્ષીય યુવાને યુનિવર્સીટી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રૈયા ગામમાં જ રહેતો શોહીલ સંધીનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું છેલ્લા ૨૦ વર્ષથી અહીં રહું છું અને રૈયાગામ બસ સ્ટેન્ડ સામે ઘુઘરા વેચવાનુ કામકાજ કરુ છુ. ગત તા. ૧૧-૦૨-૨૦૨૬ ના રોજ બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ હું મારા ઘરે હતો. ત્યારે મને મારા નાનાભાઈ બંટીભાઈ કુસવાહાનો ફોન આવેલ કે, ઘુઘરા ખાલી થઈ ગયા છે અને આપણા ઘર પાસે રહેતા શોહીલભાઈ સંધી ઘુઘરાના પૈસા બાકી રાખી જતાં રહેલ છે. જેથી હું મારા ઘરેથી ઘુઘરા લઈ જતો હતો. ત્યારે મારા ઘર પાસે આગળ ચોકમાં શોહીલ સંધી ઉભો હતો. જેથી હું તેની પાસે ગયેલ અને મેં તેને કહેલ કે, ભાઈ તમે અગાઉ પણ ઘુઘરાના પૈસા આપેલ નથી અને આજે પણ પૈસા બાકી રાખેલ છે, અગાઉના પૈસા આપી દો. જે બાદ શોહીલ સંધીએ એકદમ ઉશ્કેરાઈ જઈ મને ગાળો આપી ફડાકા મારેલ હતા. બાદમાં મારા હાથમાં રહેલો ફોન નીચે પડી જતાં શોહિલે પગ મૂકી મોબાઈલ તોડી નાખેલ હતો. બાદ તેણે મને ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદ તારે મારી પાસે પૈસા માંગવા નહીં, તારી રેકડી ઉંધી વાળી દઈશ અને આ બાબતે જો પોલીસ ફરીયાદ કરી છે તો તને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી ત્યાંથી જતો રહેલ હતો.

જેથી ઘૂઘરાના પૈસાના માંગતા માર મારી રૂ. ૪ હજારની કિંમતનો મોબાઈલ તોડી નાખી ખૂનની ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ યુનિવર્સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# કુવાડવા અને રૈયા રોડની બે સગીરા ઘરેથી ભેદી રીતે લાપતા

## યુનિવર્સિટી અને કુવાડવા રોડ પોલિસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા તપાસ આદરી

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા ગામે રહેતી અને રૈયારોડ પરના વિસ્તારમાં રહેતી બે સગીરા ઘરેથી લાપતા થયાની કુવાડવા પોલીસ અને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. પોલીસે બંને સગીરાના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

છોટે ઉદેપુરના વતની યુવાને કુવાડવા રોડ પોલીસ સ્ટેશન તેની ૧૭ વર્ષની દીકરી લાપતા થયા અંગે ફરિયાદ નોંધાવી છે.

જેમાં જણાવ્યું હતું કે, તેમનો ૨૦ વર્ષનો પુત્ર કુવાડવામાં આવેલી કંપનીમાં કામ કરતો હોય અને કુવાડવા જ રહે છે. ૧૭ વર્ષની પુત્રી પણ ભાઈ સાથે જ અહીં રહે છે. ગઈ તા. ૨૮/૧૨ ના સવારે પુત્રે જણાવ્યું હતું કે, બહેન ક્યાંક જતી રહી છે. રાત્રે સુતા બાદ સવારે ઊઠીને જોતા બહેન કયાંય જોવા મળી નથી.

બાદમાં અહીં કુવાડવામાં તેમજ વતન છોટેઉદેપુરમાં દીકરીની શોધખોળ કરી હતી. પરંતુ તેનો કોઈ પતો ન લાગતાં અંતે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં રૈયા રોડ પર રહેતા રીક્ષાચાલક આધેડે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા. ૨/૧૧ ના સાંજના સમયે તેમની ૧૭ વર્ષની દીકરી ઘરેથી લાપતા થઈ હતી.

બાદમાં દીકરીની સગા સંબંધીઓ અને પાડોશમાં શોધખોળ કરી હતી. પરંતુ દીકરીનો કોઈ પતો ન લાગતાં અંતે પોલીસને જાણ કરવામાં આવી હતી.

જે અંગે યુનિવર્સિટી પોલીસે અપહરણનો ગુનો નોંધી પીએસઆઈ એ.જે. લાઠીયાએ સગીરના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

# માતાની લૌકિક ક્રિયા પૂર્ણ થાય તે પહેલા જ પુત્રએ અનંતની વાટ પકડી

**અબતક,રાજકોટ**

શહેરમાં દિવસેના દિવસે વધતા જતા હાર્ટ એટેકના બનાવવામાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. શહેરના રૈયા રોડ પાસે લાભ ગ્રીન સિટી ની પાછળ રહેતા યુવા બિલ્ડર માતાની લૌકિક ક્રિયા વિધિમાં બેઠા હતા ત્યારે હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે.

આ બનાવથી પરિવારમાં હરેરાટી મચી જવા પામી હતી. રૈયા રોડ પર આલાપ ગ્રીન સીટી ની પાછળ રહેતા અશ્વિનભાઈ દિનેશભાઈ તન્ના (૪૯ વર્ષ)ના હનુમાન મઢી ચોકમાં આવેલ સોમનાથ મહાદેવ મંદિરમાં તેમના માતાની લૌકિક વિધિમાં બેઠેલા હતા. ત્યારે કોઈ બેભાન થઈ ગયા હતા તેને ૧૦૮ ની મારફત દ્વારા સિનર્જી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા ત્યાં ફરજ પરના



તબીબે મૃત જાહેર કર્યા હતા.

તારીખ ૩/૦૨/૨૦૨૬ ના રોજ કોઈ બીમારીથી માતાનું મોત નીપજ્યું હતું. માતાના મોતના આઘાતમાં સોમનાથ મહાદેવ મંદિરે પુત્રનું મોત નીપજ્યું છે. તેમના પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. મૃતકનો મોટો પુત્ર CA નું અભ્યાસ અને નાનો પુત્ર અને પુત્રી ધો.૧૧મા અભ્યાસ કરે છે. પિતાના મોતથી ત્રણ સંતાનોએ છત્રછાયા ગુમાવી છે.

# સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિક દર્દીઓ માટેના ઈન્જેકશનની અછતઃ ખૂટતી સુવિધા પૂરી કરવા શિવસેનાની માંગ

## શિવસેનાના આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર આપી રાજકોટની લાઈફલાઈન સિવિલ હોસ્પિટલની ''અછત''ની બીમારી દૂર કરવા કરી રજૂઆત

**અબ તક રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ની જીવા દોરી ગણાય છે અહીં રાજકોટ જુનાગઢ અમરેલી જામનગર ભાવનગર ગીરસોમનાથ પોરબંદર,જિલ્લાના દર્દીઓ સતત આવતા રહે છે, ત્યારે સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિક દર્દીઓના ઈન્જેકશન અને જરૂરી દવાની અછત ની સમસ્યાથી અનેકવાર દર્દીઓ માટે જીવનું જોખમ ઊભું થઈ જાય છે, આ પરિસ્થિતિ દૂર કરવા રાજકોટ શિવસેનાના આગેવાનોએ કલેકટર ને આવેદનપત્ર આપી, રાજકોટ સિવિલ હોસ્પિટલ ની કાયમી ધોરણે અછતની બીમારી દૂર કરવા માંગ કરી છે.

રાજકોટ જિલ્લા કલેકટર અને સિવિલ સર્જન ને પાઠવેલા પત્રમાં રજૂઆત કરી છે કે લાંબા સમયથી સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિક દર્દીઓ માટે જરૂરી એવા ડીશ ફેરલ ઈન્જેકશન અને અન્ય જરૂરી દવાઓ ની સતત અછત રહે છે તેની અછતના કારણે દર્દીઓનું જીવન જોખમમાં મુકાઈ રહ્યું છે, પરિણામે દર્દીઓઅને તેમના પરિવારજનો ભારે માનસિક તણાવ અને શારીરિક પીડા અને આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યા છે ,આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં ઘણીવાર મેડિકલ મશીનો બંધ થઈ જવાની સમસ્યા, યોગ્ય સારવાર ન મળવાની ફરિયાદો ના કાયમી નિવારણ ની માંગ કરવામાં આવી છે શિવ સેનાએ આપેલા આવેદનપત્રમાં સિવિલ હોસ્પિટલની ખૂટતી સુવિધાઓ દુરસ્ત કરવા અંગે વિનંતી કરવામાં આવી છે

# વ્યાજમાફી યોજના અંતર્ગત રૂ.૨.૫૭ કરોડની આવક

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને રાહત આપવા હેતુસર મિલ્કત વેરા તથા પાણી વેરા પર વ્યાજ માફી યોજના અમલમાં મુકવામાં આવી છે, જેમાં નાગરિકોએ રૂ.૨.૫૭ કરોડનો વેરો ભરપાઈ કરેલ છે.

શહેરના મિલ્કતધારકો પર બાકી રહેલ કરની રકમ પર ચડત વ્યાજમાં રાહત મળે તે હેતુથી આ વિશેષ યોજના જાહેર કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની રહેણાંક તેમજ બિન-રહેણાંક મિલ્કતો માટે નીચે મુજબ વ્યાજ માફી આપવામાં આવનાર છે.

પ્રોપર્ટી ટેક્સ (સામાન્ય કર) પર ચડત વ્યાજમાં રૂ. ૫,૦૦૦/- સુધીની રકમનું વ્યાજ માફ કરવામાં આવશે.

પાણી વેરા પર ચડત વ્યાજમાં પણ રૂ. ૫,૦૦૦/- સુધીની રકમનું વ્યાજ માફ કરવામાં આવશે.

# ૨૭ લાખ વીજ કર્મચારીઓની દેશવ્યાપી હડતાળઃ વીજ ક્ષેત્રના ખાનગીકરણ સામે ઉગ્ર વિરોધ

## વીજ સુધારા કાયદા-૨૦૨૫ અને રાષ્ટ્રીય વીજ નીતિ-૨૦૨૬ પાછી ખેંચવાની માંગ સાથે દેશવ્યાપી આંદોલન

**અબતક રાજકોટ**

અખિલ ભારતીય વીજ ઈજનેર મંડળના આહ્વાન પર ૧૨ ફેબ્રુઆરીએ દેશભરના અંદાજે ૨૭ લાખ વીજ કર્મચારીઓ અને ઈજનેરો એક દિવસીય દેશવ્યાપી હડતાળ પર ઉતર્યા હતા. મંડળના અધ્યક્ષ શૈલેન્દ્ર દુબેએ જણાવ્યું હતું કે વીજ ક્ષેત્રના ખાનગીકરણ, વીજ સુધારા કાયદા-૨૦૨૫, પ્રસ્તાવિત રાષ્ટ્રીય વીજ નીતિ-૨૦૨૬ અને જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવાની માંગ સાથે આ હડતાળ યોજાઈ હતી.તેમણે જણાવ્યું કે પહેલી વાર સંયુક્ત કિસાન મોરચા અને દસ કેન્દ્રીય મજૂર સંગઠનો પણ વીજ કર્મચારીઓના સમર્થનમાં જોડાયા હતા. વીજ કર્મચારીઓ, ઈજનેરો, મજૂરો અને ખેડૂતોની સંયુક્ત ભાગીદારીને કારણે આ આંદોલન સ્વતંત્ર ભારતના



સૌથી મોટા ઔદ્યોગિક આંદોલનોમાંનુ એક બન્યું હોવાનુ જણાવાયું છે.હડતાળની મુખ્ય માંગણીઓમાં વીજ ક્ષેત્રમાં વધતા કરાર આધારિત કામને બંધ કરવું, ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવી અને હાલના કરાર આધારિત કર્મચારીઓને કાયમી કરવાનો સમાવેશ થાય છે.

મંડળે જણાવ્યું કે સ્પર્ધાત્મક બોલી પદ્ધતિ હેઠળ વિતરણ, ઉત્પાદન અને પરિવહન ક્ષેત્રના ખાનગીકરણથી ગરીબ ગ્રાહકો, નાના અને મધ્યમ ઉદ્યોગો તેમજ સામાન્ય નાગરિકોના હિતોને નુકસાન પહોંચી શકે છે. તેથી વીજ સુધારા કાયદા-૨૦૨૫ અને રાષ્ટ્રીય વીજ નીતિ-૨૦૨૬ તાત્કાલિક પાછી ખેંચવાની માંગ ઉઠાવવામાં આવી છે.મંડળ દ્વારા દેશભરના તમામ વીજ કર્મચારીઓને એકતા દર્શાવી આંદોલનને સફળ બનાવવા અપીલ કરવામાં આવી હતી.

# કેન્દ્રીય બજેટ અંગે શહેર ભાજપ દ્વારા યોજાયો 'યુવા સંવાદ' કાર્યક્રમ

## બજેટમાં યુવા વર્ગ ખેડુતો અને નારીશકિત શકિતકરણને મળશે વેગ: ડો. માધવ દવે



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય નાણામંત્રી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલ બજેટ અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીની સુચના અનુસાર ગુજરાત રાજયમાં ''બજેટ પ્રચાર અભિયાન ૨૦૨૬'' અંતર્ગત શહેર પ્રમુખ ડો. માધવભાઈ દવે ના માર્ગદર્શન હેઠળ બજેટના સંયોજક શહેર ઉપપ્રમુખ પરિમલભાઈ પરડવા, સહસંયોજક ભાજપ અગ્રણીઓ શૈલેષભાઈ જાની, અમૃતભાઈ ગઢીયાની આગેવાનીમાં '' યુવા સંવાદ'' શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે યોજવામાં આવેલ હતો.

આ યુવા સંવાદના મુખ્ય વકતા તરીકે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ ઉપસ્થિત યુવાઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૨૬ ના બજેટથી શહેરોનો વિકાસ થવાથી રિઅલ એસ્ટેટ, વાહન કનેકટીવીટી વધવાથી એકંદરે દેશનો વિકાસ થતો રહેશે,

આ કાર્યક્રમમાં ઉપસ્થિત નવનિયુકત મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજાએ યુવા મોરચાના કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે, દેશના નાણામંત્રી દ્વારા બહાર પાડવામાં આવેલ બજેટથી દેશનો યુવા વર્ગ દેશને પણ વિકસિત કરવામાં અગત્યનો ફાળો આપી શકે છે.

આજના યુવા સંવાદ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે,મેયર નયનાબેન પેઢડીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, પરિમલભાઈ પરડવા, અમૃતભાઈ ગઢીયા,શહેર મંત્રી કિશન ટીલવા, યુવા મોરચા પ્રમુખ મીલન લીંબાશીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુ રાજયગુરૂ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલે ચૌધરી હાઈસ્કૂલ ખાતે ધો.૧૦ના સૌરાષ્ટ્ર ઝોનના પ્રશ્ન પેપરોનું આગમન

## ધોરણ ૧૦ તમામ પ્રશ્નપત્રો સૌરાષ્ટ્રભરની શાળાઓમાં રાજકોટના બે કેન્દ્રો દ્વારા વિતરણ કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આગામી ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી શરૂ થવાની છે, જેમાં સૌરાષ્ટ્ર ઝોનના વિદ્યાર્થીઓ માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર ઝોનના તમામ પ્રશ્નપત્રો આવતીકાલે રાજકોટ શહેરના બે મુખ્ય કેન્દ્રો ચૌધરી હાઈસ્કુલ અને કરણસિંહજી હાઈસ્કુલ ખાતે પહોંચી જશે.

આ બંને શાળાઓમાં બોર્ડના પ્રશ્નપત્રો પહોંચશે અને તેમની સુરક્ષા માટે કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પ્રશ્નપત્રોને સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષિત રીતે ગોઠવવામાં આવશે, જ્યાં રાઉન્ડ ધી ક્લોક (૨૪ કલાક) પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ધોરણ ૧૦ના તમામ પ્રશ્નપત્રો સૌરાષ્ટ્રભરની શાળાઓમાં આ બે કેન્દ્રો દ્વારા વિતરિત કરવામાં આવશે. આ વિતરણ પ્રક્રિયા સુરક્ષિત અને સમયસર થાય તે માટે બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા વિગતવાર આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષાઓની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓને કોઈ અડચણ ન પડે.

રાજકોટમાં આ વર્ષે હજારો વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓ આપશે, અને બોર્ડ તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષા કેન્દ્રોમાં પણ વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. વિદ્યાર્થીઓ અને વાલીઓને સલાહ છે કે તેઓ પોતાની તૈયારી પૂરેપૂરી કરી લે અને પરીક્ષા સમયે નિયમોનું પાલન કરે. આવી કડક સુરક્ષા વ્યવસ્થા વિદ્યાર્થીઓને ન્યાયી અને નિષ્પક્ષ પરીક્ષા આપવાનું વાતાવરણ પૂરું પાડશે.

# વોર્ડ નં.૧૨ના અનેક વિસ્તારોમાં પખવાડિયાથી પાણીના ધાંધિયા

## અનેક ફરિયાદ કરવા છતાં સમસ્યા યથાવત:ગૃહિણીઓમાં ભભૂકતો રોષ

**અબતક રાજકોટ**

લોક સંસદ વિચાર મંચના સામાજિક મહિલા અગ્રણી, જિલ્લા નારી સુરક્ષા સમિતિના મહામંત્રી સરલાબેન પાટડીયાના જણાવ્યાનુસાર શહેરના વોર્ડ નં.૧૨ માં કૃષ્ણનગર મેઈન રોડ પાસેની ડાલી બાઈ છાત્રાલય પાસેના ગોકુલધામ આવાસ યોજના ક્વાર્ટરમાં છેલ્લા પખવાડીયાથી પાણીના ધાંધિયા સર્જાયા છે. નર્મદાના નીર ઝાંઝવાના જળ સમાન સાબિત થયા છે. પાણી ૨૦ મિનિટ આવતું નથી. આવાસ યોજના પાસેનો પાણીનો વાલ્વ બદલતા પાણી અપૂરતું આવી રહ્યું છે કોર્પોરેટરો ગુમ છે રાજકીય પક્ષો ચૂંટણી કામગીરીના વ્યસ્ત છે અને અધિકારીઓ પર નિંદ્રામાં છે ત્યારે પાણી વેરો ભરવા છતાં અને છતે પાણીએ આ વિસ્તારના લોકોને પાણી માટે વલખા મારવા પડે છે.

પાણીના ધાંધિયાના પગલે સરલાબેન પાટડીયા રાજકોટ મહાનગરપાલિકામાં ફરિયાદ નંબર ૨૬૦૫૪૦૮૨ થી ફરિયાદ કરવામાં આવી છે અને આરટીઆઈ એક્ટીવીસ્ટ ગજેન્દ્રસિંહ ઝાલા ને જાણ કરતા તેઓએ વોર્ડ નંબર ૧૨ ના ડેપ્યુટી ઈજનેરને જાણ કરતા પાણીનો પ્રોબ્લેમ છે તેવું સ્વીકારવામાં આવ્યું હતું અને હાલ ટીમ ત્યાં છે અને જે કાંઈ પ્રશ્ન છે તે એકાદ બે દિવસમાં નિરાકરણ કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

# મહાશિવરાત્રીએ કતલખાના બંધ રાખવા કોર્પોરેશનનું જાહેરનામું

**અબતક,રાજકોટ**


મહાશિવરાત્રીના પર્વ રાજકોટમાં કતલખાના બંધ રાખવા કોર્પોરેશન દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

આગામી રવિવારે ''મહાશિવરાત્રી'' નિમિતે રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા તેમજ માંસ, મટન, મચ્છી અને ચીકનનું વેંચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ જાહેરનામું મ્યુનીસીપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા પ્રસિધ્ધ કરાયું છે.સંબંધકર્તા સર્વેએ આ જાહેરનામાની અમલવારી ચુસ્તપણે કરવી અને જાહેરનામાનો ભંગ કરનાર સામે ધી જી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સંબંધકર્તા સર્વેએ ગંભીર નોંધ લેવી.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા હેમાંગ રાવલના પિતાશ્રીનું નિધન: કાલે બેસણું



રાજકોટ:ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો-કન્વીનર તથા પ્રદેશ પ્રવક્તા હેમાંગ રાવલના પિતાશ્રી અને બ્રહ્મ સમાજના અગ્રણી શિક્ષણવિદ મહિપતરામ દલપતરામ રાવલનું તા.૧૧ ના રોજ નિધન થયું છે.

મહિપતરામ દલપતરામ રાવલે જીવનભર શિક્ષણ અને સમાજસેવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તેઓ અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળના પ્રમુખ તરીકે, અમદાવાદ મ્યુનિસિપલ ટીચર્સ ક્રેડિટ સોસાયટીના ડિરેક્ટર તરીકે, મનોરંજન સંસ્થાના સ્થાપક તરીકે, પૂર્વ કોર્પોરેશન સ્કૂલના પ્રિન્સિપાલ તરીકે, આશિષ પ્રકાશનના સંચાલક તથા કોમ્પ્યુટર ટેકનોલોજી ફાઉન્ડેશનના ચેરમેન તરીકે યશસ્વી સેવા બજાવી હતી. તેમના સમર્પિત કાર્ય અને નિસ્વાર્થ સેવા ભાવનાને કારણે તેમણે લોકહૃદયમાં અમૂલ્ય સ્થાન મેળવ્યું હતું.સદગતની બેસણું અને શ્રધ્ધાંજલિ સભા તા. ૧૩ને શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી સર્વમંગલ હોલ, સ્વામી વિવેકાનંદ ચોક, મેમનગર અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે.



**રાજકોટ:** સ્વ. દલસુખલાલ રામજીભાઈ શાહના પુત્રવધુ તે સ્વ. કિર્તિભાઈના પત્ની અનિલાબેન શાહ (ઉ.વ.૭૯) તે નયનાબેન (નેહા), સ્વ. ભાવેશભાઈ, આનંદભાઈ, સંજયભાઈના માતા, જલ્પાબેન સપનાબેન, બિંદીયાબેન, ધિમંતભાઈ અનંતરાય મહેતાના સાસુ, સ્વ. પુષ્પાબેન, સ્વ. યશોમતિબેન (નીતાબેન), સ્વ. વસંતભાઈના ભાભી, મગનલાલ ધરમશીભાઈ રવાણીના દીકરી, સ્વ. પ્રફુલભાઈ, સુભાષભાઈ, શિરીષભાઈ રવાણી, ઈલાબેન પ્રફુલભાઈ કોઠારીના બેન, ચારુબેન પ્રમથેસભાઈ વ્યાસ, નિરજભાઈ કીરીટભાઈ દોશીના મામી, જીનીબેન નિર્મલભાઈ શાહના ભાભુ, હેમ, કાશ્વિ, પરીજ્ઞા, દર્શ, સોહમ, સૌમ્યના દાદી, નિલય, સ્વેનીના નાનીબાનું તા. ૧૦ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૩ ને શુક્રવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૦.૦૦, પ્રાર્થના સભા ૧૦.૩૦ થી ૧૧ દરમિયાન બેન્કર્સ રિક્રીએશન કલબનો હોલ શ્રોફ રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે.

**વાંકાનેર:** વાંકાનેર નિવાસ ડો. હરેશભાઈ હિમતલાલ ભટ્ટના પુત્ર નિવરભાઈ (ઉ.વ.૩૮) તે નિકુંજભાઈ, અર્જુનભાઈના મોટાભાઈ, રાજેન્દ્રભાઈ, જયેશભાઈના ભત્રીજાનું તા.૧૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩ને શુક્રવારે સાંજે ૪ થી ૬ ગાયત્રી મંદિર આરોગ્યનગર વાંકાનેર ખાતે રાખેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

### ટીપી કે એનએ...

આવ્યું હોય.આ પ્રસ્તાવને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા ચાલુ છે અને તે ટૂંક સમયમાં અમલમાં આવી શકે છે.

હાલની વ્યવસ્થામાં ઘણી જગ્યાએ માસ્ટર પ્લાન અથવા ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર થાય ત્યાં સુધી બાંધકામ પર પ્રતિબંધ રહે છે અને એનએ પણ લેવું પડે છે. પરંતુ આ નવી પોલિસીથી બાંધકામ ઉદ્યોગને વેગ મળશે.

ક્રેડાઈ ગુજરાતના પ્રમુખ તેજસ જોશીએ કહ્યું, નવી પોલિસીથી વેપાર કરવાની સરળતામાં સુધારો થશે અને વેગવંતો વિકાસ થશે. ગુજરાત સુધારાઓમાં અગ્રેસર રાજ્ય છે. જો આવા સુધારાઓ અમલમાં મૂકવામાં આવે, તો રાષ્ટ્રીય રિયલ એસ્ટેટ કંપનીઓ ગુજરાતમાં પ્રવેશ કરશે. કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ ચાલી રહી છે, આ સુધારાઓ મોટી મદદ કરશે.

આ પોલિસીનો હેતુ રેડ ટેપ રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ઝડપી બનાવવાનો અને રાજ્યમાં રોકાણ આકર્ષવાનો છે. તાજેતરમાં જ ટાઉન પ્લાનિંગ સ્કીમ વિસ્તારોમાં એનએ સર્ટિફિકેટની ફરજિયાત જરૂરિયાત હટાવવાની દિશામાં પણ સરકારે કેન્દ્ર સરકારને ખાતરી આપી છે.

### સીધા કરવેરા...

હિસ્સો તો ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં જ હાંસલ કરી લીધો છે. નાણાકીય વર્ષ પૂરું થવાને હજુ દોઢ મહિનાનો સમય બાકી છે, ત્યારે એડવાન્સ ટેક્સના છેલ્લા હપ્તાની આવક બાદ થતા સરકાર તેના અંદાજ કરતા પણ વધુ ટેક્સ એકત્ર કરે તેવી પ્રબળ શક્યતા છે.

આવકવેરા વિભાગે માત્ર ટેક્સ ઉઘરાવવામાં જ નહીં, પરંતુ કરદાતાઓને રિફંડ ચૂકવવામાં પણ તત્પરતા દાખવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં રૂ. ૨.૯૨ લાખ કરોડથી વધુના રિફંડ ઈશ્યુ કરવામાં આવ્યા છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા લગભગ ૨૭% વધુ છે. રિફંડની રકમ બાદ કર્યા પછીનું નેટ કલેક્શન રૂ. ૧૯.૪૪ લાખ કરોડ થયું છે. જો ગ્રોસ કલેક્શન (રિફંડ બાદ કર્યા વગર) ગણવામાં આવે તો તે આંકડો રૂ. ૨૨.૩૬ લાખ કરોડને આંબી ગયો છે.

**અર્થતંત્ર માટે સારા સંકેત**

ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં થઈ રહેલો આ વધારો ભારતીય અર્થતંત્રમાટે અત્યંત હકારાત્મક સંકેત છે. જ્યારે ટેક્સ કલેક્શન વધે છે, ત્યારે તે દર્શાવે છે કે લોકોની આવક અને કંપનીઓના નફામાં વધારો થયો છે. આ ઉપરાંત, ટેક્સ કમ્પ્લાયન્સ (કર પાલન) માં આવેલો સુધારો અને ટેક્નોલોજીના ઉપયોગથી કરચોરીમાં થયેલો ઘટાડો પણ આ રેકોર્ડબ્રેક આવક માટે જવાબદાર છે.

### લાલ કિલ્લા ઉપર હુમલો...

આતંકવાદમાં જોડી રહ્યા છે. આ ભારતની કૂટનીતિક જીત છે. દિલ્હીના લાલ કિલ્લા જેવા સંવેદનશીલ સ્થળ પર હુમલા પાછળ કોણ હતું તે જાણવું દેશના નાગરિકો માટે જરૂરી છે. આતંકી સંગઠનો હવે મહિલા પાંખ બનાવી રહ્યા છે, જે સુરક્ષા એજન્સીઓ અને સામાન્ય જનતા માટે એક નવી પ્રકારની ચેતવણી છે. જ્યારે આખું વિશ્વ ભારતના પક્ષમાં ઊભું છે, ત્યારે પાકિસ્તાન ફરી એકવાર વૈશ્વિક સ્તરે એકલું પડતું દેખાઈ રહ્યું છે.

### સાયબર ગુન્હા...

ક્રાઈમ પોર્ટલ દ્વારા સમયસર મળેલી ફરિયાદો પર એક્શન લઈને છેતરપિંડીની આશરે ₹૮,૧૮૯ કરોડની રકમ બ્લોક કરવામાં આવી છે.અત્યાર સુધીમાં છેતરપિંડીમાં વપરાયેલા ૧૨.૨ લાખથી વધુ સિમ કાર્ડ અને ૩ લાખ જેટલા મોબાઈલને બ્લોક કરી દેવામાં આવ્યા છે.સાયબર ગુનાઓમાં સંડોવાયેલા આશરે ૨૦,૮૫૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

### નળ સરોવર...

સુધીનો સૌથી મોટો આંકડો છે. થોળમાં ૭૪,૪૦૦ પક્ષીઓ જોવા મળ્યા છે, જે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ છે.

સામાન્ય રીતે હજારોની સંખ્યામાં જોવા મળતા ફ્લેમિંગો આ વખતે નળસરોવર અને થોળમાં માત્ર ૧,૬૨૨ જ જોવા મળ્યા. નિષ્ણાતોના મતે, ફ્લેમિંગોએ હવે પોતાનું નવું ઠેકાણું કચ્છના રણને બનાવ્યું છે. કચ્છના નડાબેટ વિસ્તારમાં અંદાજે ૧૦ લાખ જેટલા ફ્લેમિંગોનો જમાવડો જોવા મળ્યો છે. કચ્છમાં સારો વરસાદ અને વન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા 'કૃત્રિમ બ્રીડિંગ પ્લેટફોર્મ' (માળાઓ માટેની જગ્યા) ને કારણે ત્યાં પક્ષીઓને સુરક્ષિત વાતાવરણ મળ્યું છે. ગુજરાતમાં લાખોની સંખ્યામાં વિદેશી પક્ષીઓ મહેમાન બને છે, જે રાજ્યની જૈવવિવિધતા માટે ગૌરવની વાત છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### હમારી માંગે પુરી કરો...

કામદારોના હિતમાં કાયદાકીય પગલા ભરવા માંગ કરી હતી શહેરના હોસ્પિટલ ચોકમાં ઈન્ડિયન ની હડતાલમાં બેંક કર્મચારી અને આંગણવાડી કર્મચારીઓ જોડાયા હતા હડતાલમાં ખાનગીકરણ અને નવા ચાર લેબરકોટ નવા વીજ બિલ અને લઘુતમ વેતન વધારવા મુદ્દે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### સૌરાષ્ટ્ર યુનિ...

મહાપુરુષોને જન્મ આપ્યો છે, જેઓ ઈશ્વરની ભેટ છે. આ મહાપુરુષો સમગ્ર સમાજને નવી દિશા આપે છે. અન્ય વ્યક્તિઓના દુઃખને પોતાના દુઃખ માની સમાજની પ્રગતિ માટે કાર્યો કરનારા મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનો જન્મ સૌરાષ્ટ્રના ટંકારામાં થયો હતો. તેમણે સ્વભાષા, સ્વદેશી અને નારી ઉત્થાનના ક્ષેત્રમાં અનન્ય યોગદાન આપ્યું છે. તે સમયે બહેનો-દીકરીઓ માટે અનેક કુપ્રથાઓ હતી. તેવા સમયે સ્વામી દયાનંદ સરસ્વતીજીએ ''યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ''ની દિશામાં નવતર કાર્યો કર્યા હતા. વૈદિક ધર્મના પુનરુત્થાન અને સમાજમાં પ્રવર્તતા કુરિવાજો દૂર કરવાના ઉદ્દેશ્ય સાથે તેમણે વર્ષ ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના કરી હતી. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ પરિવર્તનકારી અભિગમ અપનાવ્યો હતો અને નાના-મોટા ૪૦ જેટલા ગ્રંથોની રચના કરી હતી.

(૧૧માં પાનાનું ચાલુ)

### ખેડૂતોની આવક બમણી

જે રીતે સોલાર કુકર સૂર્યપ્રકાશથી રસોઈ બનાવે છે, તેમ આ સોલાર ડ્રાયર કોઈપણ પ્રોડક્ટમાંથી કુદરતી રીતે પાણીનો અંશ () દૂર કરે છે, જેથી ખોરાકના પોષક તત્વો જળવાઈ રહે છે.

અબતક સાથેની વાતચીતમાં દેવાંગ જોશીએ જણાવ્યું હતું કે ખેતીમાં સૌથી મોટી સમસ્યા એ છે કે ફળ અને શાકભાજી બે-ત્રણ દિવસમાં બગડી જાય છે. રુદ્ર સોલાર ડ્રાયર આ સમસ્યાનો જડમૂળથી ઉકેલ લાવે છે. પ્રોડક્ટમાંથી ભેજ ઉડી ગયા પછી, તેની શેલ્ફ લાઈફ એટલે કે ટકવાની ક્ષમતા ૨-૩ દિવસથી વધીને સીધી એક વર્ષ સુધી થઈ જાય છે. આ ટેકનોલોજીને કારણે ખેડૂતોને હવે તેમનો માલ સડી જવાની ચિંતા કરવાની જરૂર રહેતી નથી.

ઘણીવાર બજારમાં બિન-મોસમી વરસાદ કે વધુ ઉત્પાદનને કારણે ખેડૂતોને પાકના ખૂબ જ ઓછા ભાવ મળે છે. સીઝનલ પ્રાઈસ વેરીએશન ખેડૂતોની કમર તોડી નાખે છે. ઉદાહરણ તરીકે, શિયાળામાં આદુ કે કેરીની સીઝનમાં જ્યારે પુષ્કળ આવક હોય ત્યારે ભાવ ગગડી જાય છે. જો ખેડૂત આ પ્રોડક્ટને સોલાર ડ્રાયરમાં સુકવીને સાચવી રાખે, તો તે ઓફ-સીઝનમાં જ્યારે કિંમતો ઊંચી હોય ત્યારે વેચીને બમણો નફો મેળવી શકે છે.

બજારમાં ઘણીવાર દેખાવમાં થોડા નબળા એવા બી કે સી ગ્રેડના ફળો (જેમ કે સફરજન કે કેરી) કચરાના ભાવે વેચવા પડે છે. રુદ્ર સોલાર ડ્રાયર દ્વારા આવા ફળોને સુકવીને તેમાંથી ડ્રાય ફ્રૂટ્સ કે પાવડર બનાવી શકાય છે. આમ, જે ઉત્પાદન ફેંકી દેવા જેવું હતું, તે મૂલ્યવર્ધન ( ) દ્વારા કિંમતી બની જાય છે અને ખેડૂતનું માર્જિન અનેકગણું વધી જાય છે.

આ ડ્રાયર સંપૂર્ણપણે સૂર્ય ઉર્જા પર ચાલતા હોવાથી તેમાં વીજળી કે ડીઝલનો કોઈ પણ વધારાનો ખર્ચ થતો નથી. આ એક ગ્રીન ટેકનોલોજી છે જે પર્યાવરણને કોઈ નુકસાન પહોંચાડતી નથી. સ્વચ્છ અને હાઈજેનિક રીતે મસાલા, ફૂલ, ઔષધીય પાક અને અનાજને સુકવી શકાતા હોવાથી તેની ગુણવત્તા બજારના સામાન્ય ઉત્પાદનો કરતા શ્રેષ્ઠ રહે છે.

રુદ્ર સોલાર એનર્જી માત્ર ખેડૂતો જ નહીં, પણ ગ્રામીણ મહિલાઓ માટે પણ નવી આશા લઈને આવ્યું છે. ગ્રામ્ય મહિલાઓ ઘરે બેઠા અથવા સખી મંડળો દ્વારા સોલાર ડ્રાયરનો ઉપયોગ કરીને પાપડ, શાકભાજીના પાવડર અને હર્બલ પ્રોડક્ટ્સ બનાવી શકે છે. આ ટેકનોલોજી મહિલાઓને આત્મનિર્ભર બનાવી ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાનું કામ કરી રહી છે.

છેલ્લા દોઢ દાયકાથી કાર્યરત રુદ્ર સોલાર એનર્જીના પ્રયાસોથી આજે અનેક પરિવારો આર્થિક રીતે સધ્ધર બન્યા છે. ખેતીમાં નુકસાન ઘટાડીને રોજગારનું સર્જન કરવું અને ખેડૂતને માત્ર ઉત્પાદક નહીં પણ એક ઉદ્યોગ સાહસિક બનાવવો એ જ આ કંપનીનો મુખ્ય હેતુ છે. આ આધુનિક સાધન આવનારા સમયમાં ખેતીની નવી પરિભાષા લખશે તેમાં કોઈ શંકા નથી.

### ઈન્ડિયન મેડિકલ એસો

પાંચ દિવસમાં હેટ્રિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં જાહેર જનતાએ ઉત્સાભેર ભાગ લીધો હતો.

જેમાં સૌ પ્રથમ કાર્યક્રમમાં ઈન્ડિયન મેડીકલ એસો. અને એસો. ઓફ ફિઝિશિયન ના સંયુકત ઉપક્રમે હંમેશા યુવાન કેમ રહેશો? વિષયે ઉપર ડો. જીતેન્દ્ર અઢીયા, ડો. કિન્નર ગુપ્તા અને ડો. પ્રદીપ કંસાગરા ના સેમીનારનું આયોજન કરવામાં આવેલ આપણા શરીરને તંદુરસ્ત રાખવા માટે તેમાં શું માપદંડો છે. સદા યુવાન કેવી રીતે રહેશો? હૃદય રોગ, કેન્સર, ડાયાબીટીસ તથા ઓબેસિટી ને કેમ અટકાવી શકશો. આ વિશેનું સરળ અને સચોટ માર્ગદર્શન ડોકટર દ્વારા આપવામાં આવેલ. આ પ્રોગ્રામ તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પ્રમુખસ્વામી હોલ ખાતે રાજકોટ વાસીઓ માટે તથા આઈ.એમ.એ. મેમ્બર્સ માટે નિ:શુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવેલ.

બીજા કાર્યક્રમ મેડીકલ કેમ્પમાં આઈ.એમ.એ. રાજકોટ દ્વારા આવો ગાવ ચલો પ્રોજેકટ અંતર્ગત મિતાણા ગામ ખાતે તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સિનર્જી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ દ્વારા એક નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટના ખ્યાતના સ્પેશિયાલીસ્ટ અને સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરોની ટીમ દ્વારા નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ અને બેઝીક રિપોર્ટની સેવા આપવામાં આવી હતી.

આ કેમ્પમાં ડો. ગૌતમ માકડીયા (કેન્સર રોગોના નિષ્ણાત) ની ટીમ ડો. પાર્થ કટારીયા (પેટ અને આંતરડાની સર્જનરીના નિષ્ણાંત) ડો. ધ્રુવ કોટેચા (ફિઝિશિયન) ડો. જીત ગાંધી (ઓર્થોપેડીક સર્જન), ડો. જયેશ ડોબરીયા (ફેફસાના રોગોના નિષ્ણાંત તથા આઈએમસી પ્રેસિડેન્ટ), ડો. અજય ચારણ (સ્ત્રી રોગનિષ્ણાંત) ડો. યશ કાકડીયા (ઈ એન ટી સર્જન) ડો. યજ્ઞીશ પોપટ (બાળકોના રોગોના નિષ્ણાંત), અને ડો. ચેતન લાલસેતા (ચામડીના રોગોના નિષ્ણાંત) દ્વારા મીતાણા ગામ તથા આજુબાજુના ગામના લોકોને નિશુલ્ક સારવાર અને તપાસ કરી આપેલ. નિદાન કેમ્પ આઈ.એમ.એ. પ્રીસિડેન્ટ ડો. જયેશ ડોબરીયા તથા સેક્રેટરી ડો. કૃપાલ પુજારા દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

ત્રીજા સેવા યજ્ઞમાં સીનીયર સિટીઝન લોકો માટે કેન્સર વીક સેલિબ્રેશન ના ભાગરુપે રાજકોટ સીનીયર સિટીઝન કલબ (ઈવનીંગ પોસ્ટ) ખાતે સંગીત સધ્યા તથા કેન્સરના રોગો વિશે સચોટ માર્ગદર્શન અને સારવાર માટે સિનર્જી હોસ્પિટલના ડો. શ્વેતા તિલાળા અને ડો. કુણાલ કુંડલીયા દ્વારા માહિતગાર કરવામાં આવેલ તેમજ આઈ.એમ.એ. પ્રેસિડેન્ટ ડો. જયેશ ડોબરીયા દ્વારા સીનીયર સિટીઝન્સ લોકોએ આ ઉંમરે ઘરમાં તથા બહાર શું કાળજી રાખવી એના માટે વિસ્તૃત અને ખુબ જ ઉપયોગી એવી નાની નાની બાબતોથી રુબરુ કરાવેલ.

### અપૂર્વમુનિ સ્વામિ

આકર્ષણબી.એ.પી.એસ.ના આંતરરાષ્ટ્રીય વક્તા અને જાણીતા મોટીવેશનલ સ્પીકર સંત પૂ.અપૂર્વમુનિ સ્વામીનું 'જીત જાયેંગે હમ' વિષય પર પ્રેરક પ્રવચન રહ્યું હતું. સ્વામીએ અત્યંત સરળ, હળવી અને રમૂજી શૈલીમાં ગમ્મત સાથે ગહન જીવનમૂલ્યો રજૂ કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સમયનું યોગ્ય આયોજન, આત્મવિશ્વાસનું સંવર્ધન, સકારાત્મક વિચારસરણી, એકાગ્રતા અને તણાવમુકત અભ્યાસ અંગે સ્પષ્ટ અને વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું.

અપૂર્વમુનિ સ્વામીએ જણાવ્યું હતું કે, પરીક્ષા જીવનનું અંતિમ લક્ષ્ય નથી, પરંતુ ઉજ્જ્વળ ભવિષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગથિયું છે. ગુણ મહત્વના છે, પરંતુ ગુણોથી વધુ મહત્વપૂર્ણ છે ગુણવત્તાસભર વ્યક્તિત્વ. તેમણે વિદ્યાર્થીઓને પ્રાર્થના, નિયમિત અભ્યાસ, યોગ્ય સમયપત્રક, પૂરતી નિંદ્રા અને સકારાત્મક સંગત દ્વારા સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી.

આજના કાર્યક્રમમાં રાજકોટની નામાંકિત શાળાઓના ૩૦૦૦થી અધિક વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં સૌ વિદ્યાર્થીઓ પ્રસાદ લઈ પૂ.અપૂર્વમુનિ સ્વામીએ પરીક્ષામાં પરફોર્મ કરવા માટે શીખવેલા છ સિદ્ધાંતોને જીવનમાં અમલ કરવાના દ્રઢ નિર્ધાર સાથે વિદાય થયા હતા. સમગ્ર કાર્યક્રમ શિસ્તબદ્ધ આયોજન, સુવ્યવસ્થિત વ્યવસ્થા અને આધ્યાત્મિક વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

### આત્મીય યુનિવર્સિટી

શિબિર અને વૃક્ષારોપણ જાગૃતિ અંગેના સ્ટોલનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે તુષાર પટેલ દ્વારા જીવંત જલરંગ ચિત્રકામ અને નીરવ વાઘેલા દ્વારા ડાયરા કાર્યક્રમ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોએ પ્રદર્શનને વધુ સમૃદ્ધ બનાવ્યું હતું. લોકપ્રિય રેડિયો સંચાલક અજય તથા હેય પટેલ જેવા પ્રભાવક વ્યકિતઓની ઉપસ્થિતિએ યુવાનોમાં ઉત્સાહ વધાર્યો હતો.

વિદ્યાર્થીઓની ઉદ્યોગસાહસિકતા અને પ્રચાર-પ્રસાર કુશળતા વિકસાવવા વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી અને વિજેતાઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઉપકુલપતિ ડો. રાકેશ મુદગલ, નોંધણી અધિકારી ડો. ડી.ડી. વ્યાસ, વિભાગ અધ્યક્ષ ડો. વિશાલ ખસગીવાલા, વિભાગ વડા ડો. અમિત રાજદેવ તેમજ સી.એ. ભાવિન પટેલ, જીગ્નેશ રાઠોડ, કિંજલ ભટ્ટ અને અંજલિ ગોહેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમે આ વ્યાપાર પ્રદર્શનને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

(છેલ્લા પાનાનું ચાલુ)

### કોંગ્રેસની જંગી સભા...

આવશે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલ, લોકસભાના સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે.

### શેરડીનો ભાવ...

મોટા-મોટા વાયદાઓ અને પ્રોજેક્ટ્સના નામે આદિવાસી સમાજની જીવાદોરી સમાન જળ, જંગલ અને જમીન છીનવી લેવાનું વ્યવસ્થિત કાવતરું ચાલી રહ્યું છે. ગ્રામસભાઓની મંજૂરી લીધા વિના જ જમીનોનું સંપાદન કરવું અને ઉદ્યોગપતિઓના ફાયદા માટે કુદરતી સંસાધનનો ભોગ લેવાઈ રહ્યો છે.

### સોમનાથ મંદિર...

પડે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જનરલ એન્ટ્રી ગેટ પર નવા ચેકિંગ પોસ્ટ કાર્યરત રહેશે. મહિલાઓ અને પુરુષો માટે અલગ-અલગ ત્રણ-ત્રણ લાઈનો તેમજ ભીડ વધે ત્યારે એકસાથે બે લાઈનોમાં ચેકિંગ કરવાની સુવિધા રહેશે.

મંદિરના એન્ટ્રીથી એક્ઝિટ ગેટ સુધી ત્રિશૂલ, ડમરૂ, ૐ જેવા શિવ પ્રતિકો અને વિદ્યુત રોશનીથી સમગ્ર પરિસર ઝગમગી ઉઠ્યું છે.

### અમુલ એઆઈ...

પ્રોડક્ટ્સની ઈમ્પોર્ટને બાકાત રાખવાના તેમના આગવા નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર ૧૦ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવન નિર્વાહ સુરક્ષિત રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવો વિશ્વાસ દર્શાવ્યો કે, આ આવકારદાયક ટ્રેડ ડિલના પરિણામે વડાપ્રધાનના માર્ગદર્શનમાં દેશનું ડેરી સેક્ટર દૂધ ઉત્પાદન વધારીને વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપથી આગળ વધશે.

### જનઆરોગ્ય સાથે ચેડા...

વિતરકો માટે કેટલાક સૂચનો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં બોરવેલના પાણીનો ત્રણ (૩) મહિના ગાળે પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે રીપોર્ટ કરાવીને રેકોર્ડમાં રાખવાનો રહેશે, રોજનું ફિલ્ટર કરેલ પાણીનું રજીસ્ટર નિયમિત રીતે નિભાવવાનું રહેશે, ફિલ્ટર બદલવાની તારીખનો યોગ્ય રેકોર્ડ નિભાવવાનો રહેશે, ફિલ્ટર ખરીદીના તમામ બીલો સાચવીને રાખવાના રહેશે, ફિલ્ટર મેન્ટેનન્સ સંબંધિત તમામ બીલો સાચવીને રાખવાના રહેશે, પાણીનો પબ્લિક હેલ્થ લેબોરેટરીનો રીપોર્ટ દર મહિને સંબંધિત કચેરીમાં રજુ કરવાનો રહેશે, તૂટેલા જગ (કેન) દૂર કરવા અને ઉપયોગમાં લેવાતા જગ ફૂડ ગ્રેડ સર્ટિફિકેટ ધરાવતા હોવા જોઈએ, સ્થળ/જગ્યાનું જરૂરી રીપેરીંગ કામ સમયસર પૂર્ણ કરવાનું રહેશે, જગ (કેન) નિયમિત અને વ્યવસ્થિત રીતે સાફ રાખવાના રહેશે, પાણીની નિયમિત સફાઈ અને જાળવણી કરવાની રહેશે, દરેક જગ પર વિક્રેતાનું નામ અને મોબાઈલ નંબર સ્પષ્ટ રીતે દર્શાવવાના રહેશે, દરેક વિક્રેતા/સપ્લાયર વેચાણ કરેલ પાણી ના જગ/બરફ નું ગ્રાહક રજિસ્ટર નિભાવવાનું રહેશે જેમાં ઉત્પાદન તારીખ નો ઉલ્લેખ તેમજ ગ્રાહકની સહીનો સમાવેશ થશે, ક્લોરીન ડોઝિંગ (ફ્યુઝ) પંપ ઈન્સ્ટોલ કરાવી ૩ પીપીએમ સુપર ક્લોરીનેશન કરેલ પાણીનું જ વેચાણ કરવાનું રહેશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કાલે રાજકોટ મહાનગરપાલિકા ઈન્ટર સ્ટાફ બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાશે



## પ્રથમ વિજેતાને રૂ.૫૧૦૦, દ્વિતીય વિજેતાને રૂ.૨૧૦૦ અને તૃતિય વિજેતાને રૂ.૧૧૦૦ રોકડ પુરસ્કાર તથા મેડલ આપવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન દ્વારા આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકા ઈન્ટર સ્ટાફ બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાશે

આ અંગે વધુ માહિતી આપતા મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની એસ.પી.વી. રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓમાં શિસ્ત અને શારીરિક ફિટનેસ તથા ટીમ સ્પીરીટની ભાવના ઉદભવે તેવા ઉમદા હેતુ માટે રમત ગમત ખુબ જ અગત્યની બાબત હોઈ, જે અન્વયે કાલે શુક્રવારના રોજ સવારે ૯ કલાકે, શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, મવડી ખાતે રાજકોટ મહાનગરપાલિકા ઈન્ટર સ્ટાફ બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાશે.આ સ્પર્ધામાં ભાગ લેવા માટે રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા ફિકસ પગારધોરણમાં તથા કાયમી કર્મચારીઓને એક પરિપત્ર કરી મહાનગરપાલિકાની તમામ શાખા/વિભાગમાં જાણ કરી રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવેલ. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૫૧૦૦, દ્વિતીય વિજેતાને રૂ.૨૧૦૦ અને તૃતિય વિજેતાને રૂ.૧૧૦૦ રોકડ પુરસ્કાર તથા મેડલ આપવામાં આવશે.

# ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષની વરણી માટે સોમવારે ચૂંટણી

## કોઈપણ ધારાસભ્ય પોતાના નામની દરખાસ્ત કરી શકશે નહિં: કાલે ઉમેદવારી ફોર્મ ભરાશે

**અબતક, રાજકોટ**

જેઠાભાઈ ભરવાડે રાજીનામું આપ્યા બાદ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષની જગ્યા ઘણા સમયથી ખાલી પડી છે. આગામી ૧૬મી ફેબ્રુઆરીથી બજેટ સત્રનો આરંભ થઈ રહ્યો છે ત્યારે આજે ગુજરાત વિધાનસભાના સચિવ ચેતન પંડ્યાએ ઉપાધ્યક્ષની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. આગામી સોમવારે ઉપાધ્યક્ષની નિયુક્તી માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦ (૨) અન્વયે પ્રસ્તાવની સૂચના અનુસાર આવતીકાલે શુક્રવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ઉપાધ્યક્ષની ચૂંટણી લડવા ઈચ્છુકે પ્રસ્તાવ રજૂ કરવાનો રહેશે. આ નિયમ મુજબ પ્રસ્તાવમાં જેમનું નામ ઉપાધ્યક્ષ તરીકે સૂચવવામાં આવ્યું હોય તેઓએ જો ચૂંટાઈને ઉપાધ્યક્ષ બનશે તો પોતે કામ કરવા રાજી છે તેનું નિવેદન સૂચન પણ સાથે જોડવાનું રહેશે. નિયમ ૧૦ (૨) અનુસાર કોઈપણ ધારાસભ્ય ઉપાધ્યક્ષ પદ માટે પોતાના નામની દરખાસ્ત કરી શકતા નથી. કોઈપણ સભ્યએ એક કરતા વધારે પ્રસ્તાવની દરખાસ્ત પણ કરી શકતા નથી કે તેને ટેકો પણ આપી શકતા નથી. જે વાત ધ્યાનમાં લેવા તાકીદ કરવામાં આવી છે. રાજ્ય સરકારના મંત્રી મંડળમાં હાલ રાજકોટ શહેરનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આવામાં ઉપાધ્યક્ષ રાજકોટના ધારાસભ્યને ફાળવવામાં આવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ ઉપાધ્યક્ષ પદ માટે પ્રબળ દાવેદાર મનાઈ રહ્યા છે.

# વોર્ડ નં.-૪માં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહૂર્ત કરાવતા ધારાસભ્ય ઉદય કાનગડ



**અબતક, રાજકોટ**

વિધાનસભા-૬૮માં વોર્ડ-૪ માં રાધામીરા પાર્ક, સેટેલાઈટ ચોક, મોરબી રોડ ખાતે રી કાર્પેટ કરવાના કામનું ખાતમુર્હુત ધારાસભ્ય ઉદય કાનગડના વરદ હસ્તે અને મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કોર્પોરેટરો કંકુબેન ઉઘરેજા, કાળુભાઈ કુંગશીયા, પરેશભાઈ પીપળીયા, વોર્ડ પ્રભારી જે.ડી.ભાખર, વોર્ડ પ્રમુખ કાનાભાઈ ડેંડૈયા,વોર્ડના મહામંત્રીઓ ભરતભાઈ લીંબાશીયા, દિલીપભાઈ બોરીચાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ તકે કાર્યક્રમના પ્રારંભે વિસ્તારની બાળાઓ દ્વારા ધારાસભ્ય ઉદય કાનગડ સહિતના આગેવાનોને કુમકુમ તિલક કરેલ હતું તેમજ સ્થાનીક અગ્રણીઓ દ્વારા ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજયની ભાજપ સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી વિવિધ જનહિતકારી યોજનાઓને કારણે દેશ, રાજ્યના સર્વાંગિ વિકાસને નવી દિશા મળી રહી છે. લોકોની પ્રાથમિક સુવિધાને લગતા વિવિધ વિકાસ કાર્યો થકી ભારતીય જનતા પાર્ટીનો સૌનો સાથ, સૌનો વિકાસ નો સંદેશ વધુ મજબૂત બને છે. શહેરના ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસને નવી દિશા આપતા પેવર કામ, સી.સી. રોડ, પેવિંગ બ્લોક અને ડામર રોડ, રબ્બર બ્લોક સહિતના અનેક માર્ગ વિકાસના કામો વેગવંતા બન્યા છે અને રાહદારીઓની રોજિંદી અવર-જવર વધુ સરળ,સુરક્ષિત અને આરામદાયક બની રહી છે. ત્યારે વિધાનસભા-૬૮માં વોર્ડ-૪ રાધા-મીરા પાર્ક ખાતે ડામર રી કાર્પેટ કામથી વિસ્તારના લોકોની સુખ-સુવિધામાં વધારો થશે.

આ ખાતમુર્હુત પ્રસંગે વોર્ડ-૪માં વોર્ડના વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ તથા સ્થાનીક લતાવાસીઓ સહિતના સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# હાલારી શ્રીમાળી સોની નવચેતના ગ્રુપ દ્વારા યમુના મહારાણીજીના ૫૧ લોટીજીનો મહાઉત્સવ

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં નવચેતના ગ્રુપ દ્વારા આપી માહિતી



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક,રાજકોટ**

રાજકોટ હાલારી શ્રીમાળી સોની નવચેતના ગ્રુપ દ્વારા સર્વે સર્વે જ્ઞાતિ વૈષ્ણવો માટે યમુના મહારાણીજીના ૫૧ લોટીજીનો મહાઉત્સવ એવમ્ સમુહ માળા પહેરામણી તેમજ ફુલફાગ રસિયાનો ભવ્ય કાર્યક્રમ રાસરાસેશ્વર નિકુંજનાયક શ્રીનાથજી બાવા એવમ્ શ્યામ મનોહર પ્રભુ: તથા કૃષ્ણારસામૃત શરણાગત વત્સલ શ્યામ સુંદર યમુના મહારાણીજી એવમ્ રસકુંજ હવેલી-રાજકોટના યુવા વૈષ્ણાવાચાર્ય પુરૂષોતમલાલજી મહારાજ (ચોપાસની-જુનાગઢ-રાજકોટ-કાલાવડ) ની આજ્ઞાથી આ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરેલ છે. યમુના મહારાણીજી લોટીજી ઉત્સવ તથા સમુહ માળા પહેરામણી મનોરથ એવમ્ વધાઈ કિર્તનના સુક્ષ્મ મનોરથ તેમજ હોલી રસીયા(ફૂલફાગ) કાર્યક્રમનું આયોજન તા. ૧-૩-૨૦૨૬, રવિવાર, શ્રીજી ગૌશાળા, ખંઢેરી સ્ટેડીયમ સામે, જામનગર રોડ ખાતે રાખવામાં આવેલ છે.

આ દિવ્ય અને અલૌકીક મનોરથના મુખ્ય મનોરથી ગૌ.વા. પરષોતમદાસ કાલીદાસ લાઠીગરા (ભાયાવદરવાળા) હ. ગૌ.વા. હરસુખલાલ પરષોતમદાસ લાઠીગરા છે. માળા પહેરામણી તથા લોટીજી ઉત્સવ ની ન્યોછાવર રૂા.૪૧૦૦/- રાખેલ છે. યમુનાજી લોટીજી-તુલસીજી કંઠી તથા ૧૫ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવાના પાસ તેમજ જે મનોરથીને અલગથી પ્રસાદ લેવડાવવાના પાસ જોઈતા હોય તો બપોરના પ્રસાદ પાસની ન્યોછાવર રકમ રૂા.૨૦૦/-(વ્યકિત દીઠ) અને રાત્રીના પ્રસાદ પાસની ન્યોછાવર રકમ રૂા.૧૦૦/-(વ્યકિત દીઠ) અલગથી ભરીને મનોરથ નોંધાવતી વખતે મેળવી શકાશે.

મનોરથમાં નામ નોંધાવા તેમજ વધુ માહીતી માટે પ્રમુખ કૈલાશભાઈ ડી. રાજપરા-મો. ૯૮૨૪૮ ૮૯૯૪૫, મંત્રી જયેશભાઈ ડી. ગેરીયા-મો. ૯૮૨૫૬ ૩૪૭૪૪, ઉપપ્રમુખ હિતેષભાઈ આર. રાજપરા-મધુરમ આર્ટ, ૯-પન્ના માણેક, પેલેસ રોડ, આશાપુરા મંદિરની સામે, રાજકોટ. મો. ૯૮૨૪૨ ૦૭૮૧૧, ખજાનચી કિશોરભાઈ બી. માંડલીયા-બાબુલાલ લક્ષ્મીચંદ એન્ડ સન્સ, ૧૩, માંડલીયા ચેમ્બર્સ, ગધીવાડ, સોની બજાર, રાજકોટ-મો. ૯૮૨૪૪ ૧૬૬૮૪, કારોબારી સભ્ય ધર્મેશભાઈ એન. સાહોલીયા-સીલ્વર એનેકસી, દુકાન નં.૩૦૬, હાથીખાના મેઈન રોડ, વીરાણી વાડી પાસે, રાજકોટ. મો. ૯૪૨૮૪ ૬૫૫૫૯, સિલાઈ મશીન વિતરણ કન્વીન ભાવેશભાઈ એ. ગેરીયા-૭, મંગલમ ચેમ્બર્સ, મીનાગલી, માંડવી ચોક, સોની બજાર, રાજકોટ. મો. ૯૩૨૭૦ ૦૨૯૦૦ સંપર્ક કરવો. મનોરથમાં નામ નોંધાવા માટેની છેલ્લી તા.૨૦-૨-૨૦૨૬ વ્હેલા તે પહેલાના ધોરણે નોંધાવી આપવા વિનંતી.

# પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવ અને પૂર્વ સ્ટે. ચેરમેન પૂષ્કર પટેલ બજેટને વખાણ્યું

## બંને પૂર્વ પદાધિકારીઓએ અંદાજપત્રને રાજકોટના વિકાસમાં સિંહફાળો આપનારૂ ગણાવ્યું



**અબતક, રાજકોટ**

પૂર્વ મેયર ડો. પ્રદીપ ડવ અને પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કરભાઈ પટેલે કોર્પોરેશનના બજેટને આવકર્યું હતુ.

આ બજેટમાં કમિશનરની જોગવાઈઓ ઉપરાંત પુરક યોજના સ્વરૂપે સ્ટેન્ડિંગ કમિટી ચેરમન દ્વારા રાજકોટ શહેરની વધી રહેલ વસતિ તથા નવા ભળેલ વિસ્તારોને અનુલક્ષીને ક્ષેત્રફળમાં થયેલ વધારો જેવા મુદ્દા ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોનના વોર્ડ નં.૧૨માં આવેલ વાવડી વિસ્તારમાં નાગરિકોને આધુનિક અને સુવ્યવસ્થિત રમતગમત સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર સ્વિમિંગ પૂલ નિર્માણ કરવાનું આયોજન કરેલ આવે છે. રાજકોટ મહાનગરપાલિકા પર સીધો નાણાકીય ભાર ન આવે, તે હેતુસર આ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ડિઝાઈન, નિર્માણ, સંચાલન અને જાળવણીની જવાબદારી ખાનગી ભાગીદાર દ્વારા નિભાવવામાં આવશે, જે ખૂબજ આવકારદાયક નિર્ણય છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને મનોરંજન તથા ફૂડ સુવિધાઓ એક જ સ્થળે સુવ્યવસ્થિત રીતે ઉપલબ્ધ થાય તે હેતુસર નાના મવા બ્રિજની નીચે ફુડ કોર્ટ તથા ગેમ ઝોન વિકસાવવાનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ગુણવત્તાયુક્ત સુવિધાઓ ઝડપી સમયમર્યાદામાં વિકસિત થશે, ભાડું/રેવન્યુ શેરિંગ દ્વારા મહાનગરપાલિકાને નિયમિત આવક પ્રાપ્ત થશે, લાંબા ગાળે આર્થિક લાભ પ્રાપ્ત થશે. આ પ્રોજેક્ટ માટે જમીન તથા આધારભૂત સુવિધા મહાનગરપાલિકા દ્વારા ઉપલબ્ધ કરાશે, ડિઝાઈન, નિર્માણ, સંચાલન અને જાળવણી ખાનગી ભાગીદાર દ્વારા કરવામાં આવશે, મહાનગરપાલિકા પર સીધો નાણાંકીય ભાર નહીં આવે, જે ખૂબજ આવકારદાયક નિર્ણય છે. સંયુક્ત ફુડ કોર્ટ તથા ગેમ ઝોન થકી નાગરિકોને એક જ સ્થળે ફૂડ + મનોરંજન + ફેમિલી એન્ટરટેઈનમેન્ટ સુવિધા મળશે, બાળકો અને યુવાનોમાં રમતગમત તથા સક્રિય જીવનશૈલી પ્રત્યે રસ વધશે, પરિવાર માટે સ્વચ્છ, સલામત અને આયોજનબદ્ધ જગ્યા મળશે, બ્રિજની નીચેનો અવ્યવસ્થિત વિસ્તાર ઉપયોગી અને સક્રિય જાહેર સ્થળમાં રૂપાંતરિત થશે.

## પત્રકારત્વ ભવન દ્વારા

# ફિલ્મ મેકીંગ અને સંગીતના જુના દુર્લભ સાધનોનું 'ગુજરા હુઆ જમાના' પ્રદર્શન

**અબતક, રાજકોટ**

પત્રકારત્વ ભવન દ્વારા આયોજીત ડિજિટલ ફિલ્મ મેકિંગ વર્કશોપ અંતર્ગત ફિલ્મ અને સંગીત સંબંધિત જુના અને દુર્લભ સાધનોનું એક પ્રદર્શન 'ગુજરા હુઆ જમાના' તા. ૧૭, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આર્ટ ગેલેરી, સૌરાષ્ટ્ર યુનિ. ખાતે યોજાશે.

આ વિશેષ પ્રદર્શન 'ગુજરા હુઆ જમાના'નું ઉદઘાટન તા. ૧૭મીને મંગળવારના રોજ સવારે ડિજિટલ ફિલ્મ મેકીંગ વર્કશોપના ઉદઘાટન સમારંભ અંતર્ગત ઉપસ્થિત મહેમાનોના હસ્તે કરવામાં આવશે.

આ પ્રદર્શનના સિનેમાના ઈતિહાસની યાદોને તાજી કરે એવા જુના અને દુર્લભ સાધનો જોવા મળશે. જેમાં બાયોસ્કોપ, ગ્રામોફોન, સ્પુલ ડેક, રેડિયો , ફિલ્મ પ્રોજેકટર, જુની બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મોના પોસ્ટર્સ, ફિલ્મોની બુકલેટ, ફિલ્મ રીલ્સની પેટી, ફિલ્મના રીલ્સ, રેકોર્ડ, એલ.પી. તથા ઈ.પી. વીસીઆર તથા તેની કેસેટો સહિતના વિશિષ્ટ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ દુર્લભ સાધનોનો સંગ્રહ રાજકોટના પ્રકાશભાઈ વાગડીયા ધરાવે છે.

આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ડિજિટલ ફિલ્મોના યુગમાં યુવાનો અને વિદ્યાર્થીઓને ફિલ્મ તથા સંગીત ક્ષેત્રે અને ટેકનોલોજીના વિકાસથી પરિચિત કરાવવાનો છે. આ ડિજિટલ ફિલ્મ મેકિંગ વર્કશોપ દ્વારા આધુનિક ફિલ્મ નિર્માણની પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે.

# ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગ માટે બી.એચ. ગાર્ડી એન્જિનિયરિંગ કોલેજની મહત્વપૂર્ણ પહેલ

## સમજૂતી કરાર હસ્તાક્ષર સાથે વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગ પરિચય સેમિનાર યોજાયો


**અબતક, રાજકોટ**

બી.એચ. ગાર્ડી એન્જિનિયરિંગ અને ટેકનોલોજી કોલેજ દ્વારા ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્ર વચ્ચે મજબૂત જોડાણ સ્થાપવા માટે મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. કોલેજના રોજગાર માર્ગદર્શન વિભાગ દ્વારા સ્ટેકકોડ અને સ્ટેકડોટ સંસ્થાઓ સાથે સમજૂતી કરાર હસ્તાક્ષર સમારોહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કરાર દ્વારા શૈક્ષણિક અભ્યાસ અને ઉદ્યોગની વર્તમાન જરૂરિયાતો વચ્ચેનું અંતર ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ અંતર્ગત એન્જિનિયરિંગના અંતિમ પૂર્વ વર્ષના વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણ સોફ્ટવેર વિકાસ, ઉદ્યોગ પરિચય અને રોજગાર ભૂમિકાઓ વિષય પર વિશેષ સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં સ્ટેકડોટના મુખ્ય કાર્યકારી અધિકારી અને સ્થાપક શ્રી જીત જાગાણી દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક ટેકનિકલ ક્ષેત્રના નવા પ્રવાહો, વર્તમાન કારકિર્દી તકો, ઉદ્યોગની અપેક્ષાઓ તેમજ સ્વરોજગાર માટે જરૂરી દ્દષ્ટિકોણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે પ્રાયોગિક અનુભવ, સતત કુશળતા વિકાસ અને નવીનતા તરફ આગળ વધવા પ્રેરણા આપી હતી.આ સમજૂતી કરાર હેઠળ વિદ્યાર્થીઓને ઉદ્યોગ પરિચય, કુશળતા આધારિત તાલીમ, તાલીમાર્થી અવસર, નિષ્ણાત પ્રવચનો તેમજ રોજગાર સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે. સાથે જ વાસ્તવિક પ્રોજેક્ટ પર કામ કરવાની તક, ભરતી પ્રક્રિયા અંગે સમજ અને કારકિર્દી માર્ગદર્શન પણ આપવામાં આવશે.

આ પહેલથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, પ્રાયોગિક શિક્ષણ અને ઉજ્જવળ કારકિર્દી માટે નવા માર્ગો ખુલ્યા છે. કાર્યક્રમને સફળ બનાવવા બદલ સંસ્થાએ ઉદ્યોગ નિષ્ણાતો, સંયોજકો, પ્રાધ્યાપકો અને ઉત્સાહી વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પૂ.ધીરગુરૂદેવની ૪૫મી દીક્ષા જયંતી અભિવંદના અવસરે ત્રિ-દિવસીય કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

દેવભૂમિ દેવલાલી (નાસિક)ની પાવન ભૂમિમાં ગોંડલ સંપ્રદાયના પૂ.ધીરગુરૂદેવની ૪૫મી દીક્ષા જયંતી અભિવંદના પ્રસંગે ત્રિ-દિવસીય કાર્યક્રમ દેશ-વિદેશના ભાવિકોની ઉપસ્થિતિમાં તા.૧૫/૦૨/૨૦૨૬, રવિવારે ઉજવાશે.

અત્રે યાદ આપવું જરૂરી છે કે - જસાપર ગામના વતની અને ૫૦ વર્ષ સરપંચપદે સેવારત પૂજ્ય પ્રેમગુરુવરે ૮૦ વર્ષની વયે અને તેઓના પુત્ર શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂજ્ય ધીરગુરૂદેવે (પિતા-પુત્ર) એક સાથે ૧૫/૦૨/૧૯૮૨ ના ઉપલેટા સંઘમાં જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરેલ. તાજેતરમાં પૂજ્ય ગુરુદેવના જ્યેષ્ઠ ભ્રાતા મનહરભાઈ મણિયાર એ ૮૬ વર્ષની વયે આજીવન સંથારો ગ્રહણ કરી ૧૨માં ઉપવાસે સમાધિમરણ પ્રાપ્ત કરેલ. દીક્ષા જયંતી પ્રસંગે નરેશમુનિ મ.સા. આદિ તથા તરૂલતાજી મ.સ., જ્યોતિજી મ.સ., જયેશાજી મ.સ., ભક્તિજી મ.સ., મીનાજી મ.સ. આદિ અજરામરના કોકીલાજી મ.સ., ઝંખનાજી મ.સ., વિભૂતિજી મ.સ., શીતલજી મ.સ., શુભેચ્છકુમારીજી મ.સ. તથા શ્રમણ સંઘના અનુપમાજી મ.સ., દરિયાપુરીના દ્રષ્ટિજી મ.સ. આદિના દર્શનાદિનો લાભ મળશે.તા.૧૩ને શુક્રવારે સવારે ૯:૩૦ કલાકે 'આતમ ઝંખે છુટકારો' વિષય પર પ્રવચન શ્રેણી અજરામર ઉપાશ્રયે, તા.૧૪ને શનિવારે પ્રભાબેન ચુનીલાલ વેકરીવાળા કેસરવાડી ઉપાશ્રય અને બપોરે ૩:૦૦ કલાકે વૈયાવચ્ચ કેન્દ્રના ૮૫ કર્મચારીઓનું બહુમાન કરાશે.

જ્યારે તા.૧૫ના સવારે ૭:૪૫ થી ૮:૪૫ કલ્પવૃક્ષ સોસાયટી, મહાલક્ષ્મી મંદિર રોડ ખાતે નવકારસી, ૯:૦૦ જ્ઞાનપોથી શોભા યાત્રા અને ૯:૩૦ કલાકે દીક્ષા જયંતિ અભિવંદના કાર્યક્રમ ડુંગર દરબાર, મેંગો ટ્રી હોલ, મહાલક્ષ્મી મંદિર રોડ ખાતે યોજાશે. સમારોહ મધ્યે 'મંજિલ એક માર્ગ અનેક' અને ભક્તામર-સામાયિક સૂત્ર (પોકેટ)ની અર્પણ વિધિ યોજાશે.આ પ્રસંગે અમેરિકા, મસ્કત, કલકત્તા, ગોંડલ, રાયપુર, આકોલા, જલગાવ, સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, ઈન્દોર, મોરબી, જસાપર, મુંબઈના વિવિધ સંઘો, પુના, નાસિક, વાપી વગેરે ગામના ભાવિકો ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ઝવેરી પરિવાર, કુંદનબેન નવીનભાઈ દોશી, રાજેશ બેન્સ, જયશ્રી શાહ, દિપ્તિ શાહ વગેરે કાર્યરત છે.

# શહેર-જિલ્લાના વિકાસ માટે સાંસદ રામભાઈ મોકરીયાએ કમર કસી: ૫.૭૯ કરોડની ગ્રાન્ટ ફાળવી

## શહેર સાથે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, રોડ, કોમ્યુનિટી હોલ સ્મશાન આરોગ્ય કેન્દ્ર માટે પુરતી ગ્રાન્ટની ફાળવણીમાં રામભાઈ મોકરીયાનો ડંકો



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર જિલ્લાના વિકાસ કામોમાં કોઈ કચાશ ન રહે તે માટે રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયાના પ્રયાસો પરિણામ દાયી બન્યા છે. તેમણે રાજકોટ શહેર જિલ્લાના અલગ અલગ વિકાસ કામો ને હેડ તળે ૫.૭૯ કરોડની ગ્રાન્ટ ફાળવી વિકાસ વેગવાન કર્યા છે.

સંસદસભ્ય રામભાઈ મોકરીયા દ્વારા વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ દરમ્યાન રાજકોટ શહેર તથા સમગ્ર રાજકોટ જિલ્લાના સર્વાંગી વિકાસ માટે પોતાની સંસદ સભ્ય તરીકે મળતી ગ્રાન્ટમાંથી ૫ કરોડ ૭૯ લાખ ૪૦,૦૦૦ રૂપિયા જેવી ઐતિહાસિક અને માતબર રકમ ફાળવવામાં આવી છે.

સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ "વિકાસ સર્વ માટે"ના મંત્રને સાર્થક કરતા શિક્ષણ, બાળવિકાસ, આરોગ્ય, તથા શહેર તથા જિલ્લાના ગામોના વિકાસ માટે આધુનિક પાયાની સુવિધાઓને પ્રાથમિકતા આપી છે.

રાજકોટ સીટી તથા રાજકોટ જિલ્લાના જુદા જુદા ગામોમાંબાળશિક્ષણ અને પોષણ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાના હેતુસર સ્માર્ટ આંગણવાડી બનાવવાની યોજનાનો મૂળ હેતુ ગમ્મત સાથે જ્ઞાન મળે ,બાળકોને ડિજિટલી જ્ઞાન મળે, બાળકો રમતા રમતા શીખે,અને બહાર વગરના ભણતર સાથે શિક્ષણના આધુનિક પ્રવાહ સાથે તાલમેલ મેળવે આ માટે આ સ્માર્ટ આંગણવાડી યોજના માટે રૂપિયા ૩૬ લાખ રૂપિયા ફાળવેલ છે. આધુનિક ટેકનોલોજી થી જાણકાર બને તે હેતુથી સરકારી પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક શાળામાં (સાયન્સ પાર્ક/સાયન્સ લેબ) માટે રૂપિયા ૨ કરોડ જેવી માતબર રકમ ફાળવી છે.

ઉપરાંત જિલ્લાભરના વિવિધ ગામોમાં લોકોની પ્રાથમિક સામાન્ય અને દૈનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પેવર બ્લોક, સી.સી. રોડ,આધુનિક બસ સ્ટેન્ડ, સ્મશાનગૃહ,ચેકડેમ, સ્નાનાઘર, સાંસ્કૃતિક હોલ તેમજ મિયાવાંકી જંગલ તેમજ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં કોમ્યુનિટી હોલની જરૂરી સુવિધાઓ પૂરી પાડી તેમજ ગરીબ તથા ઘરવિહોણા માટે રેન બસેરા, વિગેરે પાયાની જરૂરિયાત માટે ૧.૬૦ લાખ તેમજ આરોગ્ય સેવાઓને પ્રથમ પ્રાધ્યાન આપતા અને ગ્રામીણ કક્ષાએ દર્દીને ત્વરિત સારવાર ઉપલબ્ધ થાય તેને લક્ષમાં લઈને ઉપલેટા,વીંછીયા અને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કુલ ત્રણ જગ્યાએ ૭૫ (પંચોતેર લાખ) લાખ રૂપિયાની માતબર ગ્રાન્ટ ફાળવી છે. આ તમામ કાર્યો માટે કુલ મળીને રૂપિયા અંદાજે ૨ કરોડની માતબર રકમ ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આરોગ્ય સેન્ટરોમાં ક્યારેક વીજળી જતી રહેવાને કારણે દર્દીઓ હેરાન ના થાય તે માટે પી.એચ.સી. સેન્ટરોમાં જનરેટરસેટ ફાળવવા માટે કુલ ૨૪ લાખ તથા પોલીસ વિભાગમાં બેડમિન્ટન હોલ બનાવવા માટે ૩૦ (ત્રીસ લાખ)જેવી માતબર રકમ ફાળવી છે આમ દરેક ક્ષેત્રોમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. રામભાઈ મોકરીયાની આ દ્રઢ અને દુરંદેશી શકિતને કારણે રાજકોટ સીટી તથા રાજકોટ જિલ્લા વિકાસના નવા શિખરો સર કરી રહ્યો છે.

# ડો. સુશીલાબેન કે. શેઠ આરોગ્ય ભવનનું ઉદ્દઘાટન

## અદ્યતન ટેકનોલોજી સાથે રાહતદરે સારવાર સાથે આરોગ્યસેવામાં નવી દિશા




**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે અગ્રેસર રહેલી સંસ્થા દ્વારા ડો. સુશીલાબેન કે. શેઠ આરોગ્ય ભવનનું ભવ્ય નવનિર્માણ કરી ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ સંસ્થા આઝાદી પૂર્વકાળથી સેવા કાર્યમાં નિરત રહી છે અને વર્ષો પહેલાં હીરાબેન શેઠ તથા ડો. સુશીલાબેન શેઠના પ્રેરણાદાયી યોગદાનથી સ્થાપિત થઈ હતી.

ટ્રસ્ટ દ્વારા સમાજસેવાના અનેક કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. ઈ.સ. ૧૯૮૬માં ફિઝિયોથેરાપી કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી, જ્યાં દર્દીઓને અત્યંત રાહતદરે સારવાર આપવામાં આવે છે. સંસ્થાના પાયાના પથ્થર સમાન ડો. સુશીલાબેન શેઠે જીવનભર તન-મન-ધનથી સંસ્થાની સેવા કરી હતી. તેમના અવસાન બાદ તેમની સ્મૃતિને અવિનાશી બનાવવા આ આરોગ્ય ભવનને નવા સ્વરૂપે વિકસાવવામાં આવ્યું છે.નવનિર્મિત આરોગ્ય ભવનમાં આધુનિક સાધનો અને વિશેષ સારવાર સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. અહીં ટેન્સ, અલ્ટ્રાસાઉન્ડ, લેસર થેરાપી, પીડિયાટ્રિક થેરાપી સહિતની વિવિધ સારવાર રાહતદરે આપવામાં આવે છે. દરરોજ અંદાજે ૧૫૦થી ૧૭૦ દર્દીઓ આ સેવાનો લાભ લઈ રહ્યા છે.આ ઉપરાંત ટેકાર થેરાપી, શોકવેવ થેરાપી અને નીડલિંગ જેવી અદ્યતન સારવાર પદ્ધતિઓ પણ શરૂ કરવામાં આવી છે, જેથી દરેક વર્ગના દર્દીઓને ગુણવત્તાસભર અને અસરકારક સારવાર મળી શકે.સંસ્થાનું સુકાન સંભાળતા ટ્રસ્ટી અતુલભાઈ મોદી અને જોઈન્ટ સેક્રેટરી નેહાબેન દફતરીના પ્રયાસોથી ભવનને આધુનિક રૂપ આપવામાં આવ્યું છેઅને દર્દીકેન્દ્રિત અનેક નવી સુવિધાઓ ઉમેરવામાં આવી છે. ઉદ્દઘાટન સમારોહ ચેરમેન પ્રેમલભાઈ ઉદાણી અને સેક્રેટરી વિશાલભાઈ શેઠની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પ્રસંગે આશરે ૧૫૦ જેટલા ઓર્થોપેડિક સર્જન અને ફિઝિયોથેરાપી નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

ડો. સુશીલાબેન કે. શેઠ આરોગ્ય ભવનના આ નવનિર્માણથી આરોગ્યસેવાના ક્ષેત્રે નવી ઊંચાઈ સર થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.



### દરરોજ ૧૦૦થી વધુ દર્દીઓને મળશે લાભ: નેહાબેન દફતરી



અબતક સાથેની વાતચીતમાં નેહાબેન દફતરીએ જણાવ્યું હતું કે આજરોજ ફિઝિયોથેરાપી સેન્ટરનું પુનઃ પ્રારંભ (રી-લૉન્ચિંગ) કરવામાં આવ્યું છે.

સુશીલાબેન આરોગ્ય કેન્દ્રના માર્ગદર્શન હેઠળ આ ફિઝિયોથેરાપી સેન્ટરને નવી દિશા સાથે ફરી શરૂ કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે વર્ષો પહેલાં સુશીલાબેને આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે એક નવી કેડી કંડારી હતી. મધ્યમ વર્ગ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને શ્રેષ્ઠ સારવાર અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ થાય તે શુભ હેતુથી આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. ફિઝિયોથેરાપી સેન્ટરમાં આધુનિક સાધનો સાથે તમામ પ્રકારની સારવારની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અહીં દર્દીઓને હસતાં મુખે સેવા આપી, ઝડપી અને અસરકારક સારવાર આપવામાં આવે છે. હાલમાં દરરોજ સરેરાશ ૧૦૦ થી ૧૫૦ જેટલા દર્દીઓ સારવાર માટે અહીં આવે છે,

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક માધવરાવ ગોલવલકર ગુરૂજીનો કાલે જન્મદિવસ

માધવરાવ સદાશિવ ગોલવલકરજી, જેમને ગુરુજી તરીકે ઓળખવામાં આવે છે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક હતા. ગુરુજી માત્ર એક સંગઠન 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'નું નેતૃત્વ કરતા જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રને માર્ગદર્શન આપતા એક યુગપુરુષ હતા. તેમના જીવન-કાર્યને જોવા અને સમજવા માટે આજે માત્ર ભારત જ નહીં, પરંતુ વિશ્વભરમાં ફેલાયેલા ઘણા સંગઠનો અને તેમના કાર્યકર્તાઓ અભ્યાસ કરે છે.



સદાશિવ-લક્ષ્મીબાઈ દંપતીના આઠમા સંતાનનો યુગાબ્દ ૫૦૦૭ માઘ કૃષ્ણ એકાદશી (ઉત્તરમાં પૌષ) મૂળ નક્ષત્રમાં (૧૯ ફેબ્રુઆરી ૧૯૦૬, સોમવાર) બ્રહ્મ મુહૂર્તે નાગપુરમાં મામાજી આબા રાયકરના ઘરે જન્મ થયો હતો. તિથિ, નક્ષત્ર વગેરે જોઈને તે પુત્રનું નામ 'માધવ' રાખાયું. માધવનું પ્રાથમિક શિક્ષણ રાયપુર, ચંદ્રપુર, ભંડારા અને ખંડવામાં થયું હતું. દરેક વર્ગમાં તે અગ્રણી છાત્રોમાંનો એક હતો. શિક્ષકના પ્રશ્નોના તાત્કાલિક જવાબ આપવા માટે તે માત્ર ઉત્સાહી જ નહીં, પરંતુ કુશળ પણ હતો. આ જ સમયગાળામાં, જ્યારે મધુની ઉંમર ૧૧ વર્ષની હતી, ત્યારે તાઈ-ભાઉજીએ તેનું ઉપનયન કરવાનું આયોજન કર્યું. ૧૯૧૯માં મધુએ અંગ્રેજી હાઈસ્કૂલમાં પ્રવેશ કર્યો. સાતમા ધોરણ પછી હાઈસ્કૂલ એન્ટ્રન્સ સ્કોલરશિપની પરીક્ષા જીત્યા બાદ તેમને પ્રતિમાસ ૪ રૂપિયાની શિષ્યવૃત્તિ મળી હતી.

બાળપણથી જ માધવને વાંચવું ખૂબ ગમતું હતું. તેનું મન વાંચનમાં ખૂબ લાગતું હતું. અભ્યાસ ઉપરાંત તેઓ રમતમાં પણ ભાગ લેતા હતા અને હોકી તેમની પ્રિય રમત હતી. નાગપુરમાં શૈક્ષણિક સમય દરમિયાન માધવ અન્ય કળાઓમાં પણ રસ લેવા લાગ્યો. પ્રસિદ્ધ મુરલી વાદક પંડિત સાંવલારામ સાથે સંપર્કમાં આવીને તેમણે મુરલી વગાડવાનું શીખવાનું શરૂ કર્યું. સતત અભ્યાસથી માધવે સંગીતના ઘણા રાગોમાં સારી પકડ મેળવી લીધી.

નાગપુરમાં ડોક્ટરજીના ઘરમાં ગુરુજી નિયમિત રીતે આવવા લાગ્યા. સંઘની શાખામાં પણ તેઓ નિયમિત હાજરી આપતાં રહ્યા. લાહોરના વર્ગમાં ડોક્ટરજીને કમરનો દુખાવો વધારે થઈ ગયો. તેથી આગળના કાર્યક્રમના આયોજનને સ્થગિત કરી, તેઓ દિલ્હીના માધ્યમથી સપ્ટેમ્બરમાં નાગપુર પરત આવ્યા. વીસ દિવસના લાંબા આ પ્રવાસ દરમિયાન ડોક્ટરજીને ગુરુજીનું નજીકથી નિરીક્ષણ કરવાની પૂરતી તક મળી. ડો. હેડગેવારજીએ પોતાના અવસાન પહેલાં જ એક પત્ર દ્વારા સ્પષ્ટ કર્યું હતું કે તેમના પછી સંઘની જવાબદારી માધવરાવ સદાશિવ ગોલવલકર (ગુરુજી) સંભાળશે. ડો. હેડગેવારજીના નિધનના બીજા જ દિવસે એટલે કે ૨૨ જૂન, ૧૯૪૦ના રોજ ગુરુજી વિધિવત રીતે સંઘના બીજા સરસંઘચાલક બન્યા. ગુરુજીએ ડો. હેડગેવારજીના વારસાને આગળ વધાર્યો અને સંઘને વટવૃક્ષ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ૧૯૭૦ સુધી તેમણે સંઘના કાર્યકર્તાઓનું માર્ગદર્શન કર્યું.

# જિયો ફાઈનાન્સ એપ દ્વારા વિવિધ બેંકો નોન બેકીંગ ફર્મ દ્વારા ઓફર કરવામાં આવતી ફિક્સ્ડ ડિપોઝિટ માટેનું પ્લેટફોર્મ લોન્ચ


## યુઝર્સ જિયો ફાઈનાન્સ એપ દ્વારા એક જ પ્લેટફોર્મ પર ફિક્સ્ડ ડિપોઝિટની સરખામણી કરી, તેમાં રોકાણ સરળતાથી તેને ટ્રેક કરી શકશે

**અબતક, રાજકોટ**

જિયોફાઈનાન્સ એપના યુઝર્સ હવે આ પ્લેટફોર્મ પર અનેક બેંકો અને નોન બેકીંગ ફર્મ દ્વારા ઓફર કરવામાં આવતી ફિક્સ્ડ ડિપોઝિટ્સની વિશાળ શ્રેણીનો લાભ લઈ શકશે. આ નવી સુવિધા જિયોફાઈનાન્સ એપની સરળ, સુરક્ષિત અને ડિજિટલ-ફર્સ્ટ નાણાકીય સેવાઓ માટેના 'વન-સ્ટોપ ડેસ્ટિનેશન' તરીકેની ઓળખને વધુ મજબૂત બનાવે છે.

સ્થિર અને ઓછું જોખમ ધરાવતા બચત વિકલ્પો શોધતા લોકો માટે આ ફીચર આદર્શ બનશે. આ સુવિધા યુઝર્સને સંપૂર્ણ ડિજિટલ પ્રક્રિયા દ્વારા આકર્ષક વ્યાજ દરો પર ફિક્સ્ડ ડિપોઝિટની સરખામણી કરવાની અને તેમાં સરળતાથી રોકાણ કરવાની સુવિધા આપે છે. જિયોફાઈનાન્સ એપ દ્વારા એફડી કરવાના મુખ્ય ફાયદાઓ આ મુજબ છે: આ સુવિધા યુઝર્સને યુનિટી સ્મોલ ફાયનાન્સ બેંક, સૂર્યોદય સ્મોલ ફાયનાન્સ બેંક, બજાજ ફાયનાન્સ, શ્રીરામ ફાયનાન્સ, ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેંક અને મહિન્દ્રા ફાયનાન્સ સહિત અનેક બેંકો અને ગઈઋઈત દ્વારા ઓફર કરવામાં આવતી ફિક્સ્ડ ડિપોઝિટની સરખામણી કરવામાં મદદ કરે છે. નિર્ણય લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે વ્યાજ દર અને સમયગાળા મુજબ ફિલ્ટર્સની સુવિધા પણ આપવામાં આવી છે.

વાર્ષિક ૮.૧૫ ટકા* સુધીના વ્યાજ દરો ઓફર કરવામાં આવે છે, જેમાં સ્મ




ફાયનાન્સ બેંકો અને ગઈઋઈતના વધુ વળતર આપતા વિકલ્પોનો સમાવેશ થાય છે. કોઈપણ હસ્તક્ષેપ વગર, મિનિટોમાં એફડી બૂક કરવા માટેની સંપૂર્ણ ડિજિટલ 'એન્ડ-ટુ-એન્ડ' પ્રક્રિયા પૂરી પાડે છે.યુઝર્સ ટેન્યોર, ટેક્સની લાગુ પડતી શરતો, લોક-ઈન પિરિયડ અને સમય મર્યાદા પહેલા નાણાં ઉપાડવા (પ્રિમેચ્યોર વિડ્રોઅલ) સંબંધિત નિયમો અને શરતોની વિગતો જોઈ શકે છે.આ એપ ચાલુ અને બંધ થયેલી એફડી પર દેખરેખ રાખવા માટે એક વ્યાપક ડેશબોર્ડ પૂરું પાડે છે, જેમાં વળતર, પાકતી મુદત અને રિન્યુઅલ માટેના રિમાઈન્ડર્સને ટ્રેક કરવાની સુવિધા સામેલ છે.

લોન્ચ પ્રસંગે જિયો ફાઈનાન્સ પ્લેટફોર્મ એન્ડ સર્વિસ લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુરભે એસ. શર્માએ જણાવ્યું હતું કે, વિવિધ સંસ્થાઓ દ્વારા ઓફર કરવામાં આવતી એફડીનો આ વિશાળ વિકલ્પ એ યુઝર્સને તેમના જીવનના લક્ષ્યો મુજબ નાણાકીય બાબતોમાં સમજદારી પૂર્વકના નિર્ણયો લેવા માટે સક્ષમ બનાવવાનો અમારો એક પ્રયાસ છે. ભારતમાં એફડી બચત માટેનો એક લોકપ્રિય વિકલ્પ રહ્યો છે, તેમ છતાં યુઝર્સને અવારનવાર વિવિધ સંસ્થાઓની એફડી વચ્ચે સરખામણી કરવામાં, વ્યાજદરો સમજવામાં અથવા અલગ-અલગ પ્લેટફોર્મ પર તેમની ડિપોઝિટને ટ્રેક કરવામાં મુશ્કેલી પડતી હોય છે. અમે એફડી શોધવા, સરખામણી કરવા, બૂક કરવા અને તેને ટ્રેક કરવા માટે એક સરળ અને પારદર્શક એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ પ્રક્રિયા ઉપલબ્ધ કરાવીને આ અડચણોને દૂર કરી રહ્યા છીએ.

# મોરબીના પત્રકાર પ્રવીણ વ્યાસના પૌત્ર આયુષ યજ્ઞ પવિત ધારણ કરશે

મોરબી નિવાસી અખંડ સૌભાગ્યવતી અનિતાબેન સન્નીભાઈ વ્યાસના પુત્ર આરુષનો યજ્ઞોપવિત (જનોઈ) સંસ્કાર વિધિ ગુરુવાર તા. ૧૯ ફેબ્રુઆરીએ .હિંદુ સંસ્કૃતિના ૧૬ સંસ્કારોમાંનો એક મહત્વપૂર્ણ સંસ્કાર એવા યજ્ઞોપવિત સંસ્કારનો ધાર્મિક વિધિવત કાર્યક્રમ ઉમા રિસોર્ટ, જુના આરટીઓ સામે, મોરબી-કચ્છ બાયપાસ ખાતે આયોજન કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે આરુષ ગુરુવારે સવારે ૧૧૩૦ વાગ્યે પ્રતીકાત્મક કાશી યાત્રા માટે પ્રસ્થાન કરશે. પરિવારજનો અને સ્નેહીજનોની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે આ પવિત્ર સંસ્કાર ઉજવાશે.

# વાત્સલ્ય ટ્રસ્ટના હેલ્થ ચેકઅપ કેમ્પનો ૧૦૦ વડીલોએ લીધો સેવા લાભ

## નિષ્ણાંત તબીબો અને તમામ ટેસ્ટની સુવિધા દર્દીઓ માટે બની આશિર્વાદરૂપ

**અબતક, રાજકોટ**

આદ્ય સ્થાપક મૂળવંતભાઈ દોમડીયા પ્રેરિત વાત્સલ્ય જ્ઞાનવર્ધક સંઘ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ દ્વારા રોટરી લલિતાલય હોસ્પિટલ નાં સહયોગથી સમાજના વયસ્ક લોકો તેમ જ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સભ્યો તથા બાળકોમાં સુસંસ્કારોનો વિકાસ થાય એ માટે નિઃસ્વાર્થ સેવા આપતાં શિક્ષિકા બહેનો વગેરે માટે નિઃશુલ્ક હેલ્થ માટે



ના દરેક પ્રકારના રિપોર્ટ તથા ખઉ ડોક્ટર અને ડાયેટિશીયન દ્વારા કન્સલ્ટેશનનું તા.૧૦-૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું હતુ. ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ રોટરી લલિતાલય હોસ્પિટલ, ૬- ગીતગુર્જરી સોસાયટી, ઉપાશ્રયની સામેનો રોડ, ગીતગુર્જરી સોસાયટી મેઈન રોડ, કરવામાં આવેલ જેમાં ૧૦૦ જેટલા ભાઈઓ બહેનો એ ભાગ લીધેલ હતો. સભ્યો માટે ખાસ પેકેજ સીબીસી ૨૨ પરિમાણો, એલ ડી એચ, ઈ એસ આર, પીએસએ (પુરુષો માટે), બ્લડ સુગર, એલ એચ અને એફ એસએચ(સ્ત્રીઓ માટે), એચ બી એ વન સી, એચઆઈવી, થાઈરોઈડ પ્રોફાઈલ ૩ પરિમાણો, એચડીએસએ જી, આયર્ન સ્ટડીઝ ૪ પેરામીટર્સ, એચસીવી, લિપિડ પ્રોફાઈલ ૮ પેરામીટર્સ, પેશાબ આર/એમ ૧૬ પેરામીટર્સ, લિવર પ્રોફાઈલ ૧૧ પેરામીટર્સ, એચ સી જી, રેનલ પ્રોફાઈલ ૬ પેરામીટર્સ, શરીરની રચના વિશ્લેષણ, વિટામિન બી ૧૨, એક્સ-રે છાતી, વિટામિન ડી, ડેન્ટલ ચેક-અપ, કેલ્શિયમ, આંખ ચેક-અપ, સીઆરપી, ડાયેટિશિયન કન્સલ્ટેશન, ફોસ્ફરસ,ડોક્ટર કન્સલ્ટેશન નો સમાવેશ કરવામાં આવેલ હતો. આ આયોજનને સફળ બનાવવા માટે વાત્સલ્ય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ તથા કાર્યકરોએ જહેમત ઉઠાવેલ.

# ગાંધીનગરથી દિલ્હી વાળા હિંમતનગર શામળાજી-ઉદેપુર-જયપુર વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ કરવા માંગ

## રાજયસભાના સાંસદ મયંક નાયક દ્વારા ગુજરાત-દિલ્હી વચ્ચે રેલ કનેકટીવીટી સુદઢ બનાવવા રજૂઆત

**અબતક, રાજકોટ**

ગાંધીનગર થી દિલ્હી વાયા હિંમતનગર-શામળાજી-ઉદેપુર-જયપુર વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ કરવાની માંગ રાજયસભામાં ઉઠી હતી.



રાજ્યસભા સાંસદ મયંકભાઈ નાયક દ્વારા રાજ્યસભાના ગૃહમાં ગુજરાત અને રાષ્ટ્રીય રાજધાની વચ્ચે રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવવા મહત્વપૂર્ણ માંગ રજૂ કરવામાં આવી છે. તેમણે ગાંધીનગર થી દિલ્હી વાયા હિંમતનગર-શામળાજી-ઉદેપુર-જયપુર માર્ગ પર વંદે ભારત સ્લીપર ટ્રેન સેવા શરૂ કરવાની રજૂઆત કરી છે. સાંસદએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતના નાગરિકોને હાલમાં આ રુટ પર દિલ્હી સુધી સીધી, ઝડપી અને આરામદાયક રેલ સેવા ઉપલબ્ધ નથી. જો આ રૂટ પર વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ થાય તો ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓને રાષ્ટ્રીય રાજધાની સાથે સશક્ત કનેક્ટિવિટી મળશે.આ રૂટ પર ઉદેપુર જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિના પર્યટન સ્થળ સાથે શામળાજી, શ્રીનાથજી, ખાટુ શ્યામજી અને જયપુર જેવા પ્રસિદ્ધ ધાર્મિક તથા ઐતિહાસિક સ્થળો આવેલાં છે. ટ્રેન સેવા શરૂ થવાથી પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે તેમજ દેશભરના યાત્રાળુઓ અને પ્રવાસીઓને સરળ, સુરક્ષિત અને સુવિધાસભર મુસાફરીની તક મળશે. આ ટ્રેન સેવા વેપાર, શિક્ષણ, આરોગ્ય અને રોજગાર ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ઉત્તર ગુજરાતના યુવાનો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને દિલ્હી તથા ઉત્તર ભારત સાથે સીધી જોડાણ મળવાથી વિકાસના નવા દ્વાર ખુલશે.સાંસદ મયંકભાઈ નાયકની આ માંગ ઉત્તર ગુજરાતના સર્વાંગી વિકાસ અને પરિવહન સુવિધાના વિસ્તરણ માટે દુરંદેશી અને જનહિતકારી પહેલ તરીકે નોંધપાત્ર છે.

### નમૃતા ગ્રીન ફાઉન્ડેશન-બોલબાલા ટ્રસ્ટ ઉપક્રમે

# મોરૂકા પ્રાથમિક શાળાની દિકરીઓએ મહેંદી સ્પર્ધામાં આવડતના રંગ પુર્યા

## મહેદી સ્પર્ધાની સહભાગીઓને ઈનામો અપાયા



**અબતક, રાજકોટ:** ''હરિ આદેશ જ સર્વોપરી'' ના મંત્રને સાર્થક કરતા નમ્રતાગ્રીન ફાઉન્ડેશન અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા, મોરૂકા પ્રાથમિક શાળામાં દીકરીઓ માટે મહેંદી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે નમ્રતાગ્રીન ફાઉન્ડેશનના જૂનાગઢ જિલ્લા પ્રમુખ રાહુલભાઈ માકડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યમાં દાતાશ્રી રાકેશભાઈ સોલંકી, હિતેશભાઈ બગડા, મહેન્દ્રભાઈ રાઠોડ અને ભગવાનજીભાઈ પરમાર તરફથી અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો. સંસ્થાના હરિ સેવક મહેન્દ્ર આયલાણીએ જણાવ્યું હતું કે,હરિ આદેશ વગર પાંદડું પણ હલતું નથી ત્યારે આ દીકરીઓની કલાને નિખારવાનું નિમિત્ત બનવાની તક મળી તે પણ હરીની જ કૃપા છે. કાર્યક્રમના અંતે તમામ સહભાગી દીકરીઓને કાન્હાના આશીર્વાદ રૂપી ઈનામો અને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ઓપન સૌરાષ્ટ્ર સ્કેટિંગ સ્પર્ધામાં જૈના ગોસાઈને મળ્યા બે મેડલ

**અબતક, રાજકોટ**

ક્રાઈસ સ્કૂલ ખાતે ઓપન સૌરાષ્ટ્ર સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ન્યુ એરા સ્કેટિંગ એકેડેમીના સ્કેટર જૈના ભૂપતગીરી ગોસાઈએ શાનદાર પ્રદર્શન કરી અંડર ૬ થી ૮ માં સમગ્ર સૌરાષ્ટ્રમાં ૨ બ્રોન્ઝ મેડલ અને ૩ રેન્ક મેળવેલ હતો અને દશનામ સમાજનું ગૌરવ વધાર્યું હતું.



આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્કેટિંગના ક્વોડ કેટેગરીમાં પોતાની સ્પીડ અને બેલેન્સનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નિર્ણાયિકો અને પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. આ સફળતા બદલ જેના ભૂપતગીરી ગોસાઈને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિ બદલ કોચ સિદ્ધાર્થ વ્યાસ અને પરિવારજનો અને લીટલ સ્ટાર સ્કૂલના આચાર્ય મીનાક્ષીબેન તરફથી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# ખેડૂતોની આવક બમણી કરશે રૂદ્ર સોલાર ડ્રાયર: બગડી જતી ખેતપેદાશો હવે એક વર્ષ સુધી રહેશે સુરક્ષિત



**અબતક, રાજકોટ**

આજના આધુનિક યુગમાં જ્યારે ખેડૂતો પરંપરાગત ખેતીમાંથી બહાર નીકળીને કંઈક નવું કરવા મથામણ કરી રહ્યા છે, ત્યારે અમદાવાદના દશકોઈ તાલુકાના તામતવણ ગામમાં આવેલી રુદ્ર સોલાર એનર્જી કંપની ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. છેલ્લા ૧૦-૧૫ વર્ષથી ખેડૂતો સાથે ખભેખભો મિલાવીને કામ કરતી આ કંપનીએ પોસ્ટ હાર્વેસ્ટ લોસ એટલે કે કાપણી પછી થતા બગાડને અટકાવવા માટે સોલાર ડ્રાયરના ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી છે.

## ગ્રામ્ય મહિલાઓ માટે ઘરે બેઠા પાપડ, મસાલા અને હર્બલ પ્રોડક્ટ્સ દ્વારા સ્વરોજગારનું ઉત્તમ સાધન

### સોલાર થર્મલ ટેકનોલોજીનો અદભૂત ઉપયોગ

રુદ્ર સોલાર એનર્જી દ્વારા નિર્મિત મશીનો સંપૂર્ણપણે સોલાર થર્મલ ટેકનોલોજી પર આધારિત છે. જે રીતે સૂર્યના કિરણો શરીર પર પડતા ગરમીનો અનુભવ થાય છે, તે જ કુદરતી ઉર્જાનો ઉપયોગ કરીને આ મશીનો બનાવવામાં આવ્યા છે.

(અનુ. આઠમા પાને)

## રૂદ્ર સોલાર એનર્જી ગ્રામીણ મહિલાઓને સ્વરોજગાર આપશે: દેવાંગ જોશી

અબતક સાથેની વાતચીતમાં દેવાંગ જોશીએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે ટામેટા, આદુ, કેરી કે અન્ય શાકભાજી કાપણીના થોડા જ દિવસોમાં બગડવા લાગે છે. સોલાર ડ્રાયર આ ઉત્પાદનોમાંથી માત્ર ભેજને દૂર કરે છે, જેનાથી તેની 'શેલ્ફ લાઈફ' વધીને એક વર્ષ સુધી થઈ જાય છે. આ ટેકનોલોજીની ખાસિયત એ છે કે તે સૂર્યના તાપનો ઉપયોગ કરે છે પરંતુ ખોરાકના કુદરતી રંગ, સ્વાદ અને પોષક તત્વોને જાળવી રાખે છે. જ્યારે સીઝનમાં પાકની પુષ્કળ આવક થાય ત્યારે ભાવ તળિયે બેસી જાય છે. આવા સમયે ખેડૂતો મજબૂરીમાં માલ વેચવાને બદલે તેને સોલાર ડ્રાયરમાં સુકવી શકે છે. ઉદાહરણ તરીકે, શિયાળામાં સસ્તા ભાવે મળતા આદુ કે શાકભાજીને સુકવીને ઓફ-સીઝનમાં જ્યારે ભાવ આસમાને હોય ત્યારે વેચીને ખેડૂતો ૪૦% થી ૫૦% વધુ નફો મેળવી રહ્યા છે.




આ ટેકનોલોજી માત્ર ખેડૂતો જ નહીં, પણ ગ્રામીણ મહિલાઓ માટે પણ વરદાન છે. મહિલાઓ સખી મંડળો દ્વારા ફળ-શાકભાજીના પાવડર, વેફર, પાપડ અને ઔષધિઓ સુકવીને પોતાનો લઘુ ઉદ્યોગ શરૂ કરી શકે છે. ઝીરો ઈલેક્ટ્રિસિટી બિલ અને ઓછી મહેનતે તૈયાર થતા આ ઉત્પાદનો 'આત્મનિર્ભર ભારત'ના સપનાને સાકાર કરી રહ્યા છે.

# ઈન્ડિયન મેડિકલ એસો.ના સેવાયજ્ઞમાં માનવતા સાથે કરૂણા અને સેવાનો સમન્વય

## આઈ એમ એ ના સેવા કાર્યોની હેટ્રિક જરૂરિયાતમંદ દર્દીઓ અને માનવ બાંધવા માટે બન્યું આશીર્વાદરૂપ





**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તબીબી સેવા ને ખરા અર્થમાં માનવસેવાનું સાચું માધ્યમ બનાવવાની દિશામાં સતત પણે કાર્યરત રહેતી સંસ્થા તરીકે જાણીતી બનેલી ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન આઈ એમ એ રાજકોટ દ્વારા જાગૃતિ સાથે સેવા યજ્ઞની હેટ્રિક કરીને સમાજને એક નવો રાહ બતાવ્યો છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા પાંચ દિવસમાં ત્રણ સેવા યજ્ઞ માં યુવાન કેમ રહેશો વિષય એ તજજ્ઞોનું માર્ગદર્શન સેમીનાર બીજા દિવસે મેઘા નિદાન કેમ્પ અને બુજર્ગોમાં કેન્સર અંગેની સાચી સમજ અને મહામારી થી બચવા માટેના ઉપાયો અંગે માર્ગદર્શન આપવાના

## યુવાન કેમ રહેશો? વિષય એ તજજ્ઞોનું માર્ગદર્શન બુજુર્ગો માટે બની જીવન જીવવાની જડીબુટ્ટી.. મેગા નિદાન કેમ્પમાં નિષ્ણાંત તબીબોએ સારવાર સાથે આપી બીમારી સામે લડવાની હિંમત.. કેન્સર વીકની ઉજવણીમાં બુજુર્ગોને કેન્સરના રોગો વિશે સાચી માહિતી આપી ઉંમરની ઢળતી સંધ્યાએ શું કાળજી લેવી તેની આપી શિખામણ

સેવાના કાર્યક્રમોની હેટ્રિક કરી આઈ એમ એ માત્ર વ્યવસાયિક ધોરણે જ નહીં પણ સમાજ સેવા માટે પણ ડોક્ટરોનું અનોખું યોગદાન હોય છે તેનો દાખલો ઉભો કર્યો છે

રાજકોટ ઈન્ડિયન મેડીકલ એસો. દ્વારા પ્રેસીડેન્ટ ડો. જયેશ ડોબરીયા અને સેક્રેટરી ડો. કૃપાલ પુજારા ના માર્ગદર્શન હેઠળ છેલ્લા

(અનુ. આઠમા પાને)

# પોતાનામાં સુધારો લાવી, સતત રિવિઝન કરવું જરૂરી: અપૂર્વમુનિ સ્વામિ





## બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે બોર્ડના પરીક્ષાર્થીઓ માટે ''જીત જાયેગેં હમ'' કાર્યક્રમમાં ૩૦૦૦ વિદ્યાર્થીને મળ્યું યોગ્ય માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને આજે ભવ્ય અને પ્રેરણાદાયક પરીક્ષાર્થી પ્રેરણા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૩:૦૦ થી ૬:૦૦ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત ભગવાન સ્વામિનારાયણના પાવન દર્શન તથા નિલકંઠવર્ણી મહારાજના અભિષેકથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા અને ઉત્તમ પરિણામ માટે વૈદિક મંત્રોચ્ચાર સાથે વિશેષ પૂજનવિધિ યોજાઈ હતી. સર્વે પરીક્ષાર્થીઓએ શાંતિપૂર્ણ અને એકાગ્ર ચિત્તથી પ્રાર્થના કરી અને શ્રેષ્ઠ પરિણામ માટે સંકલ્પ લીધો હતો. આ આધ્યાત્મિક પ્રારંભે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને સકારાત્મકતાનો સંચાર કર્યો હતો. ત્યારબાદ સફળતાના પ્રેરક અને માર્ગદર્શક વીડિયો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં સમયનું સંચાલન, નિયમિત અભ્યાસ, ડિજિટલ વ્યસનથી દૂર રહેવાની જરૂરિયાત અને આત્મવિશ્વાસના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. સાથે જ વિવિધ ક્ષેત્રોમાં સફળતા હાંસલ કરનાર મહાનુભાવોના ઈન્ટરવ્યુ રજૂ કરાયા હતા, જેના દ્વારા વિદ્યાર્થીઓને સ્પષ્ટ સંદેશ મળ્યો કે સંકલ્પ, શ્રદ્ધા અને સતત પ્રયત્નથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ સાહેબે પણ પોતાની હાજરી આપી અને વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું.

કાર્યક્રમનું મુખ્ય

(અનુ. આઠમા પાને)

# આઈસીસીના ચેરમેન જય શાહે સાળંગપુરમાં કષ્ટભજનદેવના દર્શન કરી ધન્યતા અનુભવી

## સહપરિવાર દર્શન કરી સપુત્રની પેંડા-સુખડીથી તુલાકરી : ધજા અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા



**અબતક,રાજકોટ**

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના ચેરમેન જયભાઈ શાહ સહપરિવાર સાથે કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દર્શનાર્થે પધાર્યા હતા.તેમણે દાદાના દરબારમાં શીશ ઝુકાવી ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી અને મંગલ આશીર્વાદ પ્રાપ્ત કર્યા. આ અવસરે જયભાઈ શાહે પોતાના સુપુત્રની પેંડા અને સુખડીથી તુલા કરી તેમજ દાદાને ધજા અર્પણ કરી હતી.મંદિર સંચાલક સંતો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી, કોઠારી વિવેકસાગરદાસ સ્વામી (અથાણાવાળા) તેમજ પૂજ્ય શુકદેવ સ્વામી (સ્વામિનારાયણ ગુરુકુળ-ગોકુલધામ, નાર) સહિતના સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.સંતોએ જયભાઈ શાહને રાષ્ટ્ર અને રમતજગતની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વ્યવસાય અને સમાજસેવાનું અનોખું મંચ આત્મીય યુનિવર્સિટીનો વ્યાપાર એક્સપો





## બે દિવસમાં ૨૦,૦૦૦થી વધુ લોકોએ ૧૩૦ સ્ટોલની મુલાકાત લીધી

**અબતક, રાજકોટ**

વ્યવસાય અને વાણિજ્ય વિભાગના ઈનોવેન્ચર્સ ક્લબ, બિબીએ (ઉદ્યોગસાહસ અને કુટુંબ વ્યવસાય) તેમજ વ્યવસ્થાપન વિભાગ દ્વારા દરમિયાન આત્મીય યુનિવર્સિટીમાં વ્યાપાર પ્રદર્શન ૩.૦નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯:૦૦થી સાંજે ૮:૦૦ સુધી ચાલેલા આ પ્રદર્શનની મુખ્ય થીમ સતત વિકાસ લક્ષ્યો સાથે સંકળાયેલી રાખવામાં આવી હતી, જે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નિર્ધારિત લક્ષ્યો સાથે વ્યવસાય અને ઉદ્યોગોને જોડવાનો પ્રયાસ છે.

આ પ્રદર્શનનું ઉદઘાટન આત્મીય યુનિવર્સિટીના પ્રમુખ પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ સાથે યોજાયું હતું. ગુજરાત સ્વનિર્ભર સંસ્થાઓ સંઘના અધ્યક્ષ ભરતભાઈ ગાજીપરા, હૃદયરોગ નિષ્ણાત ડો. કિંજલ ભટ્ટ, ગંગોત્રી આંતરરાષ્ટ્રીય શાળાના ટ્રસ્ટી સંદીપભાઈ છોટાલા અને જયદીપભાઈ જલુના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સમાપન અને પુરસ્કાર વિતરણ સમારોહમાં સયાજી હોટલના દિગ્વિજય જાડેજા તથા શિવસેનાના અગ્રણી જીમ્મીભાઈ અડવાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રદર્શનમાં કુલ ૧૩૦થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા હતા, જેમાં નવી શરૂઆત કરનાર ઉદ્યોગો, સૌંદર્ય અને હર્બલ ઉત્પાદનો, કૃત્રિમ આભૂષણો, સ્ત્રી-પુરુષ વસ્ત્રો, ખાદ્ય પદાર્થો, રમકડાં વગેરેનો સમાવેશ થયો હતો. વિશેષ




આકર્ષણરૂપે ૧૮૩ દેશોની ચલણી નોટો અને સિક્કાઓનું અનોખું પ્રદર્શન પણ યોજાયું હતું. આશરે ૨૦,૦૦૦થી વધુ લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવા રક્તદાન

(અનુ. આઠમા પાને)

સ્પોર્ટ્સ અબતક

# ટીમ ઈન્ડિયા સામે નામ્બિયા કરતા ફિટનેસ આજે સૌથી મોટી ચેલેન્જ!



**અબતક, રાજકોટ**

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય ટીમ માટે આજની મેચમાં વિરોધી નામિબિયા નથી, પરંતુ ખેલાડીઓની ફિટનેસ અને તૈયારીઓ જ છે મોટો ચેલેન્જ. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયા સામે પોતાની બીજી ગ્રુપ એ મેચ રમવાની છે, પરંતુ ટીમની ચિંતા મુખ્યત્વે ઓપનર અભિષેક શર્માની તબિયત પર છે.

અભિષેક શર્મા પેટના ઈન્ફેક્શન અને વાયરલ તાવને કારણે હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેઓને હવે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે, પરંતુ તેમની પૂર્ણ ફિટનેસ હજુ સુધી પુરી થઈ નથી. ભારતીય ટીમ મેનેજમેન્ટ માટે આ સૌથી મોટી ચિંતાનો વિષય છે, કારણ કે અભિષેકના બદલે કોણ ઓપનિંગ કરશે તેનો નિર્ણય લેવો પડશે. સંજુ સેમ્સન પ્રથમ પસંદગી તરીકે તૈયાર છે, જ્યારે વોશિંગ્ટન સુંદર પણ ઈજામાંથી પરત ફર્યા છે અને તેમને તક મળી શકે છે.

બીજી તરફ, જસપ્રીત બુમરાહ પણ બીમારીમાંથી રિકવર થઈને પૂર્ણ તાકાત સાથે પ્રેક્ટિસ કરી રહ્યા છે અને આ મેચમાં રમવા તૈયાર છે. ભારતીય ટીમ માટે નામિબિયા જેવી નાની ટીમ સામે જીત મેળવવી સરળ લાગે છે, કારણ કે નામિબિયા નેધરલેન્ડ્સ સામે પણ સારું પ્રદર્શન ન કરી શક્યું હતું. પરંતુ ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર માટે અભિષેકની ફિટનેસ જ મુખ્ય ચેલેન્જ છે - નામિબિયા નહીં!

નામિબિયાના કેપ્ટન ગેરહાર્ડ એરાસમસે પણ પોતાની ટીમની મુશ્કેલીઓ વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે નામિબિયામાં ફ્લડલાઈટ્સની સુવિધા નથી, તેથી નાઈટ ગેમ્સ અને ડે-નાઈટ પ્રેક્ટિસનો અનુભવ ઓછો છે. ભારતને બે નાઈટ પ્રેક્ટિસ સેશન મળ્યા, પરંતુ નામિબિયાને એક પણ ન મળ્યું. તેમણે કહ્યું, અમે અમારી નામિબિયન સ્ટાઈલમાં લડીશું - ફાઈટ કરીશું!

આ મેચ ભારત માટે માત્ર જીતની નહીં, પરંતુ ટીમ કોમ્બિનેશન અને ખેલાડીઓની ફિટનેસ ચેક કરવાની તક પણ છે. આગળ પાકિસ્તાન જેવા મોટા મુકાબલા છે, તેથી આજે નામિબિયા સામે મજબૂત પ્રદર્શન આપીને આત્મવિશ્વાસ વધારવો જરૂરી છે.



## પાકિસ્તાન સામેના મુકાબલા આગાઉ આજની મેચ વોર્મઅપ સમાન

ભારત માટે આમ જોઈએ તો સુપર-૮ મુકાબલા અગાઉ આ એક વોર્મ મેચ સમાન છે. ભારત પાસે આગામી મહત્વની મેચો અગાઉ આ મેચમાં જીતવા કરતાં પોતાનો નેટ રનરેટ બહેતર બનાવવાની તક રહેલી છે. આ સંજોગોમાં બની શકે છે કે સૂર્યકુમાર યાદવ અને ટીમ મેનેજમેન્ટ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લે અને જંગી સ્કોર ખડકે. જોકે આમ કરવા માટે નિષ્ણાત એવા અભિષેક શર્માની ભારતને ખોટ પડી શકે છે. અભિષેકને પેટની સમસ્યાને કારણે હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવો પડ્યો હતો.નામિબિયા વિશે એમ કહેવાય છે કે તેમની બોલિંગ જોતાં ભારતના કેટલાક રાજ્યની ટીમ સૈયદ મુસ્તાક અલી ટ્રોફીની મેચની માફક રમે તો પણ આ ટીમ સામે જીતી શકે છે. જોકે આ એક અટકળ છે અને સૂર્યકુમાર યાદવ કદાચ આ રીતે વિચારતો નહીં હોય કેમ કે આખરે આ ટી૨૦ વર્લ્ડ કપ છે અને દરેક ટીમ પોતાની તાકાતના જોરે અહીં ક્વોલિફાઈ થઈને રમવા આવી છે.

**અભિષેકની ગેરહાજરી સંજુ પુરી કરશે, સ્ટાર બોલર જસપ્રિત બુમરાહ ફિટ આજની મેચમાં તે રમે તેવી પૂરી સંભાવના**

# વેસ્ટ ઈન્ડિઝે ઈંગ્લેન્ડને હરાવતા નેપાળ માટે પણ સુપર-૮માં પહોંચવા તક ઉજળી બની




**વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૭ રનના ટાર્ગેટનો પીછો કરતા ઈંગ્લેન્ડ ૧૯ ઓવરમાં ૧૬૬ રનમાં ઓલઆઉટ : મોતીની ત્રણ વિકેટ, રધરફર્ડના અણનમ ૭૬ રન**

**અબતક, રાજકોટ**

વેસ્ટ ઈન્ડિઝે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામેની મેચ ૩૦ રનથી જીતીને સુપર ૮માં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. આ મેચમાં ઈંગ્લેન્ડની હારથી તેમનો રસ્તો થોડો મુશ્કેલ બન્યો છે અને આ હારથી નેપાળ માટે સુપર ૮માં પ્રવેશવાનો માર્ગ પણ ખુલી ગયો. વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૭ રનના ટાર્ગેટનો પીછો કરતા ઈંગ્લેન્ડ ૧૯ ઓવરમાં ૧૬૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું.

વેસ્ટ ઈન્ડીઝ સામેની આ મહત્વપૂર્ણ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. વિન્ડીઝ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૯૬ રન બનાવી શક્યું. શેરફેન રધરફોર્ડે વેસ્ટ ઈન્ડીઝને આ મોટા સ્કોર સુધી પહોંચવામાં મુખ્ય ભૂમિકા ભજવી, તેને ૪૨ બોલમાં અણનમ ૭૬ રન બનાવ્યા. જેસન હોલ્ડરે પણ ૩૩ રન બનાવ્યા, જ્યારે રોસ્ટન ચેઝે ૩૪ રન બનાવ્યા.

ત્યારબાદ જ્યારે ઈંગ્લેન્ડ લક્ષ્યનો પીછો કરવા ઉતર્યું, ત્યારે ફિલ સોલ્ટ અને જોસ બટલરની જોડીએ આક્રમક રમત શરૂ કરી. પરંતુ ફિલ સોલ્ટના રૂપમાં ઈંગ્લેન્ડે ૩૮ રનના સ્કોર પર પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી. બટલર અને બેથેલ વચ્ચે બીજી વિકેટ માટે ૩૬ રનની પાર્ટનરશીપ જોવા મળી, ત્યારબાદ ઈંગ્લેન્ડની વિકેટ નિયમિત અંતરાલે પડવા લાગી. તેમના ૨ સ્પિન બોલરો ગુડાકેશ મોતી અને રોસ્ટન ચેઝે આ મેચમાં વેસ્ટ ઈન્ડીઝની ટીમને પાછી લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ મેચમાં ગુડાકેશ મોતીએ પોતાની ૪ ઓવરમાં ૩૩ રન આપીને ૩ વિકેટ લીધી હતી, જ્યારે રોસ્ટન ચેઝે ૪ ઓવરમાં ૨૯ રન આપીને ૨ વિકેટ લીધી હતી. જ્યારે રોમારિયો શેફર્ડ, અકીલ હુસૈન અને શમર જોસેફ ૧-૧ વિકેટ લેવામાં સફળ રહ્યા હતા.

## ઈંગ્લેન્ડની હારથી નેટ રન રેટ પર અસર

વેસ્ટ ઈન્ડીઝ સામે ૩૦ રનથી મળેલી હાર બાદ ઈંગ્લેન્ડનો નેટ રન રેટ પણ નોંધપાત્ર રીતે બગડ્યો છે.ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ માટે ગ્રુપ સી પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો, વેસ્ટ ઈન્ડીઝના હવે ૨ મેચમાં ૪ પોઈન્ટ છે, જ્યારે તેમનો નેટ રન રેટ ઘટીને ૧.૬૨૫ થઈ ગયો છે. સ્કોટલેન્ડના ૨ મેચમાં ૨ પોઈન્ટ સાથે, ૧ જીત અને ૧ હાર, અને નેટ રન રેટ ૦.૯૫૦ છે. ઈંગ્લેન્ડ, ૨ મેચમાં ૧ જીત અને એક હાર સા -૦.૬૫૦ ના નેટ રન રેટ સાથે ત્રીજા નંબરે છે. સુપર ૮ માં પહોંચવાની આશા સાથે નેપાળ ચોથા સ્થાને છે, જેની આગામી ૩ મેચ મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. નેપાળનો નેટ રન રેટ હાલમાં -૦.૨૦૦ છે. તેઓ તેમની આગામી મેચ ૧૨ ફેબ્રુઆરીએ ઈટાલી સામે રમશે, જે ગ્રુપના પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે.




# આયર્લેન્ડને હરાવીને ઓસ્ટ્રેલિયાના અભિયાનનો સફળ પ્રારંભ

**અબતક, રાજકોટ**

નાથાન એલિસે અત્યંત ઝંઝાવાતી બોલિંગ કરીને પોતાના પ્રથમ સ્પેલમાં ત્રણ વિકેટ ખેરવતાં ઓસ્ટ્રેલિયાએ અહીં રમાયેલી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં આયર્લેન્ડને ૬૭ રનથી હરાવીને ટુર્નામેન્ટમાં વિજય સાથે અભિયાનનો સફળ પ્રારંભ કર્યો હતો. મેચમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૨ રનનો માતબર સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં આયર્લેન્ડની ટીમ ૧૬.૫ ઓવરમાં ૧૧૫ રનમાં જ આઉટ થઈ ગઈ હતી. એલિસને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.આયર્લેન્ડે ઈનિંગ્સની શરૂઆત કરી ત્યારે નાથાન એલિસ ત્રાટક્યો હતો અને ૩.૫ ઓવરમાં માત્ર ૧૨ રન આપીને ચાર વિકેટ ઝડપીને હરીફ ટીમના મોખરાના ક્રમને વેરવિખેર કરી નાખ્યો હતો તો અંત ભાગમાં સ્પિનર એડમ ઝમ્પાએ વેધક બોલિંગ કરીને ૨૩ રનમાં ચાર વિકેટ ઝડપી હતી.૧૮૩ રનના ટારગેટ સામે રમતી આયર્લેન્ડની ટીમ એલિસના પ્રારંભિક આક્રમણથી




**ટી૨૦ વર્લ્ડ કપમાં એલિસનો બોલિંગ તરખાટ, બે ઓવરમાં બાજી પલટી, ઓસી.નો ૬૭ રનથી વિજય**

ડઘાઈ ગઈ હતી અને સાતમી ઓવરમાં પાંચ વિકેટે ૪૩ રનના સ્કોરથી જ તેના પડકારનો લગભગ અંત આવી ગયો હતો. આઠમા ક્રમના બેટર જ્યોર્જ ડોકરેલે છેલ્લે થોડો પ્રતિકાર કર્યો હતો. તેણે ૨૯ બોલમાં બે સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૪૧ રન ફટકાર્યા હતા જ્યારે ટીમનો બીજો સર્વોચ્ચ સ્કોર લોરકાન ટકરે નોંધાવ્યો હતો.

તેણે ૨૪ રનનું યોગદાન આપ્યું હતું.અગાઉ ઓસ્ટ્રેલિયા માટે પણ કોઈ બેટર અડધી સદી સુધી પહોંચી શક્યો ન હતો. માર્કસ સ્ટોઈનિસે ૪૫ અને મેટ રેનશોએ ૩૭ રન ફટકાર્યા હતા.ઓસ્ટ્રેલિયા હવે ૧૩મીએ આ જ મેદાન પર ઝિમ્બાબ્વે સામે રમશે જ્યારે સળંગ બે મેચ હાર્યા બાદ આયર્લેન્ડની ટીમ ૧૪મીએ કોલંબોમાં ઓમાન સામે રમશે.

# ઓમાન સામે ૧૦૫ રને વિજય મેળવી શ્રીલંકાએ ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવ્યું

**શ્રીલંકાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૨૫ રન બનાવ્યા જવાબમાં ઓમાન ૨૦ ઓવરના અંતે નવ વિકેટ ગુમાવી ૧૨૦ રન જ બનાવી શકીઃ કુસલ મેન્ડિસે ૪૫ બોલમાં ૬૧ રનની શાનદાર ઈનિંગ રમી**

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાએ ઓમાન સામે ભવ્ય ૧૦૫ રનથી વિજય મેળવ્યો છે. આ મેચ ગ્રુપ બીની હતી અને તે પલ્લેકલ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ (કંડી)માં રમાઈ હતી. આ જીત સાથે શ્રીલંકાએ ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

મેચની શરૂઆતમાં ઓમાનના કેપ્ટન જતિંદર સિંહે ટોસ જીતીને શ્રીલંકાને પહેલા બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. શ્રીલંકાના બેટ્સમેનોએ આ તકનો ભરપૂર લાભ ઉઠાવ્યો અને ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૨૫ રન બનાવ્યા, જે આ ટી૨૦ વર્લ્ડ કપમાં અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે અને પુરુષોના ટી૨૦ વર્લ્ડ કપ ઈતિહાસમાં ચોથો સૌથી મોટો ટોટલ છે.

શ્રીલંકાની ઈનિંગ્સમાં કુસલ મેન્ડિસે ૪૫ બોલમાં ૬૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી. તેમની સાથે કમિંદુ મેન્ડિસ અને દસુન શનાકાએ પણ ઝડપી રન બનાવ્યા. દસુન શનાકાએ માત્ર ૨૦ બોલમાં ૫૦ રન ફટકારીને ઈનિંગને આગળ



વધારી હતી. અંતિમ ઓવરોમાં શ્રીલંકાના બેટ્સમેનોએ આક્રમક રમત બતાવીને સ્કોરને ૨૨૫ સુધી પહોંચાડ્યો.

જવાબમાં ઓમાનની ટીમ ટાર્ગેટનો પીછો કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી. તેઓએ ૨૦ ઓવરમાં ૯ વિકેટે માત્ર ૧૨૦ રન જ બનાવી શકી. શ્રીલંકાના બોલરોએ શરૂઆતથી જ દબાણ બનાવ્યું હતું. ઓમાનના ઓપનર્સ ઝડપથી આઉટ થયા અને મિડલ ઓર્ડર પણ ટકી શક્યો નહીં.

શ્રીલંકાના બોલર્સમાં મથીશા પથિરાનાએ અંતિમ ઓવરમાં માત્ર ૫ રન આપીને વિકેટ લીધી અને મેચને સમાપ્ત કરી. આ જીત શ્રીલંકા માટે બહુ મોટી છે કારણ કે તે તેમની બીજી મેચમાં આવી હતી અને ટી૨૦ ઈતિહાસમાં તેમની સૌથી મોટી જીતોમાંથી એક છે.

આ પરિણામથી શ્રીલંકા ગ્રુપ બીમાં ટોચ પર પહોંચી ગઈ છે અને સુપર-૮ તરફ મજબૂત પગલાં ભરી રહી છે. ઓમાન માટે આ હાર મોટો ફટકો છે, પરંતુ તેઓએ હજુ પણ આગળની મેચોમાં સારું પ્રદર્શન કરવાની તક છે.

# રૂપિયાની રમત ના હોય તો શું થયું ક્રિકેટના દબદબાથી ઓનલાઈન ગેમીંગમાં ૪૦ ટકાનો ઉછાળો



**હવે ફેન્સ પૈસાની લાલચમાં નહીં, પણ ખરેખરના રોમાંચ અને મનોરંજન માટે ક્રિકેટ ગેમ્સ રમે છે**

**અબતક, રાજકોટ**

ભારતમાં ઓનલાઈન ક્રિકેટ ગેમિંગનો નવો યુગ શરૂ થઈ રહ્યો છે. છેલ્લા વર્ષે રિયલ-મની ગેમિંગ અને ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકાયા બાદ આ ઉદ્યોગમાં મોટો ફેરફાર આવ્યો છે. હવે ફેન્સ પૈસાની લાલચમાં નહીં, પણ ખરેખરના રોમાંચ અને મનોરંજન માટે ક્રિકેટ ગેમ્સ રમે છે.આ પ્રતિબંધને કારણે રિયલ-મની ગેમિંગનું મોટું વેક્યુમ ઊભું થયું હતું, ખાસ કરીને ક્રિકેટના 'સેકન્ડ-સ્ક્રીન' એકોસિસ્ટમમાં. પરંતુ આ ખાલી જગ્યાને હવે ફ્રી-ટુ-પ્લે (મફતમાં રમી શકાય તેવા) અને સ્કિલ-આધારિત ગેમ્સે અજમાવી રહ્યા છે. આ ગેમ્સમાં ખેલાડીઓ ક્રિકેટની વાસ્તવિક રમતની જેમ વિર્ચ્યુઅલ મેચ રમે છે, ટીમ બનાવે છે, સ્ટ્રેટેજી બનાવે છે અને રોમાંચ અનુભવે છે અને તે પણ બધું જ પૈસા વગર!

હાલમાં આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ચાલી રહ્યો છે અને ટૂંક સમયમાં આઈપીએલ જેવી મોટી ટુર્નામેન્ટ્સ આવી રહી છે. આ ચાર મહિનાના મેગા-ઈવેન્ટ્સના સમયગાળામાં ફેન્સ ક્રિકેટના રોમાંચને ડિજિટલ રીતે જીવવા માગે છે. રિયલ-મની ગેમ્સ બંધ થતાં જ લોકોનું ધ્યાન ડિજિટલ ગેમ્સ અને ઈ-સ્પોર્ટ્સ તરફ વધુ ગયું છે.

ઈન્ડસ્ટ્રીના એક્ઝિક્યુટિવ્સના મતે, આ એક સ્ટ્રક્ચરલ રીસેટ છે. ભારતમાં ઈ-સ્પોર્ટ્સ અને કેઝ્યુઅલ ગેમિંગનું માર્કેટ ૨૦૨૫માં ૧.૯ બિલિયનથી વધીને ૨૦૩૦ સુધીમાં ૪.૪ બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે. ક્રિકેટ ગેમિંગ આ વૃદ્ધિમાં મોટો ભાગ ભજવશે, કારણ કે ભારતમાં ક્રિકેટ એ ફક્ત રમત નથી - તે ભાવના અને જુસ્સાનું કેન્દ્ર છે.

આ નવા ટ્રેન્ડમાં ફેન્સ હવે પૈસા કમાવવાને બદલે ક્રિકેટના સાચા આનંદ માટે રમે છે. વર્ચ્યુઅલ સ્ટેડિયમમાં સિક્સર મારવાનો રોમાંચ, મેચ જીતવાની ખુશી અને દોસ્તો સાથે કોમ્પિટીશનનો મજા. આ રીતે ક્રિકેટ ગેમિંગે તેનું નવું 'ગ્રુવ' શોધી કાઢ્યું છે જ્યાં થ્રિલ્સ પૈસાથી વધુ મહત્વના બન્યા છે.આ બદલાવ ભારતના ગેમિંગ ઈકોસિસ્ટમને વધુ સ્વસ્થ અને મનોરંજક બનાવશે, જ્યાં યુવાનો ક્રિકેટના પ્રેમને ડિજિટલ રીતે વ્યક્ત કરી શકશે.

# સગીરા પર દુષ્કર્મ ગુજારવાના કેસમાં સાગર મકવાણાને ૨૦ વર્ષની સજા

## નવરાત્રી દરમિયાન સોશિયલ મીડિયામાં પરિચય કેળવી પ્રેમ જાળમાં ફસાવી હવસનો શિકાર બનાવી

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારની ૧૭ વર્ષને ૬ માસવાળી સગીરાને સોશિયલ મીડિયામાં પરિચય કેળવી પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ ગુજારવાના કેસમાં સ્પેશિયલ પોકસો કોર્ટે મોરબીના સાગર મકવાણાને ૨૦ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.



આ કેસની હકીકત મુજબ,શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં રહેતી સગીરા સાથે સોશિયલ મીડિયા મારફત સાગર મનસુખ મકવાણા નામના શખસે પરિચય કેળવી મોબાઈલ નંબર મેળવી અવાર-નવાર સંપર્કો કરી પ્રેમજાળમાં ફસાવી નવરાત્રી દરમિયાન લગ્નની લાલચ આપી અપહરણ કરી અવારનવાર શરીર સંબંધ બાંધ્યા અંગે ભોગ બનનારના માતાએ ગાધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન સાગર મનસુખભાઈ મકવાણા સામે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે સાગર મકવાણાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. કાયદાકીય તપાસમાં પર પુરતા પુરાવાઓ મેળવી પી.આઈ. એ. બી. જાડેજા દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામા આવેલ હતું.આ કેસમાં ફરીયાદ પક્ષે કુલ ૧૧ સાહેદો તપાસીને ૧૬ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા હતા. બાદમાં સરકારી વકીલ પ્રશાંત પટેલે આ કેસના સાહેદો -પંચોને તપાસીને પુરાવાઓની કડીઓ મેળવીને કેસમાં પોતાની દલીલ રજુ કરીને ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરેલ હતો. જેમાં સરકારી વકીલ પ્રશાંત પટેલે રજુઆત કરેલ હતી કે, ભોગ બનનાર સગીરાએ તેની જુબાની વખતે બનાવની સમગ્ર ઘટના જણાવીને આરોપીને ઓળખી બતાવેલ છે અને ફરીયાદીના કેસને સમર્થન આપેલ છે. ભોગ બનનારની મેડીકલ તપાસ કરનાર ડોકટર અને આરોપીની મેડીકલ તપાસ કરનાર ડોકટરે પ્રોસિકયુશનના કેસને સમર્થન આપેલ છે. આ આરોપી સગીરા સાથે ગુન્હો કરવાનો ઈરાદો ધરાવતો હોવાથી ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરેલ છે. જેથી આરોપીનો ગુન્હો કરવાનો ઈરાદો સ્પષ્ટ થાય છે તથા ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ જોતા આરોપી વિરૂધ્ધ કેસ પુરવાર થતો હોય અને પોકસો એકટ જેવા ગંભીર ગુન્હામાં આરોપીને મહતમ સજા કરવી જોઈએ. સરકારી વકીલની દલીલો માન્ય રાખી સ્પેશ્યલ પોકસો કોર્ટે સાગર મનસુખભાઈ મકવાણાને તકસીરવાર ઠરાવી પોકસો એકટની કલમ - ૬ મુજબ ૨૦ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦ નો દંડ, આઈ.પી.સી. કલમ - ૩૬૩ મજબ ૫ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા. ૧,૦૦૦/- નો દંડ, આઈ.પી.સી.ની કલમ - ૩૬૬ મુજબ ૭ વર્ષથી સખ્ત કેદની સજા ફરમાવેલ છે. આ કેસમા સરકાર પક્ષે એ.પી.પી. પ્રશાત પટેલ અને સહાયક તરીકે રાજન ટીબા, મુસ્કાન સમા રોકાયા હતા.

### પીડિતાને ૭ લાખ વળતરનો હુકમ

સ્પેશિયલ પોકસો કોર્ટના જજે આ કેસના પીડિતાને ગુજરાત વિક્ટિમ કમ્પન્સેશન સ્કીમ અન્વયે રૂા.૭ લાખ સરકારી સહાય ચુકવવાનો આદેશ આપેલ છે.

### બન્નેનું મેડિકલ તપાસ કરનાર ડોકટરે પ્રોસિકયુશનના કેસને સમર્થન આપેલ,પુરાવાઓની કડીઓ મેળવી કેસ પુરવાર કર્યો

# ઉના પાલિકાના રોજમદાર કર્મચારીને કાયમી કરવાના હુકમને યથાવત રાખતી હાઈકોર્ટ

## જૂનાગઢ મજુર અદાલતના ચુકાદાને નગરપાલિકાએ હાઈકોર્ટ ડિવિઝન બેન્ચ સમક્ષ પડકારેલ

**અબતક, રાજકોટ**

ઉના નગરપાલિકાના રોજમદાર કર્મચારીને કાયમી કરવા અંગેના જૂનાગઢ મજુર અદાલતના ચુકાદા સામેની પાલિકાની અપીલમાં હાઈકોર્ટ ડિવિઝન બેન્ચે જુનાગઢ મજુર અદાલતનો ચુકાદો માન્ય રાખી કર્મચારીને કાયમી કરવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ઉના નગરપાલીકામના રોજમદાર કર્મચારી ગોવિંદભાઈ મેવાડાને કાયમી કરવામાં ન આવતા, તેમણે કાયમી માંગણી કરતા તેમને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ. જેથી આ કામદારે જુનાગઢની મજુર અદાલતમાં નોકરીમાં પુનઃસ્થાપનનો કેસ કરેલ હતો.આ કેસ જુનાગઢની મજુર અદાલત સમક્ષ ચાલતા લેબર કોર્ટ દ્વારા કામદારને તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીમાં પુનઃસ્થાપન કરવાનો હુકમ કરેલ હતો. જે હુકમ સામે ઉના નગરપાલીકાએ હાઈકોર્ટ સમક્ષ સ્પે. સી.એ. દાખલ કરેલ હતી. જેમા હાઈકોર્ટ તરફથી સળંગ નોકરી બાબતે મનાઈ હુકમ આપેલ હતો. પરંતુ કામદારને પુનઃસ્થાપન કરવા અંગે કોઈ મનાઈ હુકમ આપેલ ન હોવાથી કામદારને નોકરીમાં પુનઃસ્થાપીત કરવાના થતા હોવાથી ઉના નગરપાલીકાએ પુનઃસ્થાપિત કરેલ હતાં. પરંતુ તેઓને કાયમી કરવામાં ન આવતા આ કામદારે ફરીને જૂનાગઢની મજુર અદાલત સમક્ષ ડિમાન્ડ કેસ દાખલ કરેલ હતો. આ ડિમાન્ડ કેસ ચાલવા દરમ્યાન ઉના નગરપાલીકાએ દાખલ કરેલ સ્પે. સિવિલ એપ્લીકેશન રદ કરવામાં આવેલ અને અરજદારની નોકરી સળંગ ગણવાનો હુકમ કરવામાં આવેલ હતો.કામદારના ડિમાન્ડ કેસમાં એડવોકેટ જી.આર. ઠાકર દ્વારા કાયદાઓના મુદ્દાઓ અંગે તથા અનફેર લેબર પ્રેકટીસ અંગે દલીલો કરેલ હતી. ચુકાદાઓ રજુ કરેલ હતાં. જે ચુકાદાઓને ધ્યાને લઈ કામદારને કાયમી કરી કાયમી કર્મચારીઓના લાભો ચુકવી આપવા ઉના નગરપાલીકા વિરૂધ્ધ હુકમ કરેલ છે. ઉના નગર પાલીકા સામેના મજુર અદાલત જૂનાગઢના હુકમ સામે ઉના નગરપાલીકાએ હાઈકોર્ટ સમક્ષ ફરીને સ્પે. સી.એ. દાખલ કરેલ હતી. જે સ્પે.સી.એ.ની સુનવણી થતાં હાઈકોર્ટ દ્વારા ઉના નગરપાલીકાની સ્પે.સી.એ. રદ કરી મજુર અદાલત, જુનાગઢનો હુકમ કાયમ રાખેલ હતો. જે સ્પે.સી.એ. સામે ઉના નગરપાલીકાએ હાઈકોર્ટ સમક્ષ એલ.પી.એ. દાખલ કરેલ હતી. જે એલ.પી.એ.ની સુનવણી થતાં ઉના નગરપાલીકાની એલ.પી.એ.માં કામદારને સને-૨૦૧૨થી તમામ પ્રકારના કાયમીના લાભો આપવાનો હુકમ કરેલ છે. કામદાર વતી રાજકોટના સિનિયર એડવોકેટ જી. આર. ઠાકર, ગાર્ગીબેન જી. ઠાકર, જીંકલબેન રૈયાણી, મિલનભાઈ દુધાત્રા, કૃપાલ ઠાકર તથા એ. જી. ઠાકર રોકાયા હતા.

# દેવનગરમાં મકાનમાંથી જુગારધામ ઝડપાયું

## રૂ.૧૪ હજારની રોકડ સાથે, બે મહિલા સહિત પાંચ પત્તા પ્રેમી પકડાયા

**અબતક, રાજકોટ**

શહેરના નાનામવા મેઈન રોડ પર આવેલા દેવ નગર શેરી નંબર ૦૧માં મકાનમાં ચાલતા જુગાર ધામ પર માલવિયા નગર પોલીસની ટીમે જુગારનો દરોડો પાડી જુગાર રમતી બે મહિલા સહિત પાંચ પત્તા પ્રેમીને રૂ.૧૪ હજારની રોકડ સાથે ઝડપી લીધા છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, માલવિયા નગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, નાનામવા મેઈન રોડ પર આવેલા દેવનગર શેરી નંબર ૦૧ મા રહેતો કમલેશ મહેશભાઈ રાઠોડ નામનો શખ્સ તેના મકાનમાં જુગાર નો અખાડો ચલાવી રહ્યો છે. માલવિયા નગર પોલીસે મકાનમાં દરોડો પાડી, જુગાર રમતો કમલેશ રાઠોડ ,વિનોદ છગનલાલ મકવાણા, જયેશ રમેશભાઈ રાઠોડ અને વર્ષાબેન કમલેશભાઈ રાઠોડ અને રીનાબેન અરવિંદભાઈ મકવાણા નામના પતા પ્રેમીઓને પીએસઆઈ કે ડી મારુ સહિતના સ્ટાફે ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૧૪ હજારની રોકડ કબ્જે કરી છે.

જ્યારે જુગારનો બીજો દરોડો ભક્તિનગર પોલીસની ટીમે ૮૦ ફુટ રોડ પર આવેલા માધવ હોલ ની સામે પાડી જાહેરમાં જુગાર રમતા સુખદેવ કાળુભાઈ ચાવડા હનીફ અબ્દુલભાઈ ભૂકેડા ,જીગર પ્રવીણભાઈ મિયાત્રા અને સબલો નામના શખ્સોને ભકિતનગર પીએસઆઈ જે જે ગોહિલ હેડ કોન્સ્ટેબલ રમેશભાઈ ,કોન્સ્ટેબલ પ્રકાશભાઈ મકવાણા અને યુવરાજસિંહ જાદવ સહિતના સ્ટાફે ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૧૮ હજારની રોકડ કબ્જે કરી છે.

# વિમલનગરમાંથી દારૂ ૪૮ બોટલ સાથે નિલેશ મકવાણા ઝડપાયો

**અબતક, રાજકોટ**


શહેરના વિમલ નગર મેઈન વિસ્તારમાં ગાંધીગ્રામ - ૨ (યુનિ.) પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, વિમલ નગર મેઈન રોડ નજીક આવેલા ગિરિરાજ જ્વેલર્સ પાસે એક શખ્સ વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે. ગાંધીગ્રામ ૨ ની ટીમ બાતમી મળેલા સ્થળે પહોંચી , માધાપરમાં આવેલા પૃથ્વીરાજ પાર્ક શેરી નંબર ૦૨માં રહેતો નિલેશ રાયસીંગભાઈ મકવાણા નામના શખ્સને શરાબની ૪૮ બોટલ સાથે પી એસ આઈ વી જી ડોડીયા,હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ જાડેજા અને ગોપાલસિંહ જાડેજાએ ઝડપી લીધો છે.

# એનઆરઆઈ મહિલા પર દુષ્કર્મ આચરી અને રૂ.૧.૪૬ કરોડની છેતરપિંડી કરનાર તાંત્રિકનો નિર્દોષ છુટકારો

## લંડન ખાતે મંદિરમાં પૂજા દરમિયાન યુવતી સાથે પરિચય કેળવી અને ધાર્મિક વિધિ અને તાંત્રિક વિધિના બહાને ભારત બોલાવી રાજસ્થાની શખ્સે આચર્યુ કૃત્ય

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર ભરમાં ચકચાર મચાવનાર એન આર આઈ મહિલા ને લંડનથી રાજકોટ ખાતે બોલાવી તાંત્રિક વિધિના બહાને બળાત્કાર અને ૧.૪૬ કરોડની છેતરપિંડીના ૧૧ વર્ષ પહેલાના કેસમાં તાંત્રિકને રાજકોટની અદાલતે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે .વધુ વિગત મુજબ વર્ષ ૨૦૧૩ માં એન. આર. આઈ. લંડન નિવાસી યુવતીએ મૂળ રાજસ્થાનના અને રાજકોટ રહેતા તાંત્રિક દિનેશકુમાર ચેલારામ પુરોહિત વિરુદ્ધ દુષ્કર્મ અને છેતરપિંડીની ફરિયાદ રાજકોટ ડી. સી. બી. પો. સ્ટે માં નોંધાવી હતી. પોલીસે ભારતીય દંડ સંહિતા કલમ ૩૭૬, ૪૦૬, ૪૨૦ સહિતની ગંભીર જોગવાઈઓની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદી યુવતીના આક્ષેપો મુજબ આરોપી મૂળ રાજસ્થાન અને અગાઉ લંડન ખાતે મંદિરમાં પૂજારી તરીકે સેવા કરતા દિનેશકુમાર ચેલારામ પુરોહિતએ લંડન નિવાસી યુવતી સાથે પરિચય થયેલો અને ધાર્મિક વિધિ અને તાંત્રિક પૂજાના બહાને ફરિયાદી અને તેના પતિને વિદેશથી ભારત બોલાવ્યા અને અલગ અલગ શહેરોમાં લઈ જઈ રૂપિયા ૧ કરોડના સોનાના દાગીના અને રૂ. ૪૬,૨૦,૦૦૦ રોકડ મેળવી ઠગાઈ કરી મહેસાણા સ્થિત હોટેલમાં બળાત્કાર ગુજાર્યાનો ગંભીર આક્ષેપ



કર્યા હતો. તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી. બાદ બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના સિનિયર એડવોકેટ સંજય એચ. પંડિત દ્વારા સતત ૧૧ વર્ષ સુધી દલીલો, પુરાવાનો વિશ્લેષણ અને કાનૂની મુદ્દાઓ ઉપર લડત આપવામાં આવી અને સમગ્ર કેસની ટ્રાયલ દરમ્યાન નોંધપાત્ર બાબતો કોર્ટ ના રેકર્ડ ઉપર લાવવામા આવી હતી. જેમાં દસ્તાવેજી પુરાવામાં ગંભીર વિરોધાભાસો સામે આવ્યા અને સાક્ષીઓની ઊલટ તપાસ દરમ્યાન ગંભીર વિરોધાભાષો કોર્ટ ના રેકર્ડ ઉપર આવ્યા

કથિત દાગીનાઓની માલિકી અંગે વિશ્વસનીય પુરાવાનો અભાવ રહ્યો છે.મેડિકલ પુરાવાથી બળાત્કારના આક્ષેપોને મજબૂત આધાર મળ્યો નહીં. કોર્ટએ પુરાવાનો સઘન અભ્યાસ કર્યા બાદ નોંધ્યું કે ફરિયાદ પક્ષ આરોપોને નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.આ આધારે આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે.આ ચુકાદો દર્શાવે છે કે ગંભીર આક્ષેપો હોવા છતાં, કોર્ટમાં પુરાવા જ અંતિમ સત્ય હોય છે. પંડિત એશોસીએટ ની ટીમ એડવોકેટ બીનીતા જે. પટેલ, કલ્પેશ મોરી, દિનેશ પાતર, અરુણ સિંઘલ, જીજ્ઞેશ પંડયા રોકાયેલ હતા.

### બચાવ પક્ષના સિનિયર એડવોકેટ સંજય એચ. પંડિત દ્વારા ૧૧ વર્ષ કાનૂની મુદ્દાઓ ઉપર લડત લડી

# રાજકોટ-સિકંદરાબાદ ટ્રેનમાંથી ૧૬ કિલો ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

## સુરત રેલવે પોલિસ ટીમની કાર્યવાહી ૩.૯.૨૪ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ-સિકંદરાબાદ ટ્રેનમાંથી સુરત પોલીસે ૧૬ કિલો ગાંજા સાથે બે શખ્સોને ઝડપી લીધા છે.

સુરતમાં ૧૬.૧૦૫ કિલોગ્રામ ગાંજા સાથે બે આરોપી ઝડપાયા છે, સિકંદરાબાદ-રાજકોટ એક્સ.ટ્રેનમાંથી ગાંજો ઝડપાયો અને ગાંજા સહિત કુલ ૯.૨૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપીની અટકાયત કરવામાં



આવી છે.સુરત રેલવે પોલીસે ગાંજાના જથ્થા સાથે બે આરોપીને ઝડપ્યા છે અને આરોપી ગાંજો ટ્રેનમાં લઈને આવી રહ્યાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી અને તે બાતમીના આધારે ગાંજાનો જથ્થો ઝડપી પાડયો છે, ૧૬.૧૦૫ ગ્રામ ગાંજાના જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે અને જેની કિંમત રૂપિયા ૮.૦૫.૨૫૦ થાય છે.

# ત્રણ લાખના ચેક બાઉન્સ કેસમાં પ્રતીક ખખરને બે કેસમાં બે વર્ષની સજા

## યુવાને મિત્રતાના દાવે આર્થિક મદદ માટે આપેલી રકમ સમય મર્યાદામાં ન ચૂકવે તો વધુ છ માસની જેલ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા યુવાને મિત્રતાના દાવે આર્થિક મદદ માટે આપેલી રકમ રૂપિયા ત્રણ લાખ પરત કરવા આપેલો ચેક વગર વસૂલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે પ્રતીક ખખરને બે કેસમાં બે વર્ષની સજા અને ચેકની રકમનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કાલાવડ રોડ નજીક સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ રોડ પર આવેલ આલાપ હેરિટેજમાં રહેતા અને પેસિફિક ઈમ્પેક્ષ ના પ્રોપરાઈટર પ્રતીક જગદીશભાઈ ખખરને આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા મિત્ર પાસે રૂપિયા ત્રણ લાખ હાથ ઉંછીના લીધા હતા. તે રકમ ચૂકવવા આપેલા બે ચેક વગર વસુલાતે પરત. ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ પ્રતીક ખખરને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં લેણી રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં નેગોશિયેબલ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી ના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની ઓથોરિટી ટાંકીને કરેલી ધારદાર દલીલો અદાલતે ધ્યાને લઈ પ્રતિક ખખરને તકસીરવાન ઠરાવી બંને કેસમાં એક વર્ષની સાદી કેદની સજા અને બંને કેસમાં ચેકની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવવા અને સમય મર્યાદામાં રકમ ન ચૂકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે હિતેશ રામાનુજ અને હરેશ જેતાણી રોકાયા હતા

# હાથ ઉછીની રકમ ચૂકવવા આપેલો ચેક રિટર્ન કેસમાં મેહુલ બાવરીયાને એક વર્ષની જેલ

## ચેકની રકમ રૂ.૨૨ લાખ બે માસમાં વળતર રૂપે ફરિયાદીને ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેરના સંબંધના દાવે હાથઉછીના લીધેલ રૂપિયા ૨૨ લાખ પરત ચુકવવા આપેલ ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે પરત આરોપી મેહુલ બાવરીયાને એક વર્ષની જેલસજા તથા ૨૨ લાખ વળતર ફરિયાદીને ચુકવવાનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, શહેરમાં ભાવેશ જાંબુકીયાએ તેમના સબંધી મેહુલ મનોજભાઈ બાવરીયાને સંબંધના દાવે મદદરૂપ થવાના હેતુથી રૂપીયા બાવીસ લાખની રકમ હાથઉછીની આપેલ અને તે સબંધે મેહુલ બાવરીયાએ તા. ૦૧/ ૦૫/ ૨૦૨૩ના રોજ પ્રોમિસરી નોટ પણ લખી આપેલ અને આ રકમ પરત ચુકવવા ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાંથી સ્ટોપ પેમેન્ટના કારણે વગર વટાવાયે પરત ફરતા ભાવેશભાઈએ તેમના વકીલ મારફત લીગલ નોટિસ મોકલવા છતાં લીધેલી રૂા.૨૨ લાખ જેવી માતબર રકમ પરત ચુકવેલ ન હોય જેથી ભાવેશભાઈએ મેહુલભાઈ વિરૂધ્ધ તેમના વકીલ મારફત રાજકોટની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફોજદારી ફરીયાદ દાખલ કરી હતી. આ કેસમાં ફરીયાદી તરફે જાતે સોગંદપર જુબાની આપી તેની ફરીયાદને સમર્થન આપવા અનેક દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ અને તેને સફળતા પુર્વક કોર્ટમાં પુરવાર પણ કરવામાં આવેલ. આરોપી તરફેની કોઈ જ દલીલ કે રજુઆતોને કોર્ટે અમાન્ય ઠરાવેલ. સમગ્ર કેસ કાર્યવાહીના અંતે ફરીયાદીના વકીલના કેસને સર્વોચ્ય અદાલત વડી અદાલતોના ચુકાદાઓ ટાંકીને કરાયેલી રજૂઆત ધ્યાને લઈ સ્પેશિયલ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટ અદાલતના જજ જી.કે.ભોઈએ આરોપી મેહુલ બાવરીયાને એક વર્ષની સજા તેમજ ચેકની રકમ રૂા.૨૨ લાખ ૬૦ દિવસની અંદર વળતર રૂપે ફરિયાદીને ચુકવવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ પિયુષ જે. કારીયા, પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા, ગૌરવ ચૌહાણ, પિયુષ કંડોળીયા, નિપુલભાઈ કારીયા, મદદનીશો શૈલેષ દાફડા, ગૌતમ સોલંકી, અપેક્ષાબેન રાવલીયા રોકાયા હતા.

# રેસકોર્સ નજીક ક્રિકેટ સટ્ટો રમતો દૂધનો ધંધાર્થી ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરના રેષકોર્સ રીંગરોડ પર આઈ ઓ સી ભવન નજીકથી મોબાઈલમાં ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો દૂધના વેપારીને પી સી બીની ટીમે મોબાઈલ સાથે ઝડપી લીધો છે. પોલીસ પ્રાપ્ત વિગત મુજબ, પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મૂળ ભાયાવદરનો અને નાગેશ્વર એપાર્ટમેન્ટ, એ વિંગ ફ્લેટ નંબર ૨૦૧ માં રહેતો અને દૂધનો વેપાર કરતો જયેશ પ્રભુદાસભાઈ કંટારીયા નામના શખ્સ ઓસ્ટ્રેલિયા અને આઈર્લેન્ડ વચ્ચે ચાલતા ક્રિકેટ મેચ પર રેષકોર્સ રીંગરોડ પર આવેલા આઈઓસી ભવન પાસે ફૂટપાથ રન ફેરના સોદા કરતો હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો. મોબાઈલ સાથે ઝડપી લીધો છે. મોબાઈલ ચેક કરતા વર્લ્ડ કપ ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચમાં પી સી બીની ટીમે દરોડાની કામગીરી પીએસઆઈ આર કે જાડેજા, પી બી ત્રાજિયા, એએસઆઈ સંતોષભાઈ મોરી અને કોન્સ્ટેબલ દેવરાજભાઈ રબારી સહિતના સ્ટાફે બજાવી છે.

# કોર્પોરેશનના બજેટને આવકારતા દંડક મનીષ રાડીયા

**અબતક,રાજકોટ**

રાજકોટ નગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ વર્ષ ૨૦૨૬-૨૭માટે રૂ.૩૫૯૫.૭૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજુ કરેલ. જનતાને નવા નાણાંકીય વર્ષમાં વધુ સુખ. સુવિધા, સગવડ મળે એ માટે બજેટમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નવી કુલ ૨૩ યોજનાઓ સામેલ કરી કુલ રૂ.૩૬૦૪.૯૦ કરોડનું બજેટ મંજુર કરવામાં આવે છે.રેસકોર્ષ સંકુલ તે શહેરની મધ્યમાં આવેલ રમત ગમત તથા રીક્રીએશનલ સુવિધાનું સેન્ટર છે. રેસકોર્ષ સંકુલના નવિનીકરણનો મુખ્ય ઉદ્દેશ સરળ પરિવહન તથા શહેરના તમામ વર્ગના લોકો જેવા કે, બાળકો, યુવાનો તથા સિનિયર સિટીઝન લોકો માટે રેસકોર્ષની સુવિધાઓમાં વધારો કરવો તથા તેમની રેસકોર્ષ સંકુલની મુલાકાત સુખદ રહે તે છે. માટે છે. વધારાના નવા ૯૫ કરોડનો કરવધારો નામંજૂર કરી પ્રજાલક્ષી 'હળવું ફૂલ'' બજેટ રજુ કરવા બદલ હું સ્ટેન્ડિંગ કમિટી ચેરમન જયમીનભાઈ ઠાકર તથા સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું.

# કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ સંચાલિતા શાળામાં રંગમંચ કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ ટ્રસ્ટ દ્વારા ચાલતી પ્રાથમીક શાળાઓ વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૬ તેમજ રંગમંચ ૨૦૨૬ જેવા ભવ્ય વાર્ષિકોત્સવ તા. ૧૮મી ફેબ્રુઆરીએ કરવા જઈ રહી છે. જેમાં વાઈબ્રન્ટ ગુજરાતમાં ધન છે ગુજરાત 'ગરવી ગુજરાત ' રંગીલું રાજકોટ, દાંડીકૂચ અને રંગ મંચ કાર્યક્રમમાં કૃષ્ણ થીમ રીગ ડાન્સ, ઓપરેશન સિદુર, તાનાજી, જેવા જબરજસ્ત પર્ફોમન્ટ રજુ કરવા જઈ રહ્યા છે. જેમાં રાજકોટની પ્રતિષ્ઠીત વ્યકિતઓ હાજરી આપી વિદ્યાર્થીઓને બિરદાવશે.

સંસ્થાના ટ્રસ્ટીઓ આચાર્યોઓ તેમજ શિક્ષણ ગણ વિદ્યાર્થીઓને તૈયાર કરવા ખુબ જહેમત ઉઠાવી રહ્યાં છે.

# જ્યુબિલી પાસે મોડે સુધી ઠંડા પીણાની દુકાન ખુલ્લી રાખવા પોલીસને અદાલતનું ડાયરેકશન

## વેપારીને ધંધો કરવામાં પોલીસ હસ્તક્ષેપ નહીં કરવા અને ફરજનું પાલન કરવા પોલીસને વચગાળાનો હુકમ

**અબતક, રાજકોટ**

શહેરના જયુબેલી રોડ ઉપર મોડી રાત્રે લચ્છી ગોલાની દુકાન પોલીસ દ્વારા બંધ કરાવવા સામેના દાવામાં વચગાળાના મનાઈ હુકમની અરજી સિવિલ કોર્ટ દ્વારા મંજૂર કરીને અદાલતે પોલીસ વેપાર-ધંધો કરવામાં હસ્તક્ષેપ કરવો નહી અને કાયદા મુજબ પોલીસની ફરજનું ચુસ્તપણે પાલન કરવા સ્પષ્ટ સુચના આપી છે.

વધુ વિગત મુજબ શહેરના જયુબેલી રોડ ઉપર, પોલીસ ચોકીની સામે આવેલ સાહેબ લચ્છી એન્ડ ગોલાની દુકાનના માલિક ઈકબાલ રજાકભાઈ ડોસાણી છેલ્લા ૧૮ વર્ષથી સતત કાયદેસરનો વેપાર-ધંધો કરે છે. તેમાં મોડી રાત્રી સુધી એટલે કે ૨૪સ૭ દુકાન ખુલ્લી રાખી શકાય છે, તેવો ગુજરાત સરકારનો કાયદો, નિયમ તથા પરિપત્ર મુજબ દુકાન ખુલ્લી રાખી વેપાર-ધંધો કરી શકાય છે. આમ છતાં પણ રાજકોટ પોલીસ કમિશનર તથા તેના તાબાના અધિકારી એ ડિવિઝન પો.સ્ટે.ના પી.આઈ. બોરીસાગર તથા તેની સાથેના અન્ય જવાબદાર પોલીસ અધિકારીઓ તાઃ૦૫/ ૧૧/ ૨૦૨૫ના રોજ રાત્રીના ૧૨:૧૪ મિનિટે સ્થળ ઉપર આવીને કાયદાની પ્રક્રિયા અનુસર્યા સિવાય દબાણથી, ફરજની ઉપરવટ જઈને દાદાગીરીથી દુકાન બંધ કરી દેવા ધમકાવેલ અને વાદી તથા તેમના પુત્ર સાથે બેહુદું વર્તન

કરેલ. આવી તમામ બાબતો સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજમાં આવેલ છે. આવી પ્રવૃતિ બંધ કરવા, કાયદા તથા નિયમોનું પાલન કરવા સબબ સરકાર તથા પોલીસ કમિશનર વિરૂધ્ધ સિવિલ કોર્ટમાં દાવો દાખલ વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા કર્યો છે, સાથે સાથે કામચલાઉ વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની અરજી કરી હતી. તેમાં પ્રતિવાદીઓ પોલીસ તંત્ર વગેરેએ જવાબ વાંધા રજુ કરેલ. ત્યારબાદ બન્ને પક્ષકારોની દલીલો થતા, વાદી તરફે સિનિયર એડવોકેટ હર્ષદકુમાર એસ. માણેકે દલીલોમાં જણાવેલ કે જવાબદાર પોલીસ અધિકારી કાયદાની ઉપરવટ જઈને બળજબરીથી તથા દાદાગીરીથી દુકાન બંધ કરાવે છે અને ફરજની ઉપરવટ જઈને મનસ્વી વર્તન કરે છે. જે કાયદા મુજબ નથી. આવી તમામ દલીલો ધ્યાને લઈ સિવિલ કોર્ટે પ્રતિવાદી પોલીસ કમિશનર તથા તેમના તાબાના અધિકારીઓને સ્પષ્ટપણે ડાયરેકશન, કલેરીફાઈડ કરીને હુકમ કરેલ છે કે કાયદાનું ચુસ્તપણે પાલન કરવું અને વાદીને તેનો કાયદેસરનો વેપાર-ધંધો કરવામાં હસ્તક્ષેપ કરવો નહી અને કાયદા મુજબ પોલીસની ફરજનું ચુસ્તપણે પાલન કરવું તેવી સ્પષ્ટ સુચના આપેલ છે. આમ આથી વાદી સાહેબ લચ્છી એન્ડ ગોલાની દુકાન રાત્રીના મોડે સુધી ખુલ્લી રાખી વેપાર-ધંધો કરી શકે તેમ હોવાનું વાદીના વકીલ દ્વારા અર્થઘટન કરવામાં આવ્યું છે. સીનીયર એડવોકેટ હર્ષદકુમાર એસ.માણેક તથા સોનલબેન બી. ગોંડલીયા, તથા આસી.સહાયક તરીકે કુ.તેજલબેન ખીમાણી, ઈશીતા ગઢવાણા તથા પ્રિયા કોદાવરા રોકાયા હતા.

# સરકારને ઢંઢોળવા ગાંધીનગરમાં સોમવારે કોંગ્રેસની જંગી સભા

## એસઆઈઆરની કામગીરી અંતર્ગત મતદાર યાદીમાંથી મતદારોના નામ કમી કરવા સામે બાયો ચડાવશેઃ ખેડૂતોના દેવા માફીની માંગ કરાશે



**અબતક, રાજકોટ**

એસઆઈઆરની કામગીરીમાં ફોર્મ નં. ૭નો ગેરપયોગ કરી લાખો લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. જેનો કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. આગામી સોમવારથી વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ થઈ રહ્યો છે. કોંગ્રેસ દ્વારા સોમવારે ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે વિશાળ જાહેર સભા યોજાશે.

જેમાં રાજયભરમાં કોંગી કાર્યકરો ઉમટી પડશે. ખેડૂતોના દેવા માફીની પણ માંગ બુલંદ કરવામાં આવશે વિધાનસભા તરફ કુચ પણ કરાશે.

રાજયમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણી નજીક આવી રહી છે. ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી એસઆઈઆરની કામગીરી અંતર્ગત રાજ્યમાં ફોર્મ નં. ૭ નો બેફામ દુરૂપયોગ કરી લાખો લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવા માટે એક જ ફોર્મેટમાં અરજી કરવામાં આવી છે. કોંગ્રેસ આ ઘટનાને ભાજપનું ષડયંત્ર ગણાવી રહ્યું છે. આગામી સોમવારથી ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ થઈ રહ્યો છે. ત્યારે કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ખાતે સોમવારે જ સત્યાગ્રહ છાવણીમાં વિશાળ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા આ સભાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. આ સભામાં ગુજરાતના ખેડુતો પરના દેવા માફ કરવાની માંગણી કરવામાં

(અનુ. આઠમા પાને)

### રાજયભરના કોંગ્રેસના કાર્યકરો ગાંધીનગરમાં ઉમટશેઃ વિધાનસભા તરફ કુચ પણ કરશે

### ખેડુતોને શેરડીનો ભાવ ટન દિઠ ૫૦૦૦ આપવામાં આવે તેવી માંગઃ અમિત ચાવડા

નર્મદા સુગર ફેક્ટરીમાં ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળતું નથી. હાલમાં ખેતીના ખર્ચમાં થયેલો સતત વધારો, ખાતર અને બિયારણના ઊંચા ભાવ તથા મજૂરી ખર્ચને ધ્યાનમાં રાખીને ખેડૂતોને શેરડીનો ભાવ ટન દીઠ રૂ. ૫,૦૦૦ આપવાની પ્રબળ માંગ અમિત ચાવડાએ કરી હતી. સુગર ફેક્ટરી દ્વારા આ પોષણક્ષમ ભાવ આપવામાં નહીં આવે, તો ખેતી કરવી આર્થિક રીતે પરવડે તેમ નથી. સરકારની નબળી નીતિઓ અને આયોજનના અભાવે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે, જેના પરિણામે વિદ્યાર્થીઓના ડ્રોપઆઉટ રેશિયોમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. આદિવાસી પટ્ટામાં શાળાઓનું અંતર, અપૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાયાની સુવિધાઓનો અભાવ વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રહે છે.

વન જમીન અધિકાર કાયદો-૨૦૦૬ લાગુ થયાને લગભગ ૨૦ વર્ષ થવા આવ્યા છતાં નર્મદા જિલ્લાના હજારો આદિવાસી પરિવારોના જંગલ જમીનના દાવાઓ આજે પણ પેન્ડિંગ છે. ભાજપ સરકાર ડિજિટલ ઈન્ડિયાના દાવાઓ વચ્ચે પણ ગરીબ આદિવાસીઓના હક્ક માટેના પુરાવાઓ ચકાસવામાં આટલો લાંબો સમય કેમ લાગે છે? સ્થાનિક સ્તરે ગ્રામ સભાના ઠરાવો અને ખેડાણના પુરાવાઓ હોવા છતાં, વહીવટી તંત્ર દ્વારા વારંવાર ક્વેરી કાઢીને કે ટેકનિકલ કારણોસર દાવાઓ પેન્ડિંગ રાખવા એ સરકારની મનશા પર શંકા જન્માવે છે. આદિવાસીઓને જળ, જમીન અને જંગલના માલિક બનાવવાના બદલે તેમને કચેરીઓના ધક્કા ખાવા મજબૂર કરવામાં આવ્યા છે. ગૂજરાત જમીન મહેસૂલ કાયદાની કલમ ૭૩ એએ હેઠળ આદિવાસીઓની જમીનોના રક્ષણ માટે કડક જોગવાઈઓ હોવા છતાં, હાલમાં આ જમીનોને બિન-ખેતી (એનએ) કરાવીને હડપવાનું એક મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. આ કૌભાંડમાં ભૂમાફિયાઓ આદિવાસીઓની જમીન પર ખોટા દસ્તાવેજો કે સત્તાવાર મંજૂરીઓના જોરે કિંમતી જમીનો પડાવી રહ્યા છે. વિકાસના

(અનુ. આઠમા પાને)

## શિવ શંકર ભોલે તુમકો લાખો પ્રણામ

# સોમનાથ મંદિર મહાશિવરાત્રીએ સળંગ ૪૨ કલાક ખુલ્લું રહેશે

## મુખ્યમંત્રી-, નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં પાલખીયાત્રા ચાર પ્રહરની પૂજા, મહાપુજા સાંસ્કૃતિક કાર્યક્રમો મહાશિવરાત્રી તડામાર તૈયારીઓ



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

દેશના ૧૨ જ્યોતિર્લિંગમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરે આવનારી મહાશિવરાત્રી (તા. ૧૫ ફેબ્રુઆરી) નિમિત્તે તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. આયોજન મુજબ તા. ૧૫ ફેબ્રુઆરીએ મંદિર સવારે ૪ વાગ્યે દર્શનાર્થીઓ માટે ખુલશે અને તા. ૧૬ ફેબ્રુઆરીએ રાત્રે ૧૦ વાગ્યે બંધ થશે. આમ, મંદિર સતત ૪૨ કલાક સુધી ભાવિકો માટે ખુલ્લું રહેશે.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રિના પર્વે પ્રથમ ધજાનું પૂજન કરી શિખરે ધજારોહણ કરવામાં આવશે. મંદિર પરિસરમાં ઢોલ-શરણાઈ, વેદ મંત્રોચ્ચાર અને ધૂન-ભજન સાથે શિવ પાલખી યાત્રા નીકળશે.મહાશિવરાત્રી પર્વે દેશભરના સંઘ-સમાજ, પગપાળા યાત્રીઓ અને બસ દ્વારા આવતા ભક્તજનો સોમનાથમાં ઉમટી પડશે તેવી શક્યતા છે. સોમનાથ ટ્રસ્ટ અને જિલ્લા પ્રશાસન દ્વારા સુવ્યવસ્થિત આયોજનથી આ પાવન પર્વને ભવ્ય અને યાદગાર બનાવવાની તૈયારી પૂર્ણ કરવામાં આવી રહી છે.શ્રદ્ધાળુઓને અગવડ ન

(અનુ. આઠમા પાને)

# મહાશિવરાત્રી નિમિતે રાજકોટ-વેરાવળ વચ્ચે કાલથી મેળા સ્પેશિયલ ટ્રેન દોડશે

## ગોંડલ, વિરપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશાન પર ટ્રેન ઉભી રહેશે

**અબતક, રાજકોટ**

મહાશિવરાત્રી ૨૦૨૬: રાજકોટ અને વેરાવળ વચ્ચે ૧૩ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન 'મેળા સ્પેશિયલ' ટ્રેન દોડાવવામાં આવશે

મહાશિવરાત્રી મેળા ૨૦૨૬ના અવસરે મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ અને વેરાવળ વચ્ચે વિશેષ ભાડા પર પાંચ દિવસ માટે મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન સંખ્યા ૦૯૫૧૩/ ૦૯૫૧૪ રાજકોટ-વેરાવળ-રાજકોટ અનારક્ષિત દૈનિક સ્પેશિયલ ટ્રેન છે.

ટ્રેન સંખ્યા ૦૯૫૧૩ રાજકોટ-વેરાવળ સ્પેશિયલઃ દરરોજ સવારે ૦૬:૫૫ કલાકે રાજકોટથી રવાના થશે અને તે જ દિવસે સવારે ૧૦:૫૫ કલાકે વેરાવળ પહોંચશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૧૪ વેરાવળ-રાજકોટ સ્પેશિયલઃ વેરાવળથી બપોરે ૧૫:૨૦ કલાકે રવાના થશે અને રાત્રે ૨૦:૦૦ કલાકે રાજકોટ પહોંચશે.

આ સ્પેશિયલ ટ્રેન ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી દરરોજ દોડાવવામાં આવશે. આ ટ્રેન બંને દિશામાં ભકિતનગર, ગોંડલ, વીરપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો પર ઉભી રહેશે.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને કોચની રચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www. en-quiry. indianrail. gov.in ની મુલાકાત લેવા જણાવાયું છે.

## વિશ્વમાં પ્રથમવાર

# અમુલ એઆઈઃ ૩૬ લાખ પશુપાલકોને ગુજરાતીમાં મળશે પશુપાલન-કૃષિ અંગે માહિતી

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમુલ એ.આઈ.નું કરાયું લોકાર્પણ



### "અમુલ એઆઈ" થકી પશુપાલકોને દુધના ફેટ, એસએનએફ અને દૈનિક હિસાબો મોબાઈલ એપ પર મળશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, આ અમૂલ એ.આઈ. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલ સ્ટોન બનશે.

રાજ્યના ૧૮,૫૦૦થી વધુ ગામડાઓમાં ૩૬ લાખ દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા અને વિશ્વની અગ્રણી સહકારી સંસ્થાની તથા ડેરી બ્રાન્ડની ખ્યાતિ પ્રાપ્ત અમૂલ દ્વારા ખેડૂતથી ટેક્નોલોજી સુધી સહકારને સ્માર્ટ બનાવતી નવિન અમૂલ એ.આઈ. ક્રાંતિનો પ્રારંભ અવસર આણંદમાં યોજવામાં આવ્યો હતો.

વડાપ્રધાને ૨૧મી સદીના અદ્યતન ટેકનોલોજી યુગમાં એ.આઈ. આધારિત વિકાસ માટે અનેક પહેલો હાથ ધરી છે. સરકાર, સહકાર અને ટેકનોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી ગઈ છે તેને હવે એ.આઈ. વધુ સંગીન બનાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનએ હંમેશા નાના માણસો, ગ્રામીણ ખેડૂતો, પશુપાલકોનું હિત વિચારીને તેમને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનો જ ધ્યેય રાખ્યો છે. તેમના નેતૃત્વમાં ત્રણ કર્તવ્ય પર આધારિત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં પણ દૂધ ઉત્પાદકોના હિતને કેન્દ્રમાં રાખીને અનેક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.

એટલું જ નહીં, ડેરી ઈકો સિસ્ટમને મજબૂત કરવા ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે વિશેષ ફંડની પણ કેન્દ્રીય બજેટમાં જોગવાઈ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઈ.ટી. સિસ્ટમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઈન્ટીગ્રેટ કરીને હવે અમૂલ એ.આઈ.થી એડવાન્ટેજ ઈન્ડિયા માટે સજ્જ થયું છે.

વડાપ્રધાનના વિઝનથી તાજેતરમાં અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડિલ ડેરી ક્ષેત્ર માટે લાભદાયી થશે. તેનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ અંગેની વિસ્તૃત ભૂમિકા આપતા કહ્યું કે, આ ડીલમાં ડેરી

(અનુ. આઠમા પાને)

# જનઆરોગ્ય સાથે ચેડા કરતા પાણીના જગના ૪૭ એકમો સીલ કરતું કોર્પોરેશન

## પાણીના જગ કે કેરબા વેંચતા ઉત્પાદકો પાણીના શુદ્ધિકરણ માટે ક્લોરિનનો ઉપયોગ ખૂબ જ ઓછી માત્રામાં કરતા હતાઃ સેમ્પલમાં બેક્ટેરિયાનું પ્રમાણ પણ વધુ આવતા આકરી કાર્યવાહીઃ અન્ય છ પણ સીલ કરાશે





**અબતક, રાજકોટ**

પાણીજન્ય રોગચાળો ફાટી ન નીકળે તે માટે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા આજે શહેરભરમાં બરફના કારખાનામાં પાણીના જગના વિતરકોને ત્યાં વ્યાપક ચેકીંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ફિલ્ટર વોટરના ૪૭ એકમોને સીલ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. આ તમામ સ્થળે ફિલ્ટર વોટર આરોગ્યની દ્રષ્ટિએ પીવાલાયક ન હતું. તેમાં એમપીએન કાઉન્ટ પણ વધારે માત્રામાં મળી આવ્યા હતા. ક્લોરિનનો ઉપયોગ કરવામાં આવતો ન હતો. પાણીમાં બેક્ટેરિયાનું પ્રમાણ પણ વધુ માત્રામાં મળી આવતા કાર્યવાહી કરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા બરફના કારખાના અને પાણીના જગ વિતરણ કરતા ૯૧ ધંધાર્થીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. પાણીના સેમ્પલ લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ૯૧ પૈકી માત્ર ૯ પાણીના સેમ્પલના પરિણામ એક્સેલન્સ આવ્યા હતા. જ્યારે ૧૧ સેમ્પલનું પરિણામ સેટીસફેટ્રી આવ્યું હતું. જ્યારે ૧૬ નમૂનાના સેમ્પલ સસ્પીસીયસ આવ્યું હતું અને ૫૫ સેમ્પલના રિઝલ્ટ અન સેટીસફેટ્રી આવ્યા હતા. પરિક્ષણમાં એમપીએન કાઉન્ટમાં કોલીફોર્મ કાઉન્ટ ૧૦૦ મીલી પાણીમાં શૂન્ય આવે તો તેને એક્સલેન્સ માનવામાં આવે છે. જ્યારે ૧ થી ૩ને સેટીસફેટ્રી, ૪ થી ૯ને સસ્પીસીયસ અને ૧૦ થી વધુ હોય અન સેટીસફેટ્રી ગણવામાં આવે છે. ૫૫ એકમોમાંથી લેવામાં આવેલા પાણીના સેમ્પલ આરોગ્યની દ્રષ્ટિએ અયોગ્ય લાગતા ધી જીપીએમસી એક્ટની કલમ ૩૭૬/એ અન્વયે સીલ કરવાની મંજૂરી મેળવવામાં આવી હતી. કુલ ૪૭ એકમો સીલ કરી દેવામાં આવ્યા છે. જ્યારે બાકીના એકમો સીલ કરવાની કામગીરી કરવામાં આવશે. આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે.

આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણીએ જણાવ્યું હતું કે પાણીના જગના વિતરકો અને બરફના

(અનુ. આઠમા પાને)

# ધો.૧૦-૧૨ની પરીક્ષાનો એક્શન પ્લાન જાહેરઃ ગત વર્ષ કરતા ૧ લાખ વિદ્યાર્થીઓ વધ્યાં

## ૨૬ ફેબ્રુઆરીથી ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થી પરીક્ષા આપશે સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ ૭૭,૩૭૭ વિદ્યાર્થી વધ્યા

## ધો.૧૦માં ૯,૦૭,૧૭૫ વિદ્યાર્થીઓ, ધો.૧૨ સાયન્સમાં ૧,૧૯,૨૬૩ અને સામાન્ય પ્રવાહમાં ૫,૦૧,૨૮૬ વિદ્યાર્થીઓ નોંધાયા

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૬મી ફેબ્રુઆરીથી લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટેનો એક્શન પ્લાન જાહેર કરી દેવાયો છે. એક્શન પ્લાનમાં જાહેર કરવામાં આવેલી આંકડાકીય વિગતો પ્રમાણે ચાલુ વર્ષ ૧૫.૨૮ લાખથી વધુ વિદ્યાર્થી આ બન્ને પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. આ સિવાય સંસ્કૃત, પ્રથમા અને મધ્યમાના ૧૩૪૧ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપવા માટે નોંધણી કરાવી છે. ગત વર્ષ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ કરતાં ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં અંદાજે ૧ લાખ જેટલો વધારો થયો છે. ગત વર્ષે ૧૪.૨૮ લાખ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. ચાલુ વર્ષે રાજ્યના જિલ્લા અને તાલુકા કક્ષાના કુલ ૫૩,૭૬૪ બ્લોકમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૬મી ફેબ્રુઆરીથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે આ પરીક્ષા ૧૮મી માર્ચ સુધી ચાલુ રહેશે. એક્શન પ્લાનમાં જાહેર આંકડાકીય વિગતો પ્રમાણે બોર્ડની પરીક્ષા માટે કુલ ૧૫,૨૭,૭૨૪ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. જે પૈકી ધો.૧૦માં કુલ ૯,૦૭૧૭૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં પણ નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૭,૬૯,૯૯૪ અને ખાનગી ૧૯૮૨૫ અને ૭૦૭૦૨ રીપીટર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૫,૦૧૨૮૬ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. આજ રીતે ધો.૧૨ સાયન્સમાં ૧,૧૯,૨૬૩ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે જેમાં ૧,૧૧,૨૯૪ નિયમિત, ૭૬૯૦ રીપીટર અ ૨૭૯ પૃથ્થક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ કે, ચાલુવર્ષે ૭૩૬૩ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપવા માટે નોંધણી કરાવી છે. જેમાં ધો.૧૦માં સૌથી વધારે ૪૮૭૭ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૨૯૨ અને ધો.૧૨ સાયન્સમાં ૧૯૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. પરીક્ષાનું આયોજન કરવા માટે બોર્ડ દ્વારા કુલ ૧૭૦૧ કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે. ધો.૧૦ની પરીક્ષા માટે ૮૭ ઝોનના ૧૦૦૬ કેન્દ્ર અને ૩૨૪૩ બિલ્ડિંગના ૩૧૦૦૧ બ્લોકમાં પરીક્ષા લેવામાં આવશે. આ જ રીતે ધો.૧૨માં ૫૯ ઝોનમાં ૬૯૫ કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૩૯ કેન્દ્રના ૧૭૨૮ બિલ્ડિંગના ૧૬૬૬૪ બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આજ રીતે ધો.૧૨ સાયન્સમાં ૧૫૬ કેન્દ્રના ૫૯૪ બિલ્ડિંગના ૬૦૯૯ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે ગણતરી કરીએ તો ધો.૧૦માં ૪,૯૮,૩૦૫ વિદ્યાર્થીઓની સામે ૪,૦૮,૮૭૦ વિદ્યાર્થિનીની નોંધણી થઈ છે. આજ રીતે ધો.૧૨ સામાન્યમાં ૬૨,૬૦૯ વિદ્યાર્થીઓની સામે ૫૬,૬૫૪ વિદ્યાર્થિનીઓએ નોંધણી કરાવી છે. આજ રીતે સામાન્ય પ્રવાહમાં ૨,૬૧,૬૯૭ વિદ્યાર્થીઓ અને ૨,૩૯,૫૮૯ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. એક્શન પ્લાનની સાથે જ પરીક્ષા કેન્દ્રો પર કેવા પ્રકારની વ્યવસ્થા રાખવી, વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન કઈ વસ્તુ ન લઈ જવી, સ્કૂલો અને ઝોનલ કચેરીઓએ કેવી તકેદારી રાખવી તે સહિતની ગાઈડલાઈન પણ જાહેર કરી દેવામાં આવી છે.

### ધો.૧૦ અને ૧૨માં કુલ ૯૯ કેદીઓ પરીક્ષા આપશે

ધો.૧૦માં કુલ ૫૯ અને ધો.૧૨માં કુલ ૪૦ કેદીઓ પરીક્ષા આપશે. જિલ્લા પ્રમાણે જોઈએ તો અમદાવાદ જિલ્લામાં ધો.૧૦માં ૩૦ અને ધો.૧૨માં ૧૫ કેદીઓ પરીક્ષા આપશે. જેના માટે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આજ રીતે વડોદરામાં ધો.૧૦માં ૧૦ અને ધો.૧૨માં ૭ કેદીઓ, રાજકોટમાં ધો.૧૦માં ૬ અને ધો.૧૨માં ૬ કેદીઓ પરીક્ષા આપશે. સુરતમાં ધો.૧૦માં ૧૩ અને ધો.૧૨માં ૧૨ કેદીઓ પરીક્ષા આપશે. જેની બેઠક વ્યવસ્થા લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે કરવામાં આવશે. ગતવર્ષે કુલ ૧૧૩ કેદીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી.